BAOU
Education
for All

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

**પ્રથમ વર્ષ BA - અર્થશાસ્ત્ર**
**પેપર - ૨**
**(મુખ્ય તથા ગૌણ)**
**ECOM 102/ ECOS 102**
**ભારતીય અર્થતંત્રનો પરિચય**



## ભારતીય અર્થતંત્રની સમસ્યા જનસંખ્યા,ગરીબી અને બેરોજગારી

5

# સ્વાધ્યાયનું અજવાળું

ભારતના સંવિધાનના સર્જક, ભારતરત્ન ડૉ. બાબાસાહેબ આંબેડકરની પાવન સ્મૃતિમાં ગરવા ગુરવા ગુજરાતમાં, ગુજરાત સરકારશ્રીએ ઇ.સ. ૧૯૯૪માં યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશ અને ડિસટન્સ એજ્યુકેશન કાઉન્સિલની માન્યતા મેળવી અમદાવાદમાં ગુજરાતના એકમાત્ર મુક્ત વિશ્વવિદ્યાલય ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની સ્થાપના કરી છે.

ડૉ. બાબાસાહેબ આંબેડકરની ૧૨૫મી જન્મજયંતિના અવસરે જ ગુજરાત સરકાર દ્વારા યુનિવર્સિટી માટે અદ્યતન સગવડતા સાથે, શાંત જગ્યા મેળવી, જ્યોતિર્મય પરિસરનું નિર્માણ કરી આપ્યું. BAOU ના સત્તામંડળે પણ યુનિવર્સિટીના આગવા ભવિષ્ય માટે ખૂબ સહયોગ આપ્યો, આપતા રહે છે.

શિક્ષણ એટલે માનવમાં થતું મૂડીરોકાણ, શિક્ષણ લોકસમાજની ગુણવત્તા સુધારવામાં અધિક ફાળો આપી શકે છે. અહીં મને સ્વામી વિવેકાનંદનું શિક્ષણ વિષયક દર્શન યાદ આવે છેઃ

'જેનાથી ચારિત્ર્યનું ઘડતર થાય, જેનાથી માનસિક ક્ષમતાનું નિર્માણ થાય, જેનાથી બૌદ્ધિક વિકાસ સાધી શકાય અને જેના થકી વ્યક્તિ પગભર બની શકે તેને શિક્ષણ કહેવાય'

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી શિક્ષણમાં આવા ઉમદા વિચારને વરેલી છે. તેથી વિદ્યાર્થીઓને ગુણવત્તાયુક્ત, વ્યવસાયલક્ષી, જીવનલક્ષી, શિક્ષણની સગવડ ઘરે બેઠા મળી રહે એવા પ્રયત્નો મક્કમ બની કરે છે. બહોળા સમાજના લોકોને ઉચ્ચશિક્ષણ પ્રાપ્ત થાય, છેવાડાના માણસોને ઉત્તમ કેળવણી એમના રોજિંદા કામો કરતા પ્રાપ્ત થતી રહે. વ્યવસાયિક લોકોને આગળ ભણતરની ઉત્તમ તક સાંપડે અને જીવનમાં પોતાની ક્ષમતાઓ, કૌશલ્યોને પ્રગટ કરી સારી કારકિર્દી ઘડે, સ્વાવલંબી બની ઉત્તમ જીવન જીવતાં સમાજ અને રાષ્ટ્રનિર્માણમાં પોતાનું પ્રદાન આપે એ માટે પ્રયાસરત છે.

'સ્વાધ્યાયઃ પરમં તપઃ' સૂત્રને ઓપન યુનિવર્સિટીએ કેન્દ્રમાં રાખીને અહીં પ્રવેશ કરતા છાત્રોને સ્વઅધ્યયન માટે સરળતાથી સમજાય એવો ગુણવત્તાલક્ષી શૈક્ષણિક અભ્યાસક્રમ ઉપલબ્ધ કરાવી આપે છે. દરેક વિષયના પાયાની સમજણ મળે તેની કાળજી રાખવામાં આવે છે. વિદ્યાર્થીઓને રસ પડે અને રુચિ કેળવાય તેવા પાઠ્યપુસ્તકો નિષ્ણાત અધ્યાપકો દ્વારા તૈયાર કરવામાં આવે છે. દૂરવર્તી શિક્ષણ પ્રાપ્ત કરવા ખેવના રાખતા કોઈ પણ ઉંમરના છાત્રાને માટે અભ્યાસસામગ્રી તૈયાર કરવા માટે શિક્ષણવિદો સાથે પરામર્શ કરવામાં આવે છે. એ પછી જ માળખું રચી, અભ્યાસસામગ્રી તૈયાર કરી પુસ્તક સ્વરૂપે છાત્રોના કરકમળોમાં આપે છે. જેનો ઉપયોગ કરીને વિદ્યાર્થીઓ સંતોષપ્રદ અનુભવ કરી શકે છે.

યુનિવર્સિટીના તજ્જ્ઞ અધ્યાપકો ખૂબ કાળજીથી આ અભ્યાસક્રોનું લેખન કરે છે. વિષય નિષ્ણાત પ્રોફેસરો દ્વારા એમનું પરામર્શન થયા પછી જ પરિણામલક્ષી અભ્યાસ સામગ્રી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને પહોંચે છે. ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી જ્ઞાનનું કેન્દ્રબિંદુ બની રહી છે. વિદ્યાર્થીઓને 'સ્વાધ્યાય ટેલિવિઝન', 'સ્વાધ્યાય રેડીયો' જેવા દૂરવર્તી ઉપાદાનો થકી પણ એમના ઘરમાં શિક્ષણ પહોંચાડવાનો પુરુષાર્થ થઈ રહ્યો છે. ઉમદા હેતુ, શ્રેષ્ઠ ધ્યેયને આંબવા પરિશ્રમરત યુનિવર્સિટીના જ્ઞાનની પરબસમા અધ્યાપકો તેમજ કર્મઠ કર્મચારીગણને અભિનંદન અને અમારી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ સફળ થવા ખૂબ મહેનત કરી, જીવન સફળ કરવાની સાથે જીવન સાર્થક કરે એવી પરમેશ્વરને પ્રાર્થના કરું છું.

અસ્તુ !


**કુલપતિશ્રી**

**ડૉ. અમીબેન ઉપાધ્યાય,**

*ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,*

*જ્યોતિર્મય પરિસર સરખેજ-ગાંધીનગર હાઈવે, છારોડી, અમદાવાદ.*

| | |
|---|---|
| **વિષય સમિતિ** | |
| ડૉ. કૃતિ છાયા | આસિસ્ટન્ટ પ્રોફેસર, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ |
| ડૉ. ગીતા પંડ્યા | પ્રિન્સિપાલ, સરકારી વિનયન કોલેજ, કે. કે. શાસ્ત્રી એજ્યુકેશન કેમ્પસ, મણિનગર, અમદાવાદ |
| ડૉ. તુષાર હાથી | એસોસિએટ પ્રોફેસર, કુલપતિ (ઇન્ચાર્જ) નિવૃત્ત, કે. એસ. કે.વી. કચ્છ યુનિવર્સિટી, ભુજ, કચ્છ |
| **લેખન** | |
| શ્રી જીવરાજ ઝાંપડીયા | આસિસ્ટન્ટ પ્રોફેસર અર્થશાસ્ત્ર, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ |
| ડૉ. કૈલાશ ભોયે | આસિસ્ટન્ટ પ્રોફેસર અર્થશાસ્ત્ર વિભાગ, ગૂજરાત વિદ્યાપીઠ, રાધેજા, ગાંધીનગર. |
| **પરામર્શન (વિષય)** | |
| ડૉ. હસમુખ દેસાઈ | પ્રોફેસર અને હેડ, અર્થશાસ્ત્ર વિભાગ, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ |
| ડૉ. કલ્પના સતીજા | એસોસિએટ પ્રોફેસર, અર્થશાસ્ત્ર વિભાગ, કે. એસ. કે.વી. કચ્છ યુનિવર્સિટી, ભુજ, કચ્છ |
| ડૉ. મંજુલા લક્ષ્મણ | એસોસિએટ પ્રોફેસર, અર્થશાસ્ત્ર વિભાગ, ગુજરાત વિદ્યાપીઠ |
| ડૉ. જી. ડી. ત્રિપાઠી | પ્રિન્સિપાલ, સી. એન. આર્ટસ એન્ડ બી. ડી. કોમર્સ કોલેજ, કડી, મહેસાણા |
| ડૉ. ઈલા જયદેવ | એસોસિએટપ્રોફેસર, એલ. ડી. આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, અમદાવાદ |
| પ્રો. ડૉ. પી. જી. મારવાણીયા | પ્રોફેસર અને હેડ, અર્થશાસ્ત્ર વિભાગ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ |
| ડૉ. રોહિત દેસાઈ | ડી. ડી. ઠાકર આર્ટ્સ એન્ડ કે. જે. પટેલ કૉમર્સ કૉલેજ, ખેડબ્રહ્મા |
| **પરામર્શન (ભાષા)** | |
| ડૉ. જાગૃતિ મહેતા | ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ |
| ડૉ. જીતલ રાઠોડ | ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ |
| **સંપાદન** | |
| પ્રો. ડૉ. અમી ઉપાધ્યાય | નિયામક, સ્કૂલ ઓફ હ્યુમેનિટીઝ એન્ડ સોસિયલ સાયન્સીસ ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ |
| ડૉ. કૃતિ છાયા | આસિસ્ટન્ટ પ્રોફેસર, અર્થશાસ્ત્ર, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ |
| શ્રી જીવરાજ ઝાંપડીયા | આસિસ્ટન્ટ પ્રોફેસરઅર્થશાસ્ત્ર, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ |
| **પ્રકાશક** | |
| ડૉ. મહેશપ્રસાદ ત્રિવેદી | કુલસચિવ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ |

**ISBN : 978-93-89456-08-0**



## : સર્વાધિકાર સુરક્ષિત :

આ પાઠ્યપુસ્તક ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના ઉપક્રમે વિદ્યાર્થીલક્ષી સ્વ-અધ્યયન હેતુથી દૂરવર્તી શિક્ષણના ઉદ્દેશને કેન્દ્રમાં રાખી તૈયાર કરવામાં આવેલ છે. જેના સર્વાધિકાર સુરક્ષિત છે. આ અભ્યાસક્રમ-સામગ્રીનો કોઈ પણ સ્વરૂપમાં ધંધાદારી ઉપયોગ કરતાં પહેલાં ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની લેખિત પરવાનગી લેવાની રહેશે.

This publiation is made available under a Creative Commons Attribution-NonCommercial-ShareAlike 4.0 International (CC BY-NC-SA 4.0) https://creativecommons.org/licenses/by-nc-sa/4.0/

All rights reserved. No part of this work may be reproduced in any form, by mimeograph or any other means without permission in writing from Dr. Babasaheb Ambedkar Open University, Ahmedabad. While all efforts have been made by editors to check accuracy of the content, the representation of facts, principles, descriptions and methods are that of the respective module writers. Views expressed in the publication are that of the authors, and do not necessarily reflect the views of Dr. Babasaheb Ambedkar Open University. All products and services mentioned are owned by their respective copyrights holders, and mere presentation in the publication does not mean endorsement by Dr. Babasaheb Ambedkar Open University. Every effort has been made to acknowledge and attribute all sources of information used in preparation of this learning material. Readers are requested to kindly notify missing attribution, if any.

BAOU Education for All

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

# ECOM 102/ ECOS 102

# ભારતીય અર્થતંત્રનો પરિચય

વિભાગ

# 5

## ભારતીય અર્થતંત્રની સમસ્યા : જનસંખ્યા, ગરીબી અને બેરોજગારી


એકમ-15 ભારતની જનસંખ્યા

એકમ-16 ભારતીય અર્થતંત્રની સમસ્યા : ગરીબી

એકમ-17 ભારતીય અર્થતંત્રની સમસ્યા : બેરોજગારી

# *વિભાગ પરિચય*

## 5 ભારતીય અર્થતંત્રની સમસ્યા : જનસંખ્યા, ગરીબી અને બેરોજગારી

**એકમ: 15** વસ્તીની પરિભાષા, ભારતમાં જનગણના, ભારતમાં વસ્તી, વસ્તી વધારાના કારણો, ભારતીય વસ્તીના લક્ષણો, જન્મદર અને મૃત્યુદર, વસ્તી ગીચતા, વયજૂથ, સ્ત્રી-પુરુષ પ્રમાણ

**એકમ:16** ગરીબીની વિભાવના, સાપેક્ષ અને નિરપેક્ષ ગરીબી, આવક ગરીબી અને માનવ ગરીબીનો ખ્યાલ, ગરીબી રેખાનો ખ્યાલ, ભારતમાં ગરીબી માપન, ભારત અને ગુજરાતમાં ગરીબીનું પ્રમાણ, ગરીબીના કારણો અને ઉપાયો

**એકમ:17** બેરોજગારીનો અર્થ, માપન, ભારતમાં બેરોજગારીનું પ્રમાણ, બેરોજગારીના કારણો અને નિવારણના ઉપાયો

એકમ 15

# ભારતની જનસંખ્યા

## : રૂપરેખા :

15.0 ઉદ્દેશો

15.1 પ્રસ્તાવના

15.2 વસ્તીની પરિભાષા

15.3 ભારતમાં જનગણના

15.3.1 ભારતમાં જનગણનાનું મહત્ત્વ

15.4 ભારતમાં વસ્તી

15.4.1 ભારતમાં વસ્તી વધારાનાં કારણો

15.5 ભારતીય વસ્તીના લક્ષણો

15.5.1 ઊંચો જન્મદર અને મૃત્યુદર

15.5.2 વસ્તી ગચીતા

15.5.3 વયજૂથ બંધારણ

15.5.4 શહેરી વસ્તીનું પ્રમાણ

15.5.5 સ્ત્રી-પુરુષ પ્રમાણ

15.5.6 શિક્ષણનું પ્રમાણ

15.6 સારાંશ

15.7 ચાવીરૂપ શબ્દો

15.8 તમારી પ્રગતિ ચકાસો

15.9 સંદર્ભગ્રંથ

## 15.0 ઉદ્દેશો :

આ એકમનો અભ્યાસ કર્યા પછી તમે નીચેની બાબતો જાણી શકશો :

- ભારતમાં વસ્તીનું પ્રમાણ કેટલું છે ?
- ભારતમાં જનગણના ક્યારે અને કેવી રીતે થાય છે તથા તેના હેતુઓ કયા કયા છે ?
- ભારતની વસ્તી કેવી છે અને તે કેવા પ્રકારના લક્ષણો ધરાવે છે ?
- ભારતની વસ્તી ભારત માટે બોજારૂપ છે કે વસ્તી સંપત્તિ છે.

## 15.1 પ્રસ્તાવના :

સમગ્ર વિશ્વની અને ખાસ કરીને વિકાસશીલ દેશોની વસ્તીમાં થયેલા તીવ્ર વધારાથી આજે સૌ કોઈ ચિંતિત છે. આજે વિશ્વની વસ્તી સાત અબજથી વધારે છે.

આજે વિશ્વની વસ્તીના 80 ટકા લોકો એશિયા, આફ્રિકા અને લેટિન અમેરિકામાં વસવાટ કરે છે. આ દેશોમાં વ્યાપક પ્રમાણમાં ગરીબી. અપૂરતા પોષણ, બેકારી અને આરોગ્યના અભાવના કારણે અનેક અસમસ્યાઓ જોવા મળે છે. તેથી વિકસતા દેશોમાં વસ્તીવૃદ્ધિના ઊંચા દરોને લીધે આર્થિક વિકાસ પર પ્રતિકૂળ અસરો જોવા મળે છે. બધા જ દેશો પર આ અસરો એક સ્વરૂપની અને તીવ્રતામાં સરખી હોય તેવુ નથી. જ્યારે જે દેશ કે પ્રદેશમાં શ્રમનો પૂરવઠો ઓછો હોવાના લીધે

આર્થિક વિકાસ અવરોધાતા હોય ત્યાં વસ્તીવૃદ્ધિનો ઊંચોદર આથિક વિકાસને સહાયક બનેલો જોવા મળે છે. પરંતું ભારતના સદર્ભમાં વસ્તી-વૃદ્ધિનો ઊંચોદર અને આર્થિક અને સામાજિક સમસ્યાઓનું સર્જન કરેલ છે. જેના લીધેથી આર્થિક વિકાસની ગતિને ઝડપી બનાવી શક્યા નથી.

## 15.2 વસ્તી એટલે શું

વિલિયમ પીટરસન તથા હોસર અને ડંકન જેવા લેખકોએ વસ્તીશાસ્ત્ર તથા વસ્તી અભ્યાસ વચ્ચે તફાવત દર્શાવ્યો છે. વસ્તી શાસ્ત્રોનું અર્થઘટન સંકુચિત રીતે થાય છે. જ્યારે વસ્તીના અભ્યાસમાં આ ઉપરાંત આથિક, સામાજિક, ભૌગોલિક, રાજકીય એમ જીવશાસ્ત્રીય ઘટનાઓનો તથા તેમની વચ્ચેના આંતરસંબધોનો પણ અભ્યાસ કરવામાં આવે છે.

ટૂંકમાં એક એક ચોંક્કસ ભૌગોલિક વિસ્તારમાં રહેતા નિવાસીઓને 'વસ્તી' તરીકે ઓળખાય છે.

આમ એક ચોક્કસ વિસ્તારમાં નિવાસ કરતાં કુલ લોકો વસ્તી તરીકે ગણવામાં આવે છે. દા.ત. એક ગામમાં રહેતા લોકો તે 'ગામની વસ્તી' તરીકે ઓળખાય છે. તેમ રાજ્ય અને રાષ્ટ્રમાં રહેતા લોકોને તે 'રાજ્ય' અને 'રાષ્ટ્રની વસ્તી' તરીકે ઓળખાય છે.

## 15.3 ભારતમાં વસ્તી ગણતરી

પ્રો. વી. એમ દાંડેકર વસ્તી ગણતરીની વ્યાખ્યા આપતાં જણાવે છે કે દેશના કે દેશના અમુક ચોક્કસ ભાગમાં વસતા તમામ લોકો વિશેની વસ્તી-વિષયક. સામાજિક-આર્થિક માહિતીનું એકત્રીકરણ ગોઠવણી, મૂલ્યાંકન, પૃથીકરણ અને પ્રકાશન કરવાની સંપૂર્ણ પ્રક્રિયાને વસ્તી ગણતરી તરીકે ઓળખવામાં આવે છે.

ભારતમાં સૌ પ્રથમ વસ્તી ગણતરી 1871માં થઈ હતી. પરંતુ તે અપૂરતી હતી. કારણ કે તેમાં બધાં રાજ્યોની વસ્તી ગણતરી એકી સમયે કરવામાં આવી ન હતી. ત્યાર બાદ 1881માં બીજી વસ્તી ગણતરી કરવામાં આવી અને તે એકી સાથે બધાં રાજ્યોમાં કરવામાં આવેલી. પરંતુ આ બન્ને વખતની વસ્તી ગણતરીમાં ચોક્કસ આંકડડાને બદલે અંદાજો પર વધુ આધાર રાખવામાં આવ્યો હતો. આથી તેના આંકકડાઓ આધારભૂત ગણાતા ન હતા. 1891માં સંપૂર્ણપણે દાયકાની વસ્તી ગણતરીની કામગીરી હાથ ધરવામાં આવી અને ત્યાર પછીથી પ્રત્યેક દસ વર્ષે વસ્તી ગણતરી કરવામાં આવે છે.

સ્વાતંત્ર્યપ્રાપ્તિ બાદ 1948ના વસ્તી ગણતરીના કાયદા (Census Act) હેઠળ વસ્તી ગણતરીનું કાર્ય તથા 1968ના જન્મ અને મૃત્યુ અંગેના નોંધણી કાયદા હેઠળ નોંધણીનું કાર્ય હાથ ધરવામાં આવે છે.

સ્વતંત્રતાપ્રાપ્તિ બાદ સૌથી પહેલી વસ્તી ગણતરી 1951માં હાથ ધરવામાં આવી હતી અને ત્યાર બાદ 1961, 1971, 1981, 1991, 2002 અને 2011 માં વસ્તી ગણતરી કરવામાં આવી છે. તાજેતરનાં વર્ષોમાં વસ્તી ગણતરીની કામગીરીને ઉત્તરોત્તર વધુ વ્યવસ્થિત, વૈજ્ઞાનિક અને તાર્કિક બનાવવાના પ્રયાસ થાય છે.

### 15.3.1 વસ્તી ગણતરીનું મહત્ત્વ

1 **વસ્તીનું કુલ કદ, વસ્તીવૃદ્ધિનો દર તથા જન્મદર અને મૃત્યુદર જાણી શકાય.**

વસ્તી ગણતરીની મદદથી દેશમાં કુલ વસ્તીનું કદ તથા અમુક સમયગાળામાં દા.ત. દસ વર્ષમાં વસ્તી-વૃદ્ધિનો દર કેટલો રહેશે. તેમાં વધારો થયો કે ઘટાડો થયો અને તે વધારા-ઘટાડાથી દેશના અર્થતંત્ર પર કેવા પ્રકારની અસરો પેદા થશે તે જાણી શકાય છે. આમ વસ્તી વિષયક માહિતી આર્થિક નીતિના ઘડતરમાં ખૂબ જ ઉપયોગી નીવડે છે.

2 **વસ્તીશાસ્ત્રીય અભ્યાસો માટે ઉપયોગો.**

વસ્તી ગણતરી અંગેનું માહિતી વસ્તી શાસ્ત્રીય અભ્યાસો, સર્વેક્ષણો અને સંશોધન માટે ઉપયોગી છે. દા.ત.ગ્રામ-શહેર સ્થળાંતર, વસ્તીના કદમાં પ્રાદેશિક અસમતુલા. શહેરીકરણ, વસ્તી

અને આર્થિક વિકાસ, વસ્તી અને સામાજિક સમસ્યાઓ, વસ્તી વૃદ્ધિ અને પ્રદૂષણ, વસ્તી અને પર્યાવરણ વગેરેના અભ્યાસો અને સંશોધન માટે વસ્તી અંગેની માહિતી મળી રહે છે.

**3 વહીવટી કાર્ય માટે ઉપયોગી.**

તાલુકાઓ, જિલ્લાઓ અને રાજ્યોની રચના કરતી વખતે વસ્તીનું કદ ખાસ ધ્યાનમાં લેવામાં આવે છે.

મતદાર મંડળોની રચના વસ્તીને આધારે કરવામાં આવે છે.

નાણાંપંચો તરફથી રાજ્યોને કેન્દ્રીય કરવેરામાંથી હિસ્સો આપવાની ભલામણ કરતી વખતે વસ્તીને એક માપદંડ તરીકે ગણવામાં આવે છે.

**4 આર્થિક-સામાજિક આયોજન માટે ઉપયોગો.**

દેશના લોકોની આર્થિક સ્થિતિ, બેરોજગારીનું પ્રમાણ, ગરીબાઈનું પ્રમાણ, સામાજિક સ્થિતિ, કુટુંબોની સંખ્યા, કુટુંબ કદ, સરેરાશ અપેક્ષિત આયુષ્ય, સાક્ષરતાનું પ્રમાણ વગેરેની માહિતી વસ્તી ગણતરી પરથી મળી રહે છે. આ બધી જ માહિતી અને આંકડા દેશનું આર્થિક, સામાજિક આયોજન કરવામાં અત્યંત ઉપયોગી નીવડે છે. પંચવર્ષીય યોજનાઓનું ઘડતર, યોજના હેઠળ કૃષિ-વિકાસ, ઔદ્યોગિક વિકાસ, પ્રદૂષણ નિવારણ, કુટુંબ નિયોજન વગેરે કાર્યક્રમો અને તેને માટે જરૂરી નાણાંકીય ફાળવણી વગેરે વસ્તી અંગેની આધારભૂત માહિતી પરથી મળી રહે છે.

**5 પરિવર્તનના પ્રવાહને જાણવા માટે ઉપયોગો.**

વસ્તીનાં વિવિધ પાસાં અંગે કેવા પરિવર્તનો થઈ રહ્યાં છે. તેની જાણકારી વસ્તી ગણતરીના અભ્યાસ પરથી મળી શકે છે. જન્મદર, મૃત્યુદર, બાળ મૃત્યુદર, જન્મ સમયે આયુષ્યની ધારણા, સ્ત્રી-પુરુષનું પ્રમાણ, વસ્તીની ગીચતા, વસ્તીનું વય-બંધારણ, સાક્ષરતાનું પ્રમાણ, ગ્રામ શહેરી વસ્તીનું પ્રમાણ, વસ્તીની વ્યવસાયલક્ષી વિભાજન, વગેરેમાં થઈ રહેલાં અને ભવિષ્યમાં થનાર પરિવર્તનો અંગેની માહિતી વસ્તી ગણતરી પરથી મળી રહે છે. ભાવિ આયોજન માટે માર્ગદર્શન પુરું પાડે છે.

**6 સામાજિક સમસ્યાઓના નિવારણ માટે ઉપયોગી**

વસ્તી-ગણતરી પરથી દેશની સામાજિક સમસ્યાઓનું ચિત્ર પ્રાપ્ત થાય છે. દા.ત. શહેરી વસ્તીનું કદ, શહેરી પ્રદૂષણ, શારીરિક ખોડખાંપણવાળી વ્યક્તિઓની સંખ્યા, બાળ અને સ્ત્રી મરણનું પ્રમાણ વગેરે સમસ્યાઓ વિશેની આધારભૂત માહિતી ની વસ્તી ગણતરી પરથી મળી રહે છે. આ મહિતીને આધારે આ સમસ્યાઓના નિવારણ માટે નીતિવિષયક પગલાં લેવાનું સરળ બને છે.

ટૂંકમાં, વસ્તી ગણતરી એ વસ્તી-વિષયક માહિતી પૂરી પાડતો એક અત્યંત મહત્ત્વનો સ્રોત છે.

## 15.4 વસ્તી વધારાના કારણો :

**1 જન્મદર અને મૃત્યુદર વચ્ચેનો વધતો તફાવત**

વસ્તી વધારાનું મહત્ત્વ એક કારણ જન્મદર અને મૃત્યુદર વચ્ચેનાં અંતર છે. દેશના વિકાસના પ્રાથમિક તબક્કામાંથી અર્થતંત્રનું સંક્રમણ મધ્યમ તબક્કામાં થાય ત્યારે લોકોનું જીવનધોરણ સુધરે છે. અન્ન પ્રાપ્તિનું પ્રમાણ અને ખોરાકની ગુણવતમાં સુધરે છે વિજ્ઞાન અને તંત્રવિદ્યાની નવી શોધોને લીધે રોગો પર કાબૂ આવવાથી મૃત્યુદરમાં નોંધપાત્ર ઘટાડો થાય છે. પરંતું સામાજિક મૂલ્યો હજુ બદલાયાં ન હોવોને લીધે જન્મદરમાં નોંધપાત્ર ઘટાડો થતો નથી. આ પરિસ્થિતિને ઘણીવાર ''વસ્તી વિસ્ફોટ'' ના નામે ઓળખવામાં આવે છે. સ્થિર અને નીચા વસ્તીવૃદ્ધિ દરમાંથી અસ્તિર અને ઊંચા વસ્તીવૃદ્ધિ દરમાં થતું આ સંક્રમણ છે.

**2 બાળ વિવાહ**

આપણા દેશમાં હજુ બાળ વિવાહ થાય છે. 1931ની વસ્તી ગણતરીના આધારે 72 ટકા વિવાહ 15 વર્ષથી ઓછી ઉંમરે થતા હતા. જ્યારે 34 ટકા વિવાહ માત્ર 10 વર્ષ કે થતી ઓછી ઉંમરે થતા. નાની ઉંમરે લગ્ન થવાથી જન્મ-ક્ષમતાદર વધે છે અને તે વસ્તીવધારા માટે મહત્ત્વનું કારણ બને છે.

**3 નિરક્ષરતા**

પરિવાર નિયોજનમાં શિક્ષણનો સીધો સંબંધ છે. વિવાહના સમયે ઉંમર પ્રતિષ્ઠા, વગેરે સાથે શિક્ષણ સંબંધ ધરાવે છે. જ્યારે સ્ત્રી અને પુરુષ બન્ને શિક્ષિત હોય ત્યારે પરિવાર નિયોજનો તર્ક આસાનીથી સમજી શકે છે. પણ બન્નેમાંથી એક અથવા બન્ને નિરક્ષર હોય ત્યારે તે રૂઢિવાદી હોય છે. એનાથી સ્પષ્ટ થાય છે કે કેરળમાં સાક્ષરતા દર સૌથી વધુ છે ત્યાં જન્મદર પણ સૌથી ઓછો જોવા મળે છે અને જે રાજ્યમાં શિક્ષણનું પ્રમાણ ઓછુ છે ત્યા જન્મદર પણ વધુ જોવા મળે છે. તેના આધારે કહી શકાય કે જેમ શિક્ષણના પ્રમાણમાં વધારો થાય તેમ જન્મદરમાં ઘટાડો થાય છે.

**4 પરિવાર નિયોજન પ્રત્યે ધાર્મિક વિચાર**

જે વ્યક્તિ ધર્મમાં પરંપરાગત અને રુઢિવાદી વિચાર ધરાવે છે. તે પરિવાર નિયોજનના ઉપાયોથી વિરુદ્ધ હોય છે. એવા લોકોની દલીલ હોય છે કે સ્ત્રીના જીવનો ઉદ્દેશ બાળકોને જન્મ દેવાના છે અને એવી માન્યતા ધરાવે છે. કે જો મારા ભાગ્યમાં વધારે બાળકો લખેલા હશે તો થશે. અને નહી હોય તો નહિ થાય માટે તેને ચિંતા કરવાની થતી નથી.

ભારતમાં પણ હિન્દુ અને અન્ય ધર્મોની સાપેક્ષ મુસલમાનોમાં જન્મદર વધું જોવા મળે છે. 1978માં આપરેશન્સ રિસર્ચગ્રૂપ દિલ્હી દ્વારા મુસલમાનો કરેલ સર્વેક્ષણ આધારે પુરુષો અને સ્ત્રી બન્નોને પરિવાર નિયોજની જાણકારી હતી. પરંતુ ધાર્મિક કારણોના કારણે તેના ઉપયોગની વિરુદ્ધમાં હતા. તેથી પરિવાર નિયોજન સ્વીકારવા તૈયાર નથી.

**5 અપર્યાપ્ત માર્ગદર્શન**

ઉચ્ચ વર્ગમાટે મોટા પરિવારમાં કોઈ સમસ્યા હોતી નથી અને નાના વર્ગમાં પણ કમાવાવાળા વ્યક્તિઓ વધારે હોવાની પરિવાર માટે લાભ દાયક હોય છે. એટલા માટે નાના વર્ગના પરિવાર, કુટુંબ નિયોજને વધારે ધ્યાન આપતા નથી. તેમની માર્ગદર્શન માટે તેમની આર્થિક વિકાસ જરૂરી છે. જે તેમની વિચારધારાને બદલવા અને તેને સ્વીકારવા માટે તેના બાળકોના શિક્ષણ અને રહેણીકરણીમાં ઉચ્ચા ભવિષ્યને સુધારેલ છે. મફત પ્રાથમિક શિક્ષણ વિશેષરૂપે છોકરીઓ માટે પ્રાથમિક સ્વાસ્થ્ય સુવિધા અને નવી રોજગારી અપાવવા માટે તાલીમ શિક્ષણ જેવા કાર્યક્રમ જ તેમના નાના પરિવારો માટે માર્ગદર્શનનું સાચું સાધન છે.

**અન્ય કારણો :**

ઘણા ગરીબ પરિવારો વધારે બાળકો પેદા કરે છે એટલે નહીં કે તેને જ્ઞાન નથી પણ તેને તેની આવશ્યકતા છે. તમિલનાડુના એકલા શિવકાશી જિલ્લા માચિસ અને ફટાકડા ઉદ્યોગમાં 75000 બાળ-મજૂરો કામ કરે છે. બીજા રાજ્યોમાં પણ આવી સંખ્યા જોવા મળે છે. જો આવા પરિવારો બાળકોમાં કામ ન કરવા દે તો તેના પરિવારની આવક અટકી જાય છે. આમ વસ્તી વધારા માટે અનેક કારણોમાં જવાબદાર ગણાવી શકાય.

### 15.4.2 ભારતમાં વસ્તીનું પ્રમાણ

યુનાઈટેડ નેશન્સના એક અહેવાલ પ્રમાણે છેલ્લા પચાસ વર્ષમાં વિશ્વની વસ્તી બમણી થઈ ગઈ છે. એક ગણતરી પ્રમાણે પૃથ્વી પર દર સેકન્ડે ચાર બાળકોનો જન્મે છે એ રીતે દરોજ 2,37,211

અને વર્ષ દહાડે 8,65,82,015 નવા લોકો ઉમેરાય છે. પોપ્યુલેશન મીડિયા નામની સંસ્થાની વેબસાઈટ પર વિશ્વની વસ્તીમાં વધારાના આંકડાઓ લાઈવ જોઈ શકાય છે. આ લખાઈ રહ્યું છે. ત્યારે દુનિયાની વસ્તી 7 અબજ 44 કરોડનો આંકડો વટાવી ચૂકી છે.

યુનાઈટેડ નેશન્સ પોપ્યુલેશન ડિવિઝનના આંકડાઓ પ્રમાણે હાલમાં ચીન (1.46 અબજ વસ્તી સાથે) દુનિયાભરમાં વસ્તીમાં પ્રથમ ક્રમે છે. ત્યારબાદ ભારતનો ક્રમ આવે છે. નિષ્ણાતોના મત પ્રમાણે થોડા જ વર્ષોમાં ભારત ચીનને પાછળ છોડીને દુનિયાનો સૌથી વધુ વસ્તી ધરાવતો દેશ બની જશે.

**ભારતમાં વસ્તી પ્રમાણ**

| વર્ષ | વસ્તી (કરોડમાં) | દસકમાં વસ્તી ફેરફાર (કરોડમાં) |
|---|---|---|
| 1901 | 23.8 | + 0.2 |
| 1911 | 25.2 | + 1.4 |
| 1921 | 25.1 | - 0.2 |
| 1931 | 27.9 | + 2.8 |
| 1941 | 31.9 | + 4.0 |
| 1951 | 36.1 | + 4.2 |
| 1961 | 43.9 | + 7.8 |
| 1971 | 54.8 | + 10.9 |
| 1981 | 68.3 | + 13.5 |
| 1991 | 84.6 | + 16.3 |
| 2001 | 102.7 | + 18.1 |
| 2011 | 121.0 | + 18.3 |

ઉપરોક્ત કોષ્ટકના આધારે નીચે મુજબના તારણો દર્શાવી શકાય.

- 1901 થી 1921 સુધીના સમયગાળા દરમિયાન વસ્તીમાં થયેલ વધારો ધીમો અને અનિયમિત હતો. વર્ષ 1901 થી 1911 સુધીના દસકમાં 1.4 કરોડ વસ્તીમાં વધારો થયેલો જોવા મળે છે. જ્યારે 1911 થી 1921ના દસકામાં 0.1 કરોડ વસ્તીનો ઘટાડો થયેલો જોવા માટે છે.
- આ દસકામાં વસ્તીમાં થયેલો ઘટાડો જન્મદરમાં થયેલો ઘટાડો નથી. પરંતુ મૃત્યુદરમાં થયેલો ઘટાડો નહિ. પરંતુ મૃત્યુદરમાં થયેલો વધારો હતો. વારંવાર પડતા દુષ્કાળો, તથા કોલેરા, પ્લેગ, તથા મેલેરિયા વગેરે મહા વિનાશક રોગોના કારણે મૃત્યુ દરમાં વધારો થયેલો જોવા મળે છે.
- 1921 પછી ભારતની વસ્તી-વૃદ્ધિમાં નવો વળાંક જણાય છે. કારણ કે ત્યારબાદ ભારતની વસ્તીમાં એકધારો વધારો થતો જોવા મળે છે. આથી જ વસ્તીવૃદ્ધિની દૃષ્ટિએ 1921ના વર્ષને 'મહાન વિભાજક વર્ષ' તરીકે ઓળખવામાં આવે છે. 1921 બાદ પ્રત્યેક વર્ષમાં વસ્તી વધારો ઉત્તરોત્તર વધારો થતો જોવા મળે છે.
- 1921 થી 1931ના દસકામાં વસ્તીમાં 11.2 ટકાનો વધારો થયો હતો. જ્યારે 1931 થી 1941ના દસકામાં 14.2 ટકા અને 1941 થી 1951ના દસકામાં 13.3 ટકાનો વધારો નોંધાયો હતો.
- 1951માં ભારતમાં આયોજનનો આરંભ થયો. 1951 થી 1961ના દસકામાં દેશની વસ્તીમાં 21.5 ટકાનો વધારો થયો. જ્યારે 1961 થી 1971 દરમિયાન 24.8 ટકાને વસ્તીમાં વધારો થયો છે. ત્યાર બાદ વસ્તી વધારાનો ટકાવારી દરમાં ઘટાડો થયેલો જોવા મળે છે.
- ભારતમાં આયોજનકાળ દરમિયાન 1051 2011ના સમયગાળા દરમિયાન 85 કરોડ વસ્તી વધારો થયેલો જોવા મળે છે.

- હાલમાં ભારતમાં વાર્ષિક વસ્તી વધારો લગભગ 170 લાખ જેટલો ગણવામાં આવે છે. જે ઓસ્ટ્રેલિયાની કુલ વસ્તીની બરાબર છે. એટલે કે આપણે ત્યાં પ્રાપ્તિ વર્ષ એક ઓસ્ટ્રેલિયા જેટલી વસ્તી ઉમેરાય છે.
- 2050ની સાલ સુધીમાં ભારત 164 કરોડની વસ્તી સાથે વિશ્વની સૌથી વધુ વસ્તીવાળો દેશ બનશે ચીનમાં તે વખતે 161 કરોડની વસ્તી હશે.

## 15.5 ભારતીય વસ્તીના લક્ષણો

### 15.5.1 ભારતમાં જન્મદર અને મૃત્યુદર :

જન્મદર એ એક વસ્તી-વધારાનું મહત્ત્વનું પરિબળ છે. વસ્તીમાં કેટલો વધારો થાય છે તે જાણવા માટે જન્મદર વિશેની સમજ ખાસ મહત્ત્વ ધરાવે છે. કોઈ પણ દેશમાં વસ્તી નીતિ નિર્ધારિત કરવામાં જન્મદરના આંકડાઓ ધ્યાનમાં લેવામાં આવે છે.

જન્મદરએ પ્રત્યેક 1000 વ્યક્તિઓની વસ્તીદીઠ વર્ષ દરમિયાન જન્મેલા કુલ બાળકો દ્વારા વસ્તીમાં કેટલો વધારો થાય છે તે જાણવાનું માપ છે. જેનો સંબંધ કુલ વસ્તી સાથે રહેલો છે. આમ

$$\text{જન્મદર} = \frac{\text{વર્ષ દરમિયાન જીવિત જન્મેલા બાળકોની સંખ્યા}}{\text{કુલ વસ્તી}} \times 100$$

જન્મદર એ પ્રત્યેક 1000ની વસ્તી દીઠ ગણવામાં આવે છે. તે ટકાવારીમાં દર્શાવતો નથી.

**મૃત્યુદર :**

વસ્તી અભ્યાસમાં જન્મદરનું જેટલું મહત્ત્વ છે તેટલું જ મહત્ત્વ મૃત્યુદરનું પણ છે. બાળકના જન્મથી વસ્તીમાં વધારો થાય છે. જ્યારે માણસના મરણથી વસ્તીમાં ઘટાડો થાય છે. જેમ જન્મદર પ્રતિ વર્ષ પ્રત્યેક 1000ની વસ્તીદીઠ જન્મેલ બાળકોનું માપ દર્શાવે છે તેમ મૃત્યુદર પણ પ્રતિવર્ષ પ્રત્યેક 1000 વસ્તીદીઠ થયેલા મરણનું માપ દર્શાવે છે.

ટૂંકમાં કોઈ પણ દેશ કે પ્રદેશમાં પ્રતિવર્ષ પ્રતિ 1000 વ્યક્તિઓ દીઠ જેટલાં મરણ થાય તે માપને મૃત્યુદર તરીકે ઓળખવામાં આવે છે.

$$\text{મૃત્યુદર} = \frac{\text{એક વર્ષ દરમિયાન થયેલ મરણની સંખ્યા}}{\text{વસ્તી}} \times 100$$

આમ દર એક હજાર વસ્તીએ પ્રતિવર્ષ જન્મ અને મરણના પ્રમાણને અનુક્રમે જન્મદર અને મૃત્યુદર તરીકે ઓળખવામાં આવે છે. ભારતમાં જન્મદર અને મૃત્યુદરનાં વલણો આ મુજબ છે.

ભારતમાં વસ્તી પ્રમાણ

| વર્ષ | વસ્તી (કરોડમાં) | દસકમાં વસ્તી ફેરફાર (કરોડમાં) |
|---|---|---|
| 1901 | 45.8 | 44.4 |
| 1911 | 49.2 | 42.6 |
| 1921 | 48.1 | 47.2 |
| 1931 | 46.4 | 36.3 |
| 1941 | 45.2 | 31.2 |
| 1951 | 39.9 | 27.4 |
| 1961 | 40.9 | 22.8 |
| 1971 | 41.1 | 18.9 |
| 1981 | 34.6 | 14.7 |
| 1991 | 29.5 | 9.0 |
| 2001 | 25.0 | 9.0 |
| 2011 | 17.6 | 7.1 |

ઉપરોક્ત કોષ્ટક રપરથી જોઈ શકાય છે કે 1921 પહેલા ભારતમાં જન્મદર અને મૃત્યુદર બન્નેનું પ્રમાણ ઊંચુ જોવા મળે છે. તેના કારણે વસ્તી વધારો થયેલો જોવા મળતો નથી. 1901 થી 1921ના સમયગાળા વચ્ચે જન્મદર 46 થી 49 વચ્ચે મૃત્યુદર 42 થી 49 વચ્ચે વધારો ઘટાડો થયેલો જોવા મળે છે. તે સમય દરમિયાન વસ્તી વધારો નહિવંત છે. પરંતુ ત્યાર બાદ મૃત્યુદરમાં સ્પષ્ટ ઘટાડો થયેલો જોવા મળે છે. પરિણામે સમયની સાથે સાથે ઊંચ જન્મદર અને ઘટતો મૃત્યુદર વચ્ચેનો તફાવત વધતો સતત વધતો જોવા મળે છે. જેના કારણે વસ્તી વિસ્ફોટ થયેલો જોવા મળે છે.

આમ છેલ્લા 50 વર્ષોમાં જન્મદર અને મૃત્યુદરમાં બન્નેમાં ઘટાડો થયેલો જોવા મળે છે. મૃત્યુદર ઘટવાનું મુખ્ય કારણ સારી સ્વાસ્થ્ય સેવાઓ છે. પરંતુ ગમે તેટલી સારી સ્વાસ્થ્ય સેવાઓ છે. પરંતુ ગમે તેટલી સારી સ્વાસ્થ્ય સુવિધા હોય પણ 7 થી 8 પ્રતિહજારેથી નીચે મૃત્યુદર લાવી શકાતો નથી. તેથી ભારતની જનસંખ્યાની વૃદ્ધિ ભાવિષ્યના જન્મદર પર રહેલી છે.

### 16.5.2 વસ્તી-ગીચતા

વસ્તી-ગીચતા અથવા વસ્તી ઘનત્વ અર્થ કોઈપણ દેશમાં નિવાસ કરતા વ્યક્તિઓની પ્રતિ વર્ગ કિલોમીટર સરેરાશ સંખ્યા સાથે છે.

વસ્તી-ગીચતા કોઈ પણ દેશના વ્યક્તિઓના પાલન-પોષણ શ્રમતાનો સૂચક નથી. કોઈપણ દેશ કેટલાં લોકોનુ પાલન-પોષણ કરી શકશે તે તે દેશની કુદરતી-સંસાધન કેટલા છે અને તેનો ઉપયોગ કેટલા પ્રમાણમાં તેના પર રહેલો છે. વસ્તી-ગીચતા ભારતની સરખામણીમાં જાપાનની લગભગ બે ગણી વધારે છે. છતા ભારતના લોકો કરતાં જીવન-ધોરણ ઊંચુ જોવા મળે છે.

વસ્તી-ગીચતા ભારતની અન્યો દેશો સાથે સરખામણી કરતા જાપાન, ઈંગ્લેન્ડ અને ઈટાલી જેટલી ખરાબ નથી અને સંયુક્ત રાજય અમેરિકા અને જેટલી સારી નથી. વસ્તી-ગીચતાના આધાર પર ભારતની સ્થિતિ મધ્યમ ગણી શકાય.

1961ની વસ્તી ગણતરીના આધારે વસ્તી ગીચતા 142 વ્યક્તિ પ્રતિ વર્ગ કિ.મી.હતી જે ક્રમશ 1971માં 177, 1981માં 216 1991માં 267, 2001માં 342 અને 2011માં 382 પ્રતિ વર્ગ કિ.મી વસ્તી-ગીચતા જોવા મળે છે.

ભારતના વિભિન્ન રાજ્યોમાં વસ્તી ગીચતામાં વચ્ચે તફાવત જોવા મળે છે. કેરળ, પશ્ચિમ બંગાળ, બિહાર, ઉત્તર પ્રદેશ અને તામિલનાડુમાં વધારે જોવા મળે છે. જ્યારે મધ્યપ્રદેશ, છત્તીસગઢ રાજસ્થાન અને હિમાચલપ્રદેશમાં અન્ય સભ્યોની સરખામણીમાં ઓછી વસ્તી-ગીચતા જોવા મળે છે.

### 16.5.3 ભારતની વસ્તીનું વયજૂથ બંધારણ :

ભારતની જનસંખ્યાનો અભ્યાસ કરતા સમયે તેને ત્રણ વર્ગોમાં વિભાજિત કરવામાં આવે છે. 15 વર્ષથી ઓછી ઉંમરવાળાને બાળ જનસંખ્યા તરીકે ગણવામાં આવે છે. 15 થી 65 વર્ષના લોકોને 'ઉત્પાદક શ્રમ' તરીકે ગણવામાં આવે છે, જ્યારે 65 વર્ષથી વધારે ઉંમરવાળી વ્યક્તિને 'વૃદ્ધ જનસંખ્યા' તરીકે ઓળખવામાં આવે છે. 15 વર્ષથી ઓછી ઉંમરનો બાળ-જન સંખ્યા અને 65 થી વધુ ઉંમરનો વૃદ્ધિ જન સંખ્યાએ ઉત્પાદક ઉંમરવાળા વ્યક્તિ પર નિર્ભર હોય છે.

જ્યારે જન્મદર વધારે હોય ત્યારે 15 ઓછી ઉંમરવાળાની સંખ્યા વધુ હોય છે. શિલ્પની સુવિધા, આરોગ્ય સુવિધા વગેરેને કારણે મૃત્યુદર અને જન્મદર બન્ને ઘટે છે પણ મૃત્યુદરનો ઘટાડો વધુ હોય છે જેના કારણે ઉત્પાદક શ્રમમાં વધારો થાય છે.

**વયજુથ બંધારણ (કરોડમાં)**

| વયજુથ | 2001 | 2006 | 2011 | 2016 |
|---|---|---|---|---|
| 15 વર્ષ ઓછા | 36.5 | 35..7 | 34.7 | 34.0 |
| | (35.5) | (32.1) | (29.1) | (26.8) |
| 15 થી 65 વર્ષ | 61.9 | 69.9 | 78.0 | 85.1 |
| | (60.1) | (62.9) | (65.4) | (67.1) |
| 65 વર્ષથી વધુ | 4.5 | 5.6 | 6.6 | 7.8 |
| | (4.4) | (5.0) | (5.5) | (6.1) |
| કુલ જનસંખ્યા | 102.9 | 111.2 | 119.3 | 126.9 |
| | (100) | (100) | (100) | (100) |

(    ) કૌંસમાં આપેલ કુલ વસ્તીનાં આધારે ટકાવારી

સ્ત્રોત : યુ.એન.ડી.પી માનવ-વિકાસ રિપોર્ટ-2016

ઉપરોક્ત આંકડાઓનો અભ્યાસ કરતા જણાય છે કે કામ કરતી વસ્તી 2001માં 60 ટકા છતાં તેમાં ધીરે ધીરે વધારો થયેલો જોવા મળે છે. આ ઉત્પાદક શ્રમનો કેવી રીતે ઉપયોગ કરે છે. આર્થિક વિકાસ તેના પર અવલંબે છે. તેના આધારે ભારતીય અર્થતંત્રમાં પણ ફેરફાર જોવા મળે છે.

**15.5.4 ભારતમાં શહેરી વસ્તીનું પ્રમાણ**

આર્થિક વિકાસ અને શહેરીકરણની પ્રક્રિયા એકબીજા સાથે સંકળાયેલ છે. જેમ આર્થિક વિકાસમાં વધારો થાય તેમ શહેરી વસ્તીનાં પ્રમાણમાં પણ વધારો થયો છે.

ભારતમાં શહેરકરણની નીચે મુજબ વ્યાખ્યા કરવામાં આવેલ છે.

(A) જે વિસ્તાર નગરપાલિકા અથવા મહાનગરપાલિકાનો સમાવેશ થતો હોય.

(B) આ ઉપરાંત નથી મુજબ અન્ય માપદંડો છે.

- કુલ વસવાટ કરતી જનસંખ્યા 5000 થી વધુ હોય.
- કુલ જનસંખ્યાની ઓછામાં ઓછી 75 ટકા વસ્તી બિન-કૃષિ વ્યવસાય સાથે સંકળાયેલ હોય.
- વસ્તી-ગીચતા ઓછામાં ઓછી 400 પ્રતિ વર્ગ કિલોમીટર હોય.

ટૂંકમાં જનસંખ્યાનું પ્રમાણ. વ્યવસાય અને વસ્તી-ગીચતાને આધારે શહેરીકરણની વ્યાખ્યા આપવામાં આવેલ છે. ભારતમાં પણ આર્થિક વિકાસની સાથે સાથે શહેરી વસ્તીમાં અમલ વધારો થયેલો જોવા મળે છે.

| વર્ષ | જનસંખ્યા લાખમાં | | કુલ જનસંખ્યા ટકામાં | |
|---|---|---|---|---|
| | ગ્રામીણ | શહેરી વસ્તી | ગ્રામીણ વસ્તી | શહેરી વસ્તી |
| 1901 | 2,073 | 256 | 89.0 | 11.0 |
| 1911 | 2987 | 624 | 82.7 | 17.3 |
| 1961 | 3063 | 787 | 82.0 | 18.0 |
| 1971 | 4319 | 1091 | 80.1 | 19.9 |
| 1981 | 5257 | 1595 | 76.7 | 23.3 |
| 1991 | 6271 | 2172 | 74.3 | 25.7 |
| 2001 | 7420 | 2850 | 72.2 | 27.8 |
| 2011 | 8333 | 3771 | 68.8 | 31.2 |

નોંધ (આમાં જમ્મુ કાશ્મીર અને આસામના આંકડાનો સમાવેશ થતો નથી)

સ્રોત : Census of India, 2011

ઉપરોક્ત આંકડાઓનો અભ્યાસ કરતા જણાય છે કે શહેરી જનસંખ્યા 1901માં 256 લાખથી વધીને 1951માં 624 લાખ થઈ છે. જ્યારે 1951 થી 1981ના સમયગાળા દરમિયાન 971 લાખનો વધારો થયો છે. જે ઔદ્યોગિકીરણનો પ્રભાવ જણાય છે. ટૂંકમાં કુલ શહેરી વસ્તી કુલ વસ્તીની 31.2 ટકા જોવા મળે છે તે જે શહેરકરણમાં વધતી આર્થિક પ્રવૃત્તિ કારણરૂપ હોઇ શકે.

### 15.5.5 ભારતમાં સ્ત્રી-પુરુષ પ્રમાણ

કોઈ પણ વસ્તીમાં સ્ત્રી-પુરુષ પ્રમાણ જાણવા માટે સામાન્યપણે બે પ્રકારના માપ વાપરવામાં આવે છે. (1) વસ્તીમાં પુરુષોની ટકાવારી અથવા પુરુષોનું પ્રમાણ (2) સ્ત્રી-પુરુષ પ્રમાણ આ બન્ને માપમાંથી સ્ત્રી-પુરુષ પ્રભાવ વધુ પ્રમાણમાં વપારવામાં આવે છે.

કોઈ પણ વસ્તીમાં સ્ત્રી-પુરુષ પ્રમાણ 1000 પુરુષો દીઠ સ્ત્રીઓની સંખ્યા કેટલી છે તેના દ્વારા દર્શાવવામાં આવે છે. ભારતમાં વસ્તી-ગણતરીના આંક્કડાઓ પરથી જણાય છે કે ભારતમાં લીંગદર હંમેશા સ્ત્રીઓના પ્રત્યે પ્રતિકૂળ રહ્યો છે. એટલે કે વસ્તીમાં દર હજાર પુરુષો દીઠ સ્ત્રીઓની સંખ્યા ઓછી જ રહી છે. અને સમયની સાથે સતત ન ઘટાડો જોવા મળે છે. 1901માં આ પ્રમાણ 972 સ્ત્રીઓની સંખ્યા હતી. જે ઘટોને 1991માં 927 સ્ત્રીઓ સંખ્યા હતા. પરંતુ આમાં 2011ની વસ્તી અનુસાર થોડો સુધારો થઈને આ પ્રમાણ 940 થયેલું જોવા મળે છે.

સ્ત્રી-પુરુષ પ્રમાણમાં સ્ત્રીઓનું ઘટતા પ્રમાણના વિવિધ કારણોમાં એક કારણ સ્ત્રીઓમાં ઊંચુ મૃત્યુ પ્રમાણ એ જણાય છે. સદીઓથી તેમને નિમ્ન ઉતરતો દરજ્જો એનાયત થયેલો છે. જે આ ઉપરાંત સ્થળાંતર પણ આ પ્રમાણને અસર કરે છે. પુરુષોમાં આંતરરાષ્ટ્રીય સ્થળાંતરનો ખ્યાલ કરીએ તો તેનું પ્રમાણ જૂથ નજીવું છે કે તેની અસર વ્યસ્તતા સંદર્ભમાં નહિવત છે.

ભારતમાં ઘટતું સ્ત્રી-પુરુષ પ્રમાણ સામાજિક, રાજકીય અને આર્થિક સમસ્યાઓનું સર્જન કરે છે. જે ગંભીર વિચાર કરવા પ્રેરે છે.

### 15.5.6 ભારતીય વસ્તીમાં શિક્ષણનું પ્રમાણ

ભારતમાં સમયની સાથે શિક્ષણના પ્રમાણમાં વધારો થયેલો જોવા મળે છે. છતાં અન્ય રાષ્ટ્રોની સરખામણીમાં આ પ્રમાણ ઓછું જોવા મળે છે.

જે વ્યક્તિનો સમાવેશ સાત વર્ષ કે તેથી વધુ ઉંમર હોય તેને લખતા કે વાંચતા આવડતું હોય તેને સાક્ષર વ્યક્તિ તરીકે ઓળખવામાં આવે છે. તેનું નીચે મુજબ મેળવી શકાય છે.

અસરકાંરક સાક્ષરતાદર = 7 (સાત) વર્ષ કે તેથી વધુ ઉંમરના લોકો × 100

7 (સાત) વર્ષ કે તેથી વધુ ઉંમરની કુલ વસ્તી

ભારતના સંદર્ભમાં આ પ્રમાણ જોવી તો નીચે મુજબ છે.

| વર્ષ | કુલ સ્થરતા દર (ટકા) | પુરુષ સાત્પરતા દર (ટકા) | સ્ત્રી સાંભરતા દર (ટકા) |
|---|---|---|---|
| 1951 | 18.33 | 27.16 | 8.86 |
| 1961 | 28.3 | 40.4 | 15.35 |
| 1971 | 34.45 | 45.96 | 21.97 |
| 1981 | 43.45 | 56.38 | 28.76 |
| 1991 | 52.21 | 64.13 | 39.29 |
| 2001 | 64.83 | 75.26 | 53.67 |
| 2011 | 74.04 | 82.14 | 65.46 |

- ઉપરોક્ત કોષ્ટક પરથી જોઈ શકાય છે કે 1951માં કુલ સાક્ષરતા પ્રમાણ 18.33 હતું જેમાં

પરુષોમાં પ્રમાણ કરતાં સ્ત્રીઓમાં માત્ર 8.86 ટકા જ આક્ષરતા પ્રમાણ જોવા મળે છે. તે વધીને 2011મા 74.04 કુલ સાક્ષરતા પ્રમાણ જોવા મળે છે.

- ભારતમાં પુરુષ સાક્ષરતાદર અને સ્ત્રી સાક્ષરતાદર વચ્ચેનું અંતર 10 ટકા સુધી ઘટવાનું લક્ષ્યાંક ભારતીય આયોજન પંચે નક્કી કરેલ છે. જેની સામે વર્ષ 2001માં ભારતમાં સ્ત્રી અને પુરુષ વચ્ચેના સાક્ષરતાદરનું અંતર 21.58 ટકા હતું જે વર્ષ 2011માં ઘટીને 16.68 ટકા ઘટેલું જોવા મળે છે. જ્યારે ભારતીય આયોજન પંચના આ લક્ષ્યાંકના અનુસંધાનમાં ભારતના કેટલાક રાજ્યો જોવા જેવા કે કેરલ નાગાલેન્ડ, ચંડીગઢ, ત્રિપુરા વગેરે રાજ્યોમાં આ અંતર 10 ટકાથી નીચે લઈ જવામાં સફળ થયેલ છે.

  ભારતમાં કેરલ, લક્ષ્યદ્વિપમાં સાક્ષરતા પ્રમાણ વધુ છે. જ્યારે બિહાર અને અરુણાચલ પ્રદેશમાં આ પ્રમાણ ઓછું જોવા મળે છે.

## 15.6 સારાંશ

પ્રસ્તુત પ્રકરણમાં ભારતની જનસંખ્યાનો અભ્યાસ કર્યો અન્ય દેશોના વિકાસના તપાસતાં જણાય છે કે વિકાસ અને વસ્તી-વૃદ્ધિના દર વચ્ચે વ્યસ્ત સંબંધ છે. જેમ વિકાસદર વધતો જાય છે તેમ અમુક સમય બાદ વસ્તી-વૃદ્ધિનો દર ઘટે છે. આ સંબંધ ભારતમાં પણ જોવા મળે છે. આમ છતા અન્ય રાષ્ટ્રોની સરખામણીમાં જોઈએ તો જ્યારે ભારત આઝાદ થયું ત્યારે આર્થિક વિકાસની દષ્ટિએ તાઈવાન ભારત કરતાં ઘણું પાછળ હતું તેની વર્તમાન માથાદીઠ આવક ભારત કરતાં ત્રીસ ગણી વધારે છે. પરંતુ સમગ્ર રીતે જોતાં વિકાસમાન દેશોની પ્રજાઓની અપેક્ષાઓમાં થયેલા 'ક્રાંતિકારી વધારા'ને પહોંચી વળવામાં વસ્તી વૃદ્ધિ એક મોટો અંતરાય છે એમ મોટા ભાગના નિરીક્ષકો સ્વીકારે છે. કેટલાક અર્થવિદો વિકાસની સમસ્યાનો ઉપસંહાર આ રીતે કરે છે. 'જમીનની ફળદ્રુપતા વધારવી અને માનવોની ફળદ્રુપતા (પ્રજનનશક્તિ) ઘટાડવી.

## 15.7 ચાવીરૂપ શબ્દો

- **વસ્તી :** એક ચોક્કસ ભૌગોલિક વિસ્તારમાં રહેતા લોકોને તે 'વિસ્તારની વસ્તી' તરીકે ઓળખવામાં આવે છે.
- **વસ્તી-ગણતરી :** દેશનાં અમુક ચોક્કસ ભાગમાં વસતા લોકોની વસ્તી-વિષયક, સામાજિક, આર્થિક માહિતી એકત્રીકરણ, ગોઠવણી, મૂલ્યાંકન અને પૃથ્થકરણ અને પ્રકાશન કરવાની સંપૂર્ણ પ્રક્રિયાને વસ્તી ગણતરી કરે છે.

$$\text{જન્મદર} = \frac{\text{વર્ષ દરમિયાન જીવિત જન્મેલા બાળકોની સંખ્યા}}{\text{કુલ વસ્તી}} \times 1000$$

$$\text{મૃત્યુદર} = \frac{\text{એક વર્ષ દરમિયાન થયેલ મરણની સંખ્યા}}{\text{વસ્તી}} \times 1000$$

$$\text{અસરકારક સાક્ષરતાદર} = \frac{\text{સાત અથવા તે વધુ ઉંમરના લોકો}}{\text{સાત વર્ષ કે તેથી વધુ ઉંમરની કુલ વસ્તી}} \times 100$$

- **વસ્તી-ગીચતા :** કોઈ પણ દેશમાં નિવાસ કરતાં વ્યક્તિઓની પ્રતિ-વર્ગ કિલોમીટર લોકોની સંખ્યા.

## 15.8 તમારી પ્રગતી ચકાસો

**(A) સવિસ્તાર પ્રશ્નોના જવાબ આપો.**

1. ભારતીય વસ્તીના લક્ષણોની ચર્ચા કરો.

.........................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

2. ભારતમાં વસ્તી બોજારૂપ છે કે સંપત્તિ સમજાવો.

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

3. ભારતમાં વસ્તી ગણતરીનો ઉદ્ભવ અને હેતુઓ જણાવો.

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

**(B) ટૂંકમાં જવાબ આપો.**

1. વયજુથ બંધારણ એટલે ? સમજાવો.
2. ભારતમાં સ્ત્રી-પુરુષ પ્રમાણ સ્ત્રીઓ પ્રત્યે પ્રતિકૂળ કેમ છે ?
3. ભારતમાં શહેરીકરણ
4. ભારતમાં સાક્ષરતાનું પ્રમાણ કેવું છે.

**(C) ખાલી જગ્યા પુરો**

1. 2011ની વસ્તી ગણતરી પ્રમાણ ભારત વિશ્વમાં વસ્તીના સંદર્ભ........... ક્રમ ધરાવે છે. (પ્રથમ, બીજો, ચોથો, પાંચમો)
2. ભારતમાં સૌ પ્રથમ વસ્તીગણતરી .......... વર્ષમાં કરવામાં આવી.

   (1871, 1973, 1969, 1974)
3. અસરકારક સાક્ષરતા દરમાં ............ થી વધુ ઉંમરની વ્યક્તિની ગણતરી થાય છે.

   (3 વર્ષ કે વધુ, 6 વર્ષ કે તેથી વધુ 10 વર્ષ કે તેથી વધુ 1 વર્ષ કે તેથી વધુ)
4. સ્વંતંત્ર ભારતની વસ્તી ગણતરી સૌ પ્રથમ ........... વર્ષ થઈ (1951, 1971, 1951, 1952)

**નીચેના ખરા - ખોટા જણાવો.**

1. ભારતમાં સ્ત્રીઓમાં પુરુષોની સાપેક્ષ સાક્ષરતા પ્રમાણ વધુ જોવા મળે છે.
2. ભારત વિશ્વમાં બીજા ક્રમની વસ્તી ધરાવતો દેશ છે.

3. સારી આરોગ્ય સેવાઓ વિકાસ કરીને મૃત્યુદર શૂન્ય બનાવી શકાય છે.

4. શિક્ષણનાં પ્રમાણમાં વધારો થતા વસ્તી વૃદ્ધિદર અમુક સમય બાદ ઘટે છે.

**જવાબો :**

**ખાલી જગ્યા**

(1) બીજો (2) 1871 (3) 7 વર્ષ કે તેથી વધુ (4) 1951

**ખરા-ખોટા**

(1) ખોટું (2) સાચું (3) ખોટું (4) સાચું

## 15.9 કેટલાક ઉપયોગી પુસ્તકો


- વિકાસશીલ રાષ્ટ્રોનું અર્થશાસ્ત્ર, એચ.કે ત્રિવેદી, રમેશ બી શાહ, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત.
- વસ્તીશાસ્ત્રી, ડો.બી.કે ભટ્ટ, ન્યૂ પોપ્યુલર પ્રકાશન, સુરત
- सामाजिक समस्याऐ, राम आधुबा रावल पब्लिकेशन, दिल्ली.
- भारतीय अर्थव्यवस्था गौरव घल, वक्डो एण्ड कम्पनी प्रा.लि., दिल्ली.

# એકમ 16 ભારતીય અર્થતંત્રની સમસ્યાઓ - ગરીબી

## : રૂપરેખા :

**16.0 ઉદ્દેશો**

**16.1 પ્રસ્તાવના**

**16.2 ગરીબીની વિભાવના**

**16.2.1 સાપેક્ષ ગરીબી**

**16.2.2 નિરપેક્ષ ગરીબી**

**16.3 આવક ગરીબી અને માનવ ગરીબીનો ખ્યાલ**

**16.4 ગરીબી રેખાનો ખ્યાલ**

**16.5 ભારતમાં ગરીબી માપન અંગેનું ઐતિહાસિક પરિપ્રેક્ષ્ય**

**16.5.1 પ્રો. આર. વી. રાવ સમિતિ**

**16.5.2 દાંડેકર અને રથેનું વિશ્વેષણ**

**16.5.3 પ્રો. ડી. ટી. લાકડાવાલાનું વિશ્લેષણ**

**16.5.4 સુરેશ તેદુંલકર સમિતિનું વિશ્લેષણ**

**16.5.5 આયોજન પંચે નક્કી કરેલ માપદંડો**

**16.6 ભારતમાં ગરીબીનું પ્રમાણ**

**16.7 ગુજરાતમાં ગરીબીનું પ્રમાણ**

**16.8 ગરીબીના કારણો**

**16.9 ગરીબીના ઉપાયો**

**16.10 સારાંશ**

**16.11 કેટલાંક ચાવીરૂપ શબ્દો**

**16.12 કેટલાંક ઉપયોગી પુસ્તકો**

**16.13 તમારી પ્રગતિ ચકાસોના જવાબો**

### 16.0 ઉદ્દેશો :

આ એકમનો અભ્યાસ કર્યા બાદ તમે આટલું કરી શકશો :

- ગરીબી રેખા અને માપનના પ્રશ્નોનું વિશ્લેષણ
- ગરીબીનું સ્વરૂપ જાણવું
- ગરીબીના કારણોનો અભ્યાસ કરવો
- ગરીબી નિવારણના ઉપાયો સૂચવવા

### 16.1 પ્રસ્તાવના:

કોઈ પણ અર્થતંત્ર આર્થિક વિકાસની દિશામાં પ્રયાસ કરવા માટે વિકાસની વિભિન્ન વ્યૂહરચના અપનાવે છે. પરંતુ દરેક વ્યૂહરચના સામે પડકારરૂપ સમસ્યાઓ અવરોધક બને છે. વર્તમાન ભારતીય અર્થતંત્ર સમક્ષ 'p3' તરીકે ઓળખાતી મુખ્ય ત્રણ સમસ્યાઓ પડકારરૂપ સાબિત થઈ છે. જેમાં

population pollution અને poverty નો સમાવેશ થાય છે. આ ત્રણ સમસ્યાઓ એકબીજા સાથે કાર્યકારણના સંબંધથી જોડાઈને આર્થિક વિકાસના પાયાને કોરી ખાતી જણાય છે. વસ્તીની દૃષ્ટિએ વિશ્વમાં બીજું સ્થાન ધરાવતા ભારત દેશમાં વધતી વસ્તીની સાથે ગરીબીનો પ્રશ્ન વિકટ બનતો જાય છે. બીજી બાજુ ગરીબીમાંથી ઝડપથી બહાર નિકળવાનાં આર્થિક પ્રયાસોને કારણે પ્રદૂષણનો પ્રશ્ન સર્જાય છે.

આ પ્રકરણમાં ગરીબી અને ગરીબી રેખાનો અર્થ તથા સામાન્ય સમજ, ગરીબીનું સ્વરૂપ તથા ગરીબીના માપદંડો, માપદંડોમાં કેવા અને કયા ફેરફારો થયાં ગરીબીના કારણો અને ઉપાયોનો ટૂંકમાં નિરૂપણ કરવામાં આવેલ છે.

## 16.2 ગરીબીની વિભાવના

સામાન્ય રીતે ગરીબીનો ખ્યાલ સાપેક્ષ છે. દેશમાં આવકની વહેંચણી અસમાન રીતે થયેલી હોવાથી જેઓની બીજાની તુલનામાં ઓછી આવક મળતી હોય તેઓ ગરીબ ગણાય. બીજી રીતે સમાજમાં મોટા ભાગના લોકો જે જીવન ધોરણ ભોગવતા હોય તે જીવન ધોરણથી વંચિત લોકો ગરીબ ગણાય અથવા સમાજમાં ઘણા લોકોને તેમના જીવનમાં જે તકો સાંપડતી હોય તેનાથી વંચિત રહેતા લોકો ગરીબી ગણાય. તેમ છતાં આ ખ્યાલ મનસ્વી અને આત્મલક્ષી બનતો જાય છે તેથી વિકસિત દેશોમાં પણ ગરીબ કોને ગણવા એ વિશે મતભેદ રહ્યા કરે છે. આમ, ગરીબી એ સાર્વત્રિક દૃષ્ટિએ સામાજિક, આર્થિક અને સાંસ્કૃતિક ઘટના છે. સ્થળ અને કાળ અનુસાર ગરીબીને વિભિન્ન રીતે પરિભાષિત કરવામાં આવે છે. મુખ્યત્વે ગરીબીને (1) નિરપેક્ષ ગરીબી (2) સાપેક્ષ ગરીબી એમ બે સ્વરૂપે વિભાજીત કરવામાં આવે છે.

### 16.2.1 સાપેક્ષ ગરીબી

સામાન્ય રીતે વિકસિત દેશોમાં સાપેક્ષ સ્વરૂપની ગરીબી જોવા મળે છે. સાપેક્ષ ગરીબીનો ખ્યાલ આવકની અસમાનતા સાથે સંકળાયેલો છે. એટલે કે સમાજમાં વ્યક્તિઓને તેની આવકના આધારે સાપેક્ષ સરખામણી કરવામાં આવે તો તેને સાપેક્ષ ગરીબી કહેવાય. સાપેક્ષ ગરીબી એ આંતરરાષ્ટ્રીય અસમાનતા અથવા ક્ષેત્રિય આર્થિક અસમાનતાઓનો ખ્યાલ આપે છે.

### 16.2.2 નિરપેક્ષ ગરીબી

આ ખ્યાલ ખાસ કરીને વિકસતાં દેશોમાં વધુ પ્રચલિત થયો છે. ભારતમાં જોવા મળતી ગરીબી મુખ્યત્વે આ પ્રકારની છે. તેમાં જીવનધોરણ અથવા જીવનનિર્વાહ અને અસ્તિત્ત્વના પ્રશ્નો સંકળાયેલાં છે. આ ખ્યાલ પ્રમાણે જે વ્યક્તિ જીવનની પ્રાથમિક જરૂરિયાતો સંતોષવા જેટલું પણ ખર્ચ કરી શકતી ન હોય અથવા આવક મેળવી શકતી ન હોય તેમને ગરીબ ગણવામાં આવે છે. પ્રાથમિક જરૂરિયાતોમાં ખોરાક, કપડાં, મકાન, તબીબી સારવાર, પ્રાથમિક શિક્ષણ વગેરેનો સમાવેશ થાય છે. બીજા શબ્દોમાં ‘જીવનનું અસ્તિત્વ સતત ટકી શકે તે માટે પરિણાત્મક તેમજ ગુણાત્મક રીતે જેટલાં પ્રમાણમાં ખોરાક, કપડાં, રહેણાંક, આરોગ્ય અને શિક્ષણ જરૂરી હોય તેટલાં પ્રમાણમાં તે પ્રાપ્ત કરવાનું લગભગ અશક્ય હોય તેવી વ્યક્તિને નિરપેક્ષ ગરીબી તરીકે ઓળખાય છે.’ અલ્પપોષણ, રોગચાળો અને નિરક્ષરતા એ નિરપેક્ષ ગરીબીનાં મુખ્ય લક્ષણો છે. પરંતુ બધા જ દેશોમાં તે અંગેના ધોરણો એકસરખા હોતા નથી. તેથી નિરપેક્ષ ગરીબીનો લઘુત્તમ સપાટીનો માપદંડ સર્વ દેશો માટે એકસરખો હોય શકે નહીં.

## 16.3 આવક ગરીબી અને માનવ ગરીબીનો ખ્યાલ

માનવ વિકાસ અહેવાલના લેખકોએ વ્યક્તિની આવકના આધારે માપવામાં આવતી ગરીબીને ‘આવક ગરીબી’ તરીકે ઓળખાવી છે કે જેમાં લઘુત્તમ જીવન ધોરણ ખર્ચ અને ખોરાક સંબંધિત મૂલ્યના આધારે માપવામાં આવતી ગરીબીનો પણ સમાવેશ થાય છે. આ ખ્યાલની સામે તેમણે ‘માનવ ગરીબી’નો ખ્યાલ રજૂ કર્યો છે. માનવ ગરીબીના માપન માટે 1997માં યુનાઈટેડ નેશન્સના માનવ સંસાધન વિકાસ વિભાગે માનવ ગરીબી આંકની રચના કરી. માનવ વિકાસના પરિપ્રેક્ષ્યમાં જુદા-જુદા દેશોના ગરીબીના અંદાજો આ આંક દ્વારા દર્શાવવામાં આવ્યા. આ આંકની રચના નીચે પ્રમાણે છે.

$$HPI = \left[ (P_1^3 + P_2^3 + P_3^3) - 3 \right]^{\frac{1}{3}}$$

જ્યાં

$P_1$ = લાંબુ જીવવાની તકોથી વંચિત રહેતા લોકોનું પ્રમાણ

(જે લોકો 40 વર્ષથી વધુ જીવવાની શક્યતા ન ધરાવતા હોય તેવા લોકોની ટકાવારી)

$P_2$ = પ્રાથમિક અથવા પાયાના શિક્ષણની વંચિત લોકોનું પ્રમાણ

(15 વર્ષથી વધુ વયની વ્યક્તિઓમાં નિરક્ષર વ્યક્તિઓની ટકાવારી)

$P_3$ = કેટલીક પ્રાથમિક સેવાઓથી વંચિત લોકોનું પ્રમાણ જેમાં ત્રણ બાબતોનો સમાવેશ થાય છે.

$P_1^3$ = સ્વાસ્થ્ય સેવાઓથી વંચિત લોકોની ટકાવારી

$P_2^3$ = પીવા લાયક ચોખ્ખા પાણીના પુવઠાથી વંચિત લોકોની ટકાવારી

$P_3^3$ = પાંચ વર્ષથી ઓછી વયના બાળકોમાં ઓછું વજન ધરાવતા બાળકોની ટકાવારી (આમાં એ અભિપ્રેત છે કે ઓછું વજન ધરાવતા બાળકોને જન્મ પહેલાં ગર્ભાવસ્થામાં અને પછી પૂરતું પોષણ પ્રાપ્ત થતું નથી એ એવા કુટુંબોમાં જન્મે છે જેઓ પૂરતો આહાર પણ મેળવી શકતા નથી.)

આમ, ઉપરોક્ત ઘટકોને આધારે રચવામાં આવેલ માનવ ગરીબી આંક દ્વારા માનવ ગરીબીનું માપન કરી શકાય છે.

ટૂંકમાં વિભિન્ન માપદંડોને આધારે નિર્ધારીત ગરીબી રેખાથી નીચું જીવન ધોરણ ધરાવતા વ્યક્તિઓ, કુટુંબ, સમાજ કે દેશને ગરીબ ગણવામાં આવે છે. ગરીબીની ઓળખ માટે કોઈ ચોક્કસ માપદંડના આધારે ગરીબી રેખાનું નિર્ધારણ અનિવાર્ય છે. તેથી પ્રથમ ગરીબી રેખાનો પરિચય મેળવીએ.

## 16.4 ગરીબી રેખાનો ખ્યાલ

કોઇ એક દેશમાં ગરીબીનું નિરપેક્ષ પ્રમાણ દર્શાવવા માટે ગરીબી રેખાનો ખ્યાલ આપવામાં આવે છે. ગરીબી રેખાનો ખ્યાલ સૌ પ્રથમ 1945માં વિશ્વ આરોગ્ય સંસ્થા (WHO)ના નિયામક લોર્ડ બ્યોડ ઓરે આપ્યો હતો. તેમના મતે જીવન ટકાવવા માટે દરેક પુખ્ત વયની વ્યક્તિને દરરોજ 2300 ગ્રામ કેલરી પ્રાપ્ત થાય તેટલો ખોરાક મળવો જોઇએ અને જેમને તેટલો ખોરાક મળતો નથી તેઓ ગરીબી રેખા નીચે જીવે છે તેમ કહી શકાય. 'ગરીબી રેખા'ના આ ખ્યાલ અને ગણતરીમાં પાછળથી ઘણા લેખકોએ સુધારા-વધારા કર્યા છે અને ગરીબી માપદંડો બદલ્યા છે.

સામાન્ય રીતે દેશના પ્રવર્તમાન સંજોગોમાં વ્યક્તિને જીવતા રહેવા માટે ઓછામાં ઓછું જેટલું અનાજ, કઠોળ, દૂધ, ઘી, શાકભાજી, કપડાં વગેરે જોઇએ અને ચાલુ ભાવોએ તે મેળવવા માટે જેટલું ખર્ચ કરવું પડે તે કુલ ખર્ચ તે દેશની ગરીબી રેખા દર્શાવે છે.

×નિરપેક્ષ ગરીબીનું પ્રમાણ નક્કી કરવા માટે આહાર, પોષક, વસવાટ વગેરે વિવિધ પાયાની જરૂરિયાતો લક્ષમાં લઈને એક ન્યુનત્તમ જીવન ધોરણની કસોટી તૈયાર કરવામાં આવે તેને ગરીબી રેખા કહેવામાં આવે છે.×

ટૂંકમાં લઘુત્તમ જીવન ધોરણ દર્શાવતી રેખાને ગરીબી રેખા કહેવાય. પરંતુ લઘુત્તમ જીવન ધોરણનો અર્થ વિવિધ દેશોનાં આર્થિક સામાજિક સંજોગો તથા લોકોનાં માનસ પર આધાર રાખે છે. વળી પરિસ્થિતિ, બદલાતા લઘુત્તમ જીવન ધોરણનો ખ્યાલ પણ બદલાય છે. તેથી જુદા જુદા દેશોમાં અથવા એક જ દેશના જુદા જુદા સમયે ગરીબી રેખા બદલાય છે. દેશમાં જીવનની કઇ જરૂરિયાતોને પ્રાથમિક, પાયાની, અતિમહત્ત્વની ગણવામાં આવે છે. તેના પર ગરીબી રેખાનો આધાર છે. બધાં જ દેશોમાં તે અંગેના ધોરણો સરખા હોતા નથી. 1999માં ગરીબીની આવી એક આંતરાષ્ટ્રીય રેખા નક્કી કરવામાં આવી હતી. આ વ્યાખ્યા પ્રમાણે વ્યક્તિદીઠ દૈનિક 1.25 ડોલરથી ઓછી આવક ધરાવતી વ્યક્તિઓ ગરીબ ગણાય.

ભારતમાં જુદી-જુદી વ્યક્તિઓ, સંસ્થાઓ, સંગઠનો અને સરકારી સમિતિઓ દ્વારા વિવિધ માપદંડો અને માપન પદ્ધતિઓનો આધાર લઈ ગરીબી રેખા નક્કી કરવાનો પ્રયાસ થયા છે જે આ પ્રમાણે છે.

## 16.5 ભારતમાં ગરીબી માપન અંગેનું ઐતિહાસિક પરિપ્રેક્ષ્ય

ઐતિહાસિક પરિપ્રેક્ષ્યમાં જોઈએ તો, 1970-71માં દાદાભાઈ નવરોજીએ વ્યક્તિદીઠ આવકના માપદંડના આધારે એમના 'પોવર્ટી ઑફ બ્રિટીશ ઈન્ડિયા' માં સૌ પ્રથમ વાર ભારતની માથાદીઠ આવક 40 શીલીંગ અને બ્રિટનની 30 પાઉન્ડની માથાદીઠ આવકની સરખામણી દ્વારા ભારતની ગરીબાઈનું સંખ્યાધિક ચિત્ર ઉપસાવવા પ્રયત્ન કર્યો.

### 16.5.1 પ્રો. આર. વી. રાવ સમિતિ

ભારતમાં 1961માં સૌ પ્રથમવાર ગરીબી રેખાનાં સંદર્ભમાં એક ગોષ્ઠિનું આયોજન 'દિલ્લી ઈન્સ્ટીટ્યુટ ઑફ ઈકોનોમિક ગ્રોથ' દ્વારા કરવામાં આવ્યું. તેના પરિપાક રૂપે આગેવાન અર્થશાસ્ત્રીઓનું પ્રો. વી. કે. આર. વી. રાવના અધ્યક્ષપદે એક કાર્યકારી જૂથ રચાયું જેમને ગરીબાઈનું માપન કરીને એના પ્રમાણને સંખ્યાત્મક સ્વરૂપ આપવા માટે યોગ્ય પદ્ધતિ વિકસાવી ગરીબાઈની વ્યાખ્યા કરવાનું સોંપવામાં આવ્યું. તેમણે 1960-61ના ભાવે પાંચ વ્યક્તિના કુટુંબ માટે રૂ. 100 કે વ્યક્તિદીઠ રૂ. 20 માસિક લઘુત્તમ ખર્ચનું ધોરણ નક્કી કર્યું. ગ્રામીણ ક્ષેત્રમાં રૂ. 20 માસિક અને શહેરી ક્ષેત્રમાં રૂ. 25 વ્યક્તિદીઠ માસિક ખર્ચ નક્કી કરાયું. આયોજન પંચે આ ભલામણનો સ્વીકાર કરીને લઘુત્તમથી ઓછો ખર્ચ કરનારને 'ગરીબાઈ'ની સ્થિતિ ગણવાનો નિર્દેશ કર્યો.

માસિક માથાદીઠ ખર્ચના ધોરણે 1960-61માં જે ગરીબી રેખા દોરવામાં આવી હતી તેમાં કાળક્રમે ઘણી સૂક્ષ્મતા આવી. ગ્રામીણ અને શહેરી એવાં ભેદ પાડવાથી બન્નેનાં અલગ સ્વરૂપ અને પ્રશ્નોની પણ સ્પષ્ટતા મળી. ગરીબી રેખાની ગણતરીમાં બીજો મહત્ત્વનો સુધારો આવશ્યક કેલરીના મુદ્દો થયો.

### 16.5.2 દાંડેકર અને રથેનું વિશ્વેષણ

'ગરીબી રેખા'ને સૌથી વધુ લોકપ્રિયતા હાંસલ થઈ પ્રો. દાંડેકર અને રથેના ખૂબ જાણીતા 'ભારતમાં ગરીબી' અભ્યાસના પરિણામે કે જેમાં ગરીબીના માપદંડની વિષદ્ શાસ્ત્રીય છણાવટ કરવામાં આવી છે. પ્રા. દાંડેકર અને રથેનાં અભ્યાસમાં રોજિંદા કાર્ય માટે વ્યક્તિદીઠ સરેરાશ કેટલી કેલરી જોઈએ એ કેલરી પ્રાપ્ત કરવા માટે કેટલો ખોરાક લેવો પડે અને આ ખોરાક માટે કેટલો ખર્ચ કરવો પડે તે ખર્ચના આધારે ગરીબી રેખા નક્કી કરવામાં આવી. દાંડેકર અને રથે તેમના આ અભ્યાસમાં રાષ્ટ્રીય નમૂના મોજણી (NSSO) ના વપરાશી ખર્ચની વિગતોનો ઉપયોગ કરીને ખોરાક અને બીજા અવેજી ખાદ્ય પદાર્થોના ઉપભોગ પર ઉપભોગકર્તા જે ખર્ચ કરે છે તેને આધારે ગરીબી રેખા અને ગરીબ લોકોની સંખ્યાનો નિર્દેશ કર્યો છે. એક ગ્રામ ખાદ્યસામગ્રીમાંથી 3.3 કેલરી (શક્તિ) પ્રાપ્ત થાય તેના આધારે 2250 કેલેરી મેળવવા 616 ગ્રામ અનાજ જરૂરી છે. આમ, કુલ 616 ગ્રામ અનાજમાંથી લઘુત્તમ 2250 કેલેરી દૈનિક વ્યક્તિદીઠ પ્રાપ્ય બને. આ લઘુત્તમ અનાજ પ્રાપ્ત કરવા 1961ના ભાવે રૂ. 180 વાર્ષિક કે રૂ. 15 માસિક વ્યક્તિદીઠ ખર્ચને 'ગરીબી રેખા' તરીકે નિર્ધારિત કરી અને શહેરી ક્ષેત્ર માટે વ્યક્તિદીઠ માસિક રૂ. 22.5 અથવા રૂ. 270 વાર્ષિક ખર્ચને લઘુત્તમ ધોરણ ગણ્યું છે. આ ધોરણે ગ્રામીણ વિસ્તારમાં 40 ટકા અને શહેરી વિસ્તારના લગભગ 50 ટકા લોકો ઈચ્છનીય લઘુત્તમ ધોરણ નીચે જીવે છે.

### 16.5.3 પ્રો. ડી. ટી. લાકડાવાલાનું વિશ્લેષણ

પ્રો. ડી. ટી. લાકડાવાલાની અધ્યક્ષતાવાળી સમિતિએ આયોજન પંચના આ આંકડાઓને અવિશ્વાસ સંપૂર્ણ બતાવી ગરીબી માપન માટે નવી વૈકલ્પિક પદ્ધતિનો ઉપયોગ કર્યો છે. તેમની આ વૈકલ્પિક અનુસાર શહેરી ગરીબી માપન માટે ઔદ્યોગિક શ્રમિકોના વપરાશી ખર્ચ સૂચક આંક અને ગ્રામીણ ગરીબી માપન માટે કૃષિ શ્રમિકોના ઉપભોગ મૂલ્ય સૂચક આંકનો આધાર લેવામાં આવ્યો છે. આ પદ્ધતિ અનુસાર બધાં રાજ્યોમાં અલગ-અલગ ગરીબી રેખા એટલે કે 35 ગરીબી રેખા હતી.

### 16.5.4 સુરેશ તેંદુલકર સમિતિનું વિશ્લેષણ

ગરીબી માપનની નવી પદ્ધતિ પ્રમાણે ગરીબી રેખાની નીચે (BPL)ના લોકોની ઓળખ માટે 2008માં આયોજન પંચ દ્વારા સુરેશ તેંદુલકરની અધ્યક્ષતા હેઠળ સમિતિની રચના કરી. સુરેશ તેંદુલકર સમિતિએ ગરીબી રેખાના નિર્ધારણ માટે લઘુત્તમ જીવન ધોરણ ખર્ચને આધારભૂત ગણી વિશ્લેષણ કરેલ છે.

NSSO નાં વપરાશી ખર્ચ આધારિત મોજણીની માહિતીનો ઉપયોગ કરી. આયોજન પંચની સમિતિએ ગરીબી માપન માટે જે ગરીબી રેખા નક્કી કરી છે તે અનુસાર ગ્રાણીણ ક્ષેત્ર માટે માથાદીઠ માસિક રૂ. 356.3 (11.87 રૂ. દૈનિક) અને શહેરીક્ષેત્ર માટે વ્યક્તિદીઠ માસિક રૂ. 538.6 (17.95 રૂ. દૈનિક) થી ઓછું ખર્ચ કરનાર ગરીબી રેખા નીચે જીવે છે. અલગ-અલગ રાજ્યોમાં ગરીબી રેખાનું ધોરણ અલગ-અલગ હોય છે.

### 16.5.5 આયોજન પંચે નક્કી કરેલ માપદંડો

શરૂઆતથી ગરીબી માપન માટે આવકના માપદંડને જોવામાં આવતા હતા. ત્યારબાદ માસિક ખર્ચને ધ્યાનમાં રાખી ગરીબી નક્કી થતી હતી અને છેલ્લે હવે ભારત સરકારે પરિશિષ્ટમાં બતાવ્યા મુજબ કુલ 13 માપદંડોના ગુણાંકનની ગણતરીને ધ્યાનમાં લીધા છે. આ 13 માપદંડોને આધારે ભારત સરકારે છેલ્લે 2002માં ગરીબી રેખા નીચેની વસ્તી (BLP)ની યાદી તૈયાર કરી દરેક રાજ્યમાં તાજેતરમાં અમલી બનાવી છે. આ 13 માપદંડો વિગતે આ પ્રમાણે છે.

**(1) જમીન :**

A0 = જમીન નથી.

B1 = બિનસિંચિત જમીન 1 હેક્ટરથી ઓછી (અથવા પિયત જમીન 0.5 હેક્ટરથી ઓછી)

C2 = બિનપિયત જમીન 1 થી 2 હેક્ટર (પિયત જમીન 0.5 થી 1 હેક્ટર)

C3 = બિનપિયત જમીન 2 થી 5 હેક્ટર (પિયત જમીન 1 થી 2 હેક્ટર)

E4 = બિનપિયત જમીન 5 થી વધુ (પિયત જમીન 2.5 હેક્ટર)

**(2) ઘર :**

A0 = ઘરવિહોણા

B1 = કાચું

C2 = અર્ધપાકું

D3 = પાકું

E4 = શહેરી પ્રકારનું

**(3) સામાન્ય પહેરવેશના કપડાંની સરેરાશ :**

A0 = બે કરતાં ઓછી જોડ

B1 = 3 જોડ

C2 = 4 થી 5 જોડ

D3 = 6 થી 9 જોડ

E4 = 10 થી વધુ

**(4) અન્ન સુરક્ષા :**

A0 = વર્ષના મોટાભાગ માટે દરરોજ એક ટંકના ભોજન કરતા ઓછું

B1 = સામાન્ય રીતે દરરોજ એક ટંકનું ભોજન પરંતુ સંજોગો વસાત એક ટંક કરતા પણ ઓછું

C2 = આખા વર્ષ દરમિયાન દરરોજ એક ટંકનું ભોજન

D3 = પ્રસંગોપાત તંગી સાથે દરરોજ બે ટંકનું ભોજન

E4 = આખા વર્ષ દરમિયાન પૂરતો આહાર

**(5) સ્વચ્છતા (સેનિટેશન) :**

A0 = ખુલ્લામાં શુદ્ધિકરણ

B1 = અનિયમિત પાણી પૂરવઠાવાળા સમૂહ શૌચાલય

C2 = નિયમિત પાણી પુરવઠાવાળા સમૂહ શૌચાલય

D3 = નિયમિત પાણી પુરવઠો અને નિયમિત સફાઈ કામદારવાળા સ્વચ્છ સમૂહ શૌચાલય

E4 = ખાનગી શૌચાલય

**(6) ઉચ્ચ શિક્ષણ પુખ્ત વ્યક્તિમાં :**

A0 = નિરક્ષર

B1 = પ્રાથમિક (ધોરણ-5)

C2 = માધ્યમિક (ધોરણ-10)

D3 = સ્નાતક (ડિપ્લોમા)

E4 = અનુસ્નાતક / વ્યવસાયિક સ્નાતક

**(7) કુટુંબનો મજૂર વર્ગનો દરજ્જો :**

A0 = વેઠીયા

B1 = સ્ત્રી અને બાળમજૂર

C2 = ફક્ત પુરુષ સ્ત્રીઓ

D3 = ફક્ત પુખ્ત પુરુષો

E4 = અન્ય

**(8) આજીવિકા બાબત :**

A1 = છૂટક મજૂરી

B2 = ખેતી પર નિર્વાહ

C3 = કારીગર

D3 = પગારદાર

E5 = અન્ય

**(9) બાળકોનો દરજ્જો (5-14 વર્ષના કોઈ પણ બાળક) :**

A0 = શાળાએ નહીં જતાં અને કામ કરતા

B1 = ખેતી પર નિર્વાહ

C2 = -

D3 = -

E4 = શાળાએ જતાં અને કામ નહીં કરતા

**(10) દેવાના બોજાનો પ્રકાર :**

A0 = અવિધિસર સાધનોમાંથી રોજીંદા વપરાશ હેતુ માટે

B1 = અવિધિસર સાધનોમાંથી ઉત્પાદનના હેતુ માટે

C2 = અવિધિસર સાધનોમાંથી અન્ય હેતુ માટે

D3 = સંસ્થાકીય એજન્સીઓ પાસેથી નાણાં ઉછીના લેવા

E4 = દેવાનો બોજો નથી અને મિલકત ધરાવે છે.

**(11) કુટુંબમાંથી સ્થળાંતર માટેનું કારણ :**

A0 = છૂટક કામ

B1 = મોસમી રોજગારી

C2 = જીવનનિર્વાહના અન્ય પ્રકાર

D3 = સ્થળાંતરીત નથી

E4 = અન્ય હેતુ

**(12) સહાયની પસંદગી :**

A0 = વેતન રોજગાર

B1 = સ્વરોજગાર

D3 = ગૃહનિર્માણ

E4 = એક લાખ રૂપિયા કરતા વધુ લોન અથવા સહાયની જરૂર નથી

C2 = તાલીમ અને કૌશલ્યમાં વધારો

**(13) વપરાશી ચીજવસ્તુઓ, ટી.વી., રેડિયો, પંખો, કુકર જેવાં રસોઈના સાધનો :**

A0 = કંઇ નહીં D3 = કોઇ પણ ત્રણ અથવા બધી વસ્તુઓ

B1 = કોઇ એક

E4 = બધી વસ્તુઓ અથવા કોઇ પણ એકની માલિકી

C2 = ફક્ત બે વસ્તુઓ

કેન્દ્ર સરકારની યોજનાઓનો લાભ મેળવવામાં સ્પષ્ટતા રહે તે માટે આ 13 જેટલાં માપદંડો નક્કી કરવામાં આવ્યાં છે તે દરેક માપદંડ દીઠ ચાર ગુણ આપવામાં આવે છે. તેમાં શૂન્યથી 16 ગુણની અંદર કુટુંબ આવતું હોય તો તે આપોઆપ અતિગરીબ તરીકે કેન્દ્ર સરકારની યોજનાઓનો લાભાર્થી બને છે. આ પદ્ધતિ અનુસાર સરકારી યોજનાકીય લાભ માટે ઓછા ગુણવાળાને અગ્રિમતા અપાય છે.

## 16.6 ભારતમાં ગરીબીનું પ્રમાણ

આંતરરાષ્ટ્રીય ગરીબીનું માપનું ધોરણ અને રાષ્ટ્રીય ગરીબી માપના ધોરણમાં તફાવત છે. ભારતમાં ગરીબી માપનું ધોરણ અથવા ગરીબી રેખા જે તે સમયગાળામાં થયેલાં અભ્યાસો મુજબ ભિન્ન ભિન્ન છે. તે અનુસાર ભારતમાં ગરીબીનું પ્રમાણ નીચે મુજબ છે.

| વર્ષ | વસ્તી (ટકામાં) | | |
|---|---|---|---|
| | ગ્રામીણ | શહેરી | સંયુક્ત |
| 1973-74 | 56.4 | 49.0 | 54.9 |
| 1983-94 | 46.7 | 42.4 | 44.76 |
| 1993-94 | 30.3 | 32.4 | 36.0 |
| 1999-00 | 27.09 | 23.62 | 26.10 |
| 2004-05 | 28.3 | 25.7 | 23.5 |
| 2006-07 | 21.1 | 15.1 | 19.3 |

ઉપરોક્ત કોષ્ટકમાં 1993-94ના વર્ષને બાદ કરતાં 1973-74 થી 2006-07ના સમયગાળામાં શહેરી ગરીબી કરતાં ગ્રામીણ ગરીબીનું ટકાવારી પ્રમાણ વધુ જોવા મળે છે. આમ, ગરીબીના પ્રમાણમાં સતત ઘટાડો થયેલો જોવા મળે છે. છતાં પણ કુલ 19.3 ટકા લોકો પોતાની પ્રાથમિક જરૂરિયાત સંતોષવા અસમર્થ છે.

## 16.7 ગુજરાતમાં ગરીબીનું પ્રમાણ

ગુજરાતમાં પણ ગરીબીનું પ્રમાણ અંદાજવા માટે શહેરી, ગ્રામીણ અને સંયુક્ત એમ વિભિન્ન ગરીબી રેખા નક્કી કરવામાં આવે છે તે નીચેના કોષ્ટકમાં દર્શાવેલ છે.

| વર્ષ | વસ્તી (ટકામાં) | | |
|---|---|---|---|
| | ગ્રામીણ | શહેરી | સંયુક્ત |
| 1973-74 | 46.35 | 49.31 | 47.21 |
| 1983-84 | 29.80 | 40.63 | 33.27 |
| 1993-94 | 22.18 | 27.09 | 23.93 |
| 1999-00 | 13.17 | 15.59 | 14.09 |
| 2004-05 | 18.9 | 13.3 | - |

આમ, વિશ્લેષણ પરથી એટલું ચોક્કસ તારણ કાઢી શકાય કે રાષ્ટ્રીય અને પ્રાદેશિક કક્ષાએ ગરીબીનું પ્રમાણ ઘટતું જોવા મળે છે. પરંતુ આ પ્રમાણ હજું ઊંચુ કહી શકાય. ખાસ કરીને ભારતમાં 2006-

07ના આંકડા અનુસાર 19.3 ટકા ગરીબીનું પ્રમાણ છે. એ જ રીતે ગુજરાતમાં ગ્રામીણ ગરીબી 18.9 ટકા અને શહેરી ગરીબી 13.3 ટકા ગરીબી જોવા મળે છે. આઝાદીના સાત દાયકાઓ બાદ પણ સરકાર ગરીબી દૂર કરવામાં અપેક્ષિત સફળતા મેળવી શકી નથી.

## 16.8 ગરીબીના કારણો

કાર્લ માર્કસના મત મુજબ ગરીબી માટે જવાબદાર મુડીપતિઓ દ્વારા થતું શ્રમિકોનું શોષણ છે. જે અતિરેક મૂલ્યના સંદર્ભમાં શ્રમિકોનું શોષણ કરે છે. જ્યારે માલ્થસના વિચારો અનુસાર વસ્તીએ ગુણોત્તર શ્રેણીમાં વધારો થાય છે અને ખાદ્ય-સામગ્રીએ સમાંતરી શ્રેણીમાં વધારો થાય છે. જે બન્ને વચ્ચેના તફાવતના કારણે બધાં જ લોકો પોતાની જરૂરિયાત સંતોષી શકતા નથી. સૈદ્ધાંતિક વિચારોમાં માત્ર એક ચલ પર ધ્યાન કેન્દ્રિત કરીને એક કારણને જવાબદાર ગણવામાં આવે છે. પરંતુ વર્તમાન સમયમાં ગરીબી માટે એક નહિ અનેક કારણો જવાબદાર છે. તેનો ટૂંકમાં અભ્યાસ કરીએ.

### 16.8.1 ગરીબીનું વિષચક્ર

રન્નાર નર્ક્સ નામના અર્થશાસ્ત્રી દ્વારા આ વિચાર આપવામાં આવ્યો છે. તેમના મત અનુસાર વિકસતા દેશોમાં આર્થિક પરિબળો એવી રીતે એકબીજા સાથે સંકળાયેલા હોય છે કે જેના લીધે દેશ પછાત અવસ્થામાં રહે છે. ચક્ર અનુસાર લોકોની આવક ઓછી હોવાને કારણે બચત ઓછી હોય છે. બચત ઓછી હોવાને કારણે નવું મૂડીરોકાણ પણ ઓછું હોય છે અને નવી મૂડીરોકાણમાં ઇચ્છિત વધારો ન થતો હોવાથી નવી રોજગારીની તકોમાં વધારો થતો નથી. લોકોને રોજગારી ન મળતી હોવાથી આવક પણ મળતી નથી જે ગરીબ વધુને વધુ ગરીબ બનતો જાય છે.

### 16.8.2 આવક અને મિલકતની વહેંચણીમાં અસમાનતા

આવક અને મિલકતની વહેંચણી પણ આવકના સ્તરને અસર કરે છે. જેમ આર્થિક અસમાનતા વધુ તેમ ગરીબી પણ વધુ જોવા મળે છે. ભારતમાં આર્થિક અસમાનતા ગરીબી માટે મુખ્ય કારણ તરીકે ઓળખવામાં આવે છે. ભારતમાં તળિયાનું કુલ 40 ટકા લોકો પાસે માત્ર 10 ટકા જ સંપત્તિ ધરાવે છે. તેમાં પણ સૌથી તળિયાના 20 ટકા લોકોની સ્થિતિ સૌથી વધારે ખરાબ છે. આમ, અસમાનતાને કારણે ગરીબ વધુ ગરીબ બનતો જાય છે. અને ધનિક વધારે ધનિક બનતો જાય છે.

### 16.8.3 સામાજિક સેવાઓ સુધી પહોંચનો અભાવ

સામાજિક સેવાઓ જેવી કે સ્વાસ્થ્ય, શિક્ષણ સુધી સામાન્ય વ્યક્તિ પહોંચી શકતો નથી. ભૌતિક અને માનવીય સાધન સંપત્તિની વહેંચણીમાં અસમાનતા મુશ્કેલીઓમાં વધારો કરે છે. ગરીબ વ્યક્તિઓ સેવાઓનો યોગ્ય લાભ બહુ જ ઓછો મેળવી શકે છે. આ થવાનું અંશતઃ કારણ છે કે સરકાર આ સેવાઓ પહોંચાડવા માટે યોગ્ય રોકાણ નથી કરતી અને જે રોકાણ કરે છે તે યોગ્ય પ્રમાણ ન હોવાથી ઇચ્છિત પરિણામ મળ્યું નથી. આ ઉપરાંત ગરીબ લોકોમાં શિક્ષણનો અભાવ અને જાગૃતતા ઓછી હોવાને કારણે આવા લોકોને તેનો લાભ ઓછો મળે છે.

### 16.8.4 સંસ્થાકીય ધિરાણ મેળવવામાં મુશ્કેલી

બેંક તથા અન્ય વાણિજ્ય સંસ્થાઓ ગરીબ વ્યક્તિને લોન આપવામાં પક્ષપાત કરે છે કેમ કે તેને લોન ભરપાય ન થવાનો ડર હોય છે. આ ઉપરાંત લોન સામે જામીન સ્વરૂપે રાખવા માટે સંપત્તિ પણ હોતી નથી. તેથી ગરીબ વ્યક્તિએ સ્થાનિક શાહુકાર પાસેથી જ વધારે લોન લેવી પડે છે. જેનો વ્યાજદર તે વધુ હોય તેથી તેની દશા દિનપ્રતિ દિન નબળી પડતી જાય છે. ઉદાહરણ તરીકે તેમને જમીન માટે લગાન તરીકે ઊંચો ભાગ આપવો પડે છે. તથા મજૂરને તેના વેતનમાં સ્વરૂપમાં ઓછા વેતનો મળતા હોય છે. પોતાનો પાક પણ પુરતા ભાવો મેળવી શકતો નથી. આ દેવાની ચુકવણીને લીધે તેમની ગરીબી વધતી જાય છે. ભારતનો ગરીબ ખેડૂત દેવામાં જન્મે છે. દેવામાં જીવે છે અને દેવું વારસાગત આપે છે તેમ કહી શકાય.

### 16.8.5 ભાવ વધારો

ભાવ વધારાને કારણે મૂલ્યની ખરીદ શક્તિમાં ઘટાડો થાય છે અને શ્રમિકોના વાસ્તવિક વેતનમાં ઘટાડો થાય છે. આ ઘટેલા વાસ્તવિક વેતનના કારણે ગરીબ લોકો મોંઘી થયેલી પ્રાથમિક વસ્તુઓ ખરીદી શકતા નથી. આમ, વધતો ભાવ વધારો એ ગરીબોની સ્થિતિ વધારે કફોડી કરે છે.

### 16.8.6 અપૂરતો કૃષિ વિકાસ

ભારતને કૃષિ પ્રધાન દેશ તરીકે ઓળખવામાં આવે છે. કૃષિનો રાષ્ટ્રીય આવકમાં માત્ર 16 ટકા જ હિસ્સો છે તેમ છતાં રોજગારીમાં હજુ પણ 51 ટકાથી વધુ લોકો કૃષિમાંથી રોજગારી મેળવે છે. આ ઉપરાંત ઉદ્યોગોને પણ કાચોમાલ કૃષિ દ્વારા જ પૂરો પાડવામાં આવે છે. આમ છતાં અન્ય વિકસિત દેશોની સરખામણીમાં ભારતનો કૃષિ વિકાસ નિમ્ન છે. સિંચાઈની અપૂરતી સુવિધા, સુધારેલા બિયારણનો અભાવ વગેરેના કારણે પ્રતિ હેક્ટરદીઠ ઉત્પાદન ઓછું જોવા મળે છે. આ ઉપરાંત ભારતમાં ખેત ઉત્પાદન ખર્ચમાં સતત વધારો થયો છે તેની સામે યોગ્ય ભાવો મળતા ખેડૂતો અને ખેત મજૂરો દેવાની જાળમાં સપડાય છે. ગરીબીના વિષચક્રમાં ફસાતો જાય છે.

### 16.8.7 તીવ્ર વસ્તી વધારો

ભારતમાં હાલ પણ સૌથી મહત્ત્વની સમસ્યા હોય તો તે વસ્તી વધારાની છે અને ગરીબીના વિવિધ કારણોમાં સૌથી વધારે મહત્ત્વનું કારણ વસ્તી વધારો છે. ભારતમાં 1951માં 36.11 કરોડની વસ્તી હતી તે વધીને 2011માં 121 કરોડ થઈ. આ વધેલી વસ્તીને પ્રાથમિક સુવિધા જેવી કે શિક્ષણ, આરોગ્ય, અન્ન, વસ્ત્ર અને આવાસ વગેરે પુરું પાડતા રાષ્ટ્રીય બચતમાં ઘટાડો થાય છે. રાષ્ટ્રીય આવકમાં વધારો થતો હોવા છતાં માથાદીઠ આવકમાં વસ્તી વધારાના દરની સાપેક્ષ ઓછો વધારો થાય છે. જેના કારણે ગરીબીના વિષચક્રને ભેદી શકતા નથી.

### 16.8.8 શ્રમિકોની નીચી સીમાન્ત ઉત્પાદકતા

ભારતમાં ઔદ્યોગિક કે ખેતીક્ષેત્રમાં કામ કરનાર બધાં જ શ્રમિકોનો સરેરાશ સીમાન્ત ઉત્પાદકતા ઘણી નીચી જોવા મળે છે. તેને કારણે વળતર પણ ઓછું મળે છે. આવક ઓછી હોવાને કારણે જીવન ધોરણ પણ નીચું જોવા મળે છે. નીચું જીવન ધોરણ એ ગરીબીની વ્યક્ત કરે છે અને આ ચક્ર સતત ચાલ્યા કરે છે.

### 16.8.9 ઔદ્યોગિક ક્ષેત્રમાં માનવીય સાધનોનો અલ્પ વપરાશ

ભારતમાં શ્રમની છત ધરાવતો દેશ છે. સાપેક્ષમાં મૂડીની અછત જોવા મળે છે. તેથી મૂડીની અછત હોવાને કારણ ઉત્પાદન પદ્ધતિ શ્રમ પ્રધાન હોવી જોઈએ પરંતુ ભારતમાં ઝડપી ઉત્પાદન વધારવાના હેતુથી મૂડી પ્રધાન પદ્ધતિ અપનાવવામાં આવે છે તેથી માનવીય સાધનોને પૂરતા પ્રમાણમાં કામ આપી શકાતું નથી. પ્રો. માયર અને બાલ્ડવિન નામના અર્થશાસ્ત્રીઓ યોગ્ય જ કહે છે કે ×ગરીબ દેશોમાં શ્રમની સામાજિક કિંમત મૂડીની કિંમતની તુલનામાં નીચી અથવા શૂન્ય હોવાથી ઉત્પાદન વ્યવસ્થા મૂડીના સંદર્ભમાં શ્રમનું ઊંચુ પ્રમાણ આવકાર્ય ગણવું જોઈએ. પરંતુ ભારતમાં આ પ્રમાણેની વ્યવસ્થા ન હોવાને કારણે બેકારીનું પ્રમાણ વધુ જોવા મળે છે.×

આમ, ગરીબી માટે આ ઉપરાંત જાતિ-પ્રથા, ધાર્મિક વ્યવસ્થા શિક્ષણનો અભાવ, વય જૂથ વગેરે કારણો પણ ગરીબી માટે જવાબદાર ગણી શકાય.

## 16.9 ગરીબીના ઉપાયો

ભારત સરકાર દ્વારા ગરીબી નિવારણ માટે અનેક વિવિધ પગલાઓ લેવામાં આવેલ છે. તેનો ટૂંકમાં ચર્ચા કરવામાં આવેલ છે.

### 16.9.1 સ્વ-રોજગારીના કાર્યક્રમો

ગરીબી નિવારણ માટેના સ્વરોજગારી કાર્યક્રમો અન્વયે વ્યક્તિને સીધે સીધી રોજગારી મળતી

નથી. પરંતુ વ્યક્તિ ભવિષ્યમાં જાતે રોજગારી મેળવી શકે એવી તેને તાલીમ આપવામાં આવે છે. સ્વરોજગારીના મુખ્ય કાર્યક્રમો નીચે પ્રમાણે છે.

**16.9.2 સુવર્ણ જયંતિ સ્વ-રોજગાર યોજના**

આ યોજનામાં શહેરી વિસ્તારમાં 18 થી 35 વર્ષના ઉંમરના શિક્ષિત બેરોજગારો, ગરીબ મહિલાઓ અને બાળકો તથા સમાજના આર્થિક દૃષ્ટિએ નબળા લોકોના ઉદ્ધાર માટેના કાર્યક્રમોને પ્રાથમિકતા આપવામાં આવે છે. આ યોજના હેઠળ મહિલાઓને રોજગારીના હેતુ માટે નાણાંકીય સહાય આપવામાં આવે છે.

**16.9.3 વેતનયુક્ત રોજગારી કાર્યક્રમો**

આ કાર્યક્રમો અન્વયે બેરોજગાર વ્યક્તિને સીધેસીધી રોજગારી પૂરી પાડવામાં આવે છે. રોજગારીના બદલામાં તેને દરરોજ, અઠવાડિયે કે મહિને વેતન અથવા ખોરાકની સામગ્રી આપવામાં આવે છે.

**16.9.4 જવાહર ગ્રામ સમૃદ્ધિ યોજના**

ગામડાના લોકો પોતાની સ્થાનિક જરૂરિયાતો મુજબ ગ્રામીણ માળખાગત સુવિધાઓનું સર્જન કરી ટકાઉ અસ્કામત (સંપત્તિ) ઉભી કરી શકે તે આ યોજનાનો મુખ્ય ઉદ્દેશ છે. આ યોજના મુજબ ગામડાના ગરીબ લોકોને ચોમાસા સિદ્ધાંતના સમયમાં બેરોજગાર બેસી રહેવું ન પડે. પરંતુ તેઓ શારીરિક શ્રમ કરી કાયમી રોજગારી મેળવી શકે તે માટે વિવિધ કાર્યક્રમો ચલાવવામાં આવે છે. આ કાર્યક્રમોના વનીકરણ, ભૂમિ સંરક્ષણ, નાની ખેત યોજના, કુવાઓનું રિચાર્જિંગ ગામમાં રસ્તાઓ, દવાખાનું, શાળા, પંચાયત, ઘર, બસ ડેપો, વગેરેનું બાંધકામ તેમજ લઘુ સિંચાઈ માટે ચેકડેમો બાંધવા અને તળાવોને ઊંડા બનાવવા જેવાં કામોને પ્રાથમિકતા આપવામાં આવે છે. આ કામોનો મુખ્ય હેતુ ગ્રામીણક્ષેત્રે રોજગારીનું સર્જન કરી ગામડામાં સ્થાયી સાર્વજનિક નિકટો ઊભી કરી ગામડાને સમૃદ્ધ બનાવવા. યોજનાના કામોના ગ્રામિણ ગરીબો ન્યૂનત્તમ વેતન આપવામાં આવે છે.

**16.9.5 જાહેર વિતરણ વ્યવસ્થા**

આ યોજના ભારત સરકાર દ્વારા લાગું કરવામાં આવી હતી. જેમાં સરકારે 1975 બ્લોક નક્કી કરીને અંદાજે 16 કરોડ લોકોને નવા રાશનકાર્ડ આપવાનું નક્કી કરાયું.

આ યોજના ભારત સરકાર દ્વારા વર્ષ 1997માં દાખલ કરવામાં આવી હતી. TPDS હેઠળ ગરીબોની ઓળખ કરવાની જવાબદારી રાજ્ય સરકારની નિર્ધારિત હતી. આ માટે 'લાકડાવાલા સમિતિ'ની ભલામણો આધારિત આયોજન પંચે વર્ષ 1993-94માં રાજ્યવાર નક્કી કરેલી ગરીબી રેખાઓના આધારે ગણતરી કરાઈ હતી.

**16.10.6 અંત્યોદય અન્ન યોજના**

આ યોજના વર્ષ 2000માં લાગુ કરાઈ હતી. તેનો હેતુ ગરીબોમાં પણ સૌથી ગરીબોને લાભ આપવાનો હતો.

◆ **સંપૂર્ણ ગ્રામીણ રોજગાર યોજના :** આ યોજનાનો મુખ્ય ઉદ્દેશ ગામડામાં ઉત્પાદક અસ્કામતોના નિર્માણ સાથે વેતન આધારિત રોજગારી અને પોષણક્ષમ આહાર માટે અનાજની સલામતી પૂરી પાડવાનો છે. આ યોજના અન્વયે દુષ્કાળગ્રસ્ત વિસ્તાર રાહત કાર્યો, વનીકરણ, પશુસારવાર કેન્દ્રો, જળસ્રોતનાં વિકાસ કાર્યો વગેરેના બાંધકામ અને સમારકામના કામોમા ગ્રામીણ ગરીબોને રોજગારી આપવામાં આવે છે.

◆ **પ્રધાનમંત્રી ગ્રામોદ્ધાર યોજના :** આ યોજનાનો મુખ્ય ઉદ્દેશ ગ્રામીણ કક્ષાએ પ્રાથમિક આરોગ્ય, પીવાનું પાણી, પ્રાથમિક શિક્ષણ, આવાસ અને ગ્રામ સડકો, પોષણક્ષમ આહાર, વીજળી જેવી પ્રાથમિક સવલતોને અગ્રતા આપી ગ્રામ વિકાસને ઉત્તેજન આપવાનો છે. જેથી ગ્રામીણ ગરીબોના જીવનની યોજનાઓ ઉપરાંત નીચે દર્શાવેલી કેટલીક યોજનાઓ દ્વારા ગરીબી નિવારણ માટે પ્રયાસો

કરવામાં આવે છે :

– ઈન્દિરા આવાસ યોજના (આઈ.એ.વાય.)ની જેમ ગ્રામીણ ગરીબો માટે પ્રધાનમંત્રી ગ્રામીણ આવાસ યોજના અને શહેરી ગરીબો માટે વાલ્મીકિ આંબેડકર આવાસ યોજના.
– ગરીબી રેખાની નીચે જીવતા સૌથી વધુ ગરીબ કુટુંબો માટે અંત્યોદય અન્ન યોજના (એ.એ.વાય.)
– ગરીબ, નિરાધાર કુટુંબોની રાષ્ટ્રીય સામાજિક સહાય યોજના
– સુલભ શૌચાલયોના બાંધકામ માટે નિર્મલ ભારત અભિયાન
– પ્રાથમિક શિક્ષણના પ્રસાર માટે સર્વ શિક્ષા અભિયાન
– પછાત વિસ્તારોમાં અકુશળ કારીગરો માટે નેશનલ ફૂડ ફોર વર્ક પ્રોગ્રામ.

### 16.9.7 સુવર્ણ જયંતિ શહેરી રોજગાર યોજના

કેન્દ્ર સરકારના શહેરી બાબતો અને રોજગાર મંત્રાલય દ્વારા આ યોજના ચલાવવામાં આવે છે. આ યોજનાનો મુખ્ય હેતુ શહેરોના અર્ધ રોજગારી પ્રાપ્ત અને બેરોજગાર ગરીબોને સ્વરોજગારી માટે સાહસો સ્થાપવા પ્રોત્સાહિત કરવાનો છે અથવા અર્થ સભર રોજગારી પૂરી પાડવાનો છે આ યોજનામાં કેન્દ્ર સરકાર 75 ટકા નાણાં આપે છે અને 25 ટકા ખર્ચ રાજ્ય સરકાર કરે છે. આ યોજનાના મુખ્યત્વે બે ઘટકો છે. (1) શહેરી સ્વ-રોજગાર કાર્યક્રમ (2) શહેરી વેતન રોજગાર કાર્યક્રમ.

**(1) શહેરી વેતન રોજગાર કાર્યક્રમ :**

સુવર્ણ જયંતી રોજગાર યોજના હેઠળ આ મહત્ત્વનો કાર્યક્રમ ચાલે છે. તેનો હેતુ જાહેર મિલકતોનું નિર્માણ કરવું તે છે અને તે મારફતે ગરીબીની રેખા નીચે જીવનારા લોકોને વેતન રોજગારી પૂરી પાડવાનો છે. આ કાર્યક્રમનો અમલ 1991ની વસ્તી ગણતરી અનુસાર 5 લાખથી ઓછી વસ્તી ધરાવનારા નગરોમાં થાય છે. આ યોજના હેઠળના કામો માટે માલસામાન અને શ્રમનો ગુણોત્તર 60 : 40નો રહે છે.

**(2) શહેરી સ્વરોજગાર કાર્યક્રમ :**

આ કાર્યક્રમનો અમલ 1-12-1997થી થયો, તેનો હેતુ શિક્ષિત બેરોજગારોને સ્વરોજગારી પૂરી પાડવાનો છે.

**(3) રાષ્ટ્રીય ઝૂંપડપટ્ટી વિકાસ કાર્યક્રમ :**

1972માં પાંચમી પંચવર્ષીય યોજના દરમિયાન શહેરી ઝૂંપડપટ્ટીની પર્યાવરણીય સુધારણા નામની કેન્દ્ર પુરસ્કૃત યોજના દાખલ કરાઈ હતી. તેને સ્થાને આ યોજના અમલમાં આવી છે. કેન્દ્ર સરકારે 1996માં રાષ્ટ્રીય ઝૂંપડપટ્ટી વિકાસ કાર્યક્રમ શહેરી ગરીબોના જીવનની ગુણવત્તા સુધારવા માટે શરૂ કર્યો છે. NSDP નો હેતુ ભૌતિક અને સામાજિક સવલતો પૂરી પાડીને તેમજ સામુદાયિક માળખાગત સવલતોનો વિકાસ કરીને ઝૂંપડપટ્ટી વિસ્તારોને સુધારવાનો છે. શહેરી વસ્તી ધરાવતા તમામ રાજ્યોને આ યોજના લાગુ પડે છે અને રાજ્યોને તેમના શહેરી વસ્તીના પ્રમાણ અનુસાર નાણાંની ફાળવણી કરવામાં આવે છે.

### 16.9.9 ગરીબી નિવારણ, આર્થિક-સામાજિક વિકાસની વિવિધ યોજનાઓ

ભારતીય સંસદે રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંહેધરી ધારા 2005માં ઘડ્યો અને તે કાયદા હેઠળ રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંહેધરી યોજનાનો અમલ તા. 2-2-06 થી શરૂ થયો. દેશમાં પહેલી જ વાર કાનૂની રીતે રોજગારની બાંહેધરી ઊભી કરીને કામના હકને કાનૂની દરજ્જો આપવાનો પ્રયાસ કર્યો છે. 'કામને બદલે અનાજ'નો રાષ્ટ્રીય કાર્યક્રમ નવેમ્બર-2004માં શરૂ કરાયો હતો. દેશના સૌથી ગરીબ 250 જિલ્લાઓમાં ચાલતાં આ કાર્યક્રમનો અનુભવ રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંહેધરી ધારા હેઠળ ચાલનારા રોજગાર સર્જનની આ યોજના માટેનો આધાર બને તેવી દૃષ્ટિથી આ યોજનાની શરૂઆત થઈ છે. આ કાયદો રોજગારની કાનૂની બાંહેધરી આપે છે. અને રાજ્ય ફરજનું પાલન કરે તો કાયદાકીય રીતે અનિવાર્ય બનાવે છે તે એ રીતે રાજ્યના પક્ષે ઉત્તર દાયિત્વ ઊભું કરે છે.'

### 16.9.10 રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંહેધરી ધારા 2005 યોજના અને કાયદા અંગેની મહત્ત્વની વિગતો

– ભારતના બંધારણની કલમ-41 અન્વયે કામના અધિકારનું રક્ષણ રાજ્યની ફરજ છે.

– કામના અધિકારના રક્ષણની સાથે સાથે જીવનનો અધિકાર, અન્નનો અધિકાર અને શિક્ષણનો અધિકાર જેવા બંધારણીય અધિકારોનો ભોગવટો પણ અનિવાર્ય છે.

– ગ્રામ વિસ્તારોમાં ખાતરી પૂર્વકની રોજગારી પૂરી પાડી એને કામના અધિકારની પ્રાપ્તિ તરફનું મોટું પગલું બનાવવું.

– ખાતરીવાળી રોજગારીના કાર્યક્રમ દ્વારા માળખાગત સવલતોના વિકાસ, સામાજિક સમતા, પર્યાવરણનું રક્ષણ અને મહિલાઓની અધિકારીતા સિદ્ધ કરવા.

– ખાતરીવાળી રોજગારીની જોગવાઈ માટે વિકેન્દ્રિત અભિગમ અપનાવીને વિકાસના આયોજન અને સ્થાનિક શાસનમાં લોકોની સહભાગિતાને પ્રોત્સાહન આપવું.

આ ધારા-કાયદાનો અમલ :

1. જમ્મુ અને કાશ્મીર રાજ્ય સિવાય ભારતના ગ્રામીણ વિસ્તારોમાં તે લાગુ પડશે.
2. ભારતના તમામ ગ્રામ્ય વિસ્તારોમાં આ કાયદો પાંચ વર્ષમાં અમલમાં આવશે.
3. શરૂઆતમાં તે સૌથી ગરીબ જિલ્લાઓમાં અમલમાં આવશે અને પછી ધીમે ધીમે પાંચ વર્ષમાં સમગ્ર ભારતમાં લાગુ પડશે.

– ગ્રામ વિસ્તારોમાં રહેતા દરેક પરિવારમાં કમ સે કમ એક પુખ્ત વ્યક્તિને વર્ષમાં 100 દિવસની રોજગારી લઘુત્તમ વેતન સાથે બાંહેધરી સાથે મેળવવાનો અધિકાર રહેશે.

– કરેલા કામનું વેતન સાત દિવસમાં ચૂકવાશે.

– કેન્દ્ર સરકાર રોજગારીના દિવસોની સંખ્યા 100થી વધારી શકે છે, તે દરેક પુખ્ત વયની વ્યક્તિ માટે અને શહેરી વિસ્તારોમાં પણ લાગુ પડી શકે છે.

- **રોજગારી બાંહેધરી કાર્યક્રમનો અમલ કોણ કરાવશે ?**

જિલ્લામાં કાર્યક્રમના અમલ માટે કલેક્ટર જવાબદાર રહેશે. બાકીના તમામ અધિકારીઓ છેવટે કલેક્ટરને જવાબદાર રહેશે. કલેક્ટર છેવટે જિલ્લા પંચાયતને જવાબદાર રહેશે. દરેક તાલુકામાં કાર્યક્રમ અધિકારીની નિમણૂંક રાજ્ય સરકાર કાર્યક્રમ અધિકારીની સત્તાઓ અને ફરજો ગ્રામ પંચાયતને સોંપી શકાય છે.

- **રોજગારી નીતિ :**

ગ્રામીણ વિસ્તારોમાં, સંકલિત ગ્રામ વિકાસ કાર્યક્રમ (IRDP) રાષ્ટ્રીય ગ્રામીણ રોજગારી કાર્યક્રમ (NREP) અને ગ્રામીણ શ્રમિક રોજગારી બાંહેધરી કાર્યક્રમ (RLEGP) એ દેશની રોજગારી લક્ષી યોજનાઓ છે. સરકાર પછાત અને ગ્રામીણ વિસ્તારોમાં ઉદ્યોગોના સ્થાનીકરણને પ્રોત્સાહનો પૂરાં પાડે છે. શહેરી વિસ્તારોમાં બેંક ધિરાણ, વ્યાવસાયિક તાલીમ જેવાં પ્રોત્સાહનોની મદદથી સ્વ-રોજગારી વધારવા પર ભાર મૂકવામાં આવ્યો છે. રોજગાર અંગેની વ્યૂરચનાને ઉદ્યોગીકરણ વ્યૂહરચના સાથે સાંકળી લેવામાં આવી છે. સરકાર શ્રમ-પ્રધાન લઘુ ઉદ્યોગો અને કુટિર ઉદ્યોગોને ઉત્તેજન આપવા માગે છે.

## 16.10 સારાંશ

આ એકમમાં આપણે ગરીબી રેખાની વ્યાખ્યા તથા માપન અને તેની સાથે સંકળાયેલ વિવાદોનો અભ્યાસ કર્યો. આ ઉપરાંત ગરીબીના કારણો તથા તેના ઉપાયો વગેરેનો સંક્ષેપમાં અભ્યાસ કરેલ છે. તેના સારાંશ રૂપે એટલું કહી શકાય કે વૃદ્ધિલક્ષી વ્યૂહરચનાને કારણે સરકારે વૃદ્ધિ સાથે પુનઃ વહેંચણના

અભિગમ અપનાવવામાં આવેલ છે. જે એક કાર્યક્રમ નહીં પણ વિવિધ ક્ષેત્રીય કાર્યક્રમોના સમૂહ તરીકે રજૂ થયો તે આપણે જાણીયું.

## 16.11 કેટલાંક ચાવીરૂપ શબ્દો:

**નિરપેક્ષ ગરીબી** : જે લોકો પોતાની પ્રાથમિક જરૂરિયાત જેવી કે અન્ન, વસ્ત્ર અને આવાસ વગેરે સંતોષી શકતા ન હોય તેને નિરપેક્ષ ગરીબી ગણવામાં આવે છે.

**સાપેક્ષ ગરીબી** : સમાજમાં વ્યક્તિઓ આવકની સરખામણી અન્ય વ્યક્તિ સાથે કરી તેને સાપેક્ષ ગરીબી કહે છે. તે આર્થિક અસમાનતા દર્શાવે છે.

**આવક ગરીબી** : જે લોકોના જીવન-ધોરણ ખર્ચ અને ખોરાક સંબંધિત મૂલ્યોના આધારે માપવામાં આવતી ગરીબીને આવક ગરીબી તરીકે ઓળખવામાં આવે છે.

**ગરીબી રેખા** : સામાન્ય રીતે દેશમાં પ્રવર્તમાન સંજોગોમાં વ્યક્તિને જીવતા રહેવા ઓછામાં ઓછું જેટલું ખર્ચ કરવું પડે તે આવકને ગરીબી રેખા કહે છે.

## 16.12 તમારી પ્રગતિ ચકાસો

**(A) સવિસ્તાર પ્રશ્નોના જવાબ આપો.**

1. સાપેક્ષ ગરીબી અને નિરપેક્ષ ગરીબી વચ્ચેનો તફાવત સ્પષ્ટ કરો.

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

2. ગરીબીના મુખ્ય ત્રણ કારણો ટૂંકમાં જણાવો.

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

3. આવક ગરીબી અને માનવ ગરીબીનો ખ્યાલ સમજાવો.

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

4. ગરીબી રેખા એટલે શું ? તે કેવી રીતે નક્કી કરવામાં આવે છે ?

..................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

**(B) નીચેના વિધાનો ખરા છે કે ખોટા તે જણાવો.**

1. જે લોકો પોતાની પ્રાથમિક જરૂરિયાત સંતોષી ન શકતા હોય તેને સાપેક્ષ ગરીબ કહે છે.
2. સાપેક્ષ ગરીબી આર્થિક અસમાનતા દર્શાવે છે.
3. ગરીબીનું આંતરરાષ્ટ્રીય માપદંડ 1.25 ડોલર છે.
4. 'પોવર્ટી ઑફ બ્રિટિશ ઈન્ડિયા' પુસ્તકના લેખક દાદાભાઈ નવરોજી છે.

જવાબ : (1) ખોટું (2) સાચું (3) સાચું (4) સાચું

## 16.13 કેટલાંક ઉપયોગી પુસ્તકો


- ખાદેર એચ. એ. 'માનવ વિકાસ' યોજના, પ્રકાશન વિભાગ, માહિતી પ્રસારણ મંત્રાલય ઑગસ્ટ 2000, પાન નં. 15.
- ભોયે કૈલાસ, ગરીબીના સ્થાનિક માપદંડો, ગૂજરાત વિદ્યાપીઠ, 2011
- Human Development Report, 2011
- http://education.newkerala.com
- world Development Report-2011
- Socio-Economic Review, Gujarat State Gandhinagar, 2010-11

# એકમ 17

## ભારતીય અર્થતંત્રની સમસ્યા : બેરોજગારી
## (Problames of Indian Economy : Unempleymoney)

### : રૂપરેખા :

**17.0** ઉદ્દેશો

**17.1** પ્રસ્તાવના

**17.2** બેરોજગારીનો અર્થ

**17.3** બેરોજગારીનું માપન

**17.4** ભારતમાં બેરોજગારીનું પ્રમાણ.

- **17.4.1** વિવિધ સ્વરૂપે બેરોજગારીનું પ્રમાણ
- **17.4.2** શિક્ષણ સ્તર મુજબ બેરોજગારીનું પ્રમાણ
- **17.4.3** વયજૂથ મુજબ બેરોજગારીનું પ્રમાણ
- **17.4.4** ભારતમાં બેરોજગારીની પ્રાદેશિક તુલના.

**17.5** બેરોજગારીનાં કારણો

**17.6** બેરોજગારી નિવારણના ઉપાયો

**17.7** બેરોજગારી અને સરકારની નીતિ

**17.8** સારાંશ

**17.9** શબ્દાવલી

**17.10** તમારી પ્રગતિ ચકાસોના જવાબો.

**17.11** સંદર્ભ પુસ્તકો

### 17.0 ઉદ્દેશો

- બેરોજગારીનો ખ્યાલ અને ભારતમાં બેરોજગારીના માપન અંગે સમજ કેળવવી.
- ભારતની વર્તમાન બેકારીની સ્થિતિથી માહિતગાર કરી, વિદ્યાર્થીઓમાં તે અંગે સંવેદના જગાવવી.
- ભારતમાં બેરોજગારી માટે કેવા પરિબળો જવાબદાર છે તે અંગે માહિતગાર કરવું.
- બેરોજગારી દૂર કરવા વ્યક્તિગત, સંસ્થાગત અને સરકાર દ્વારા કેવા પગલાં લેવાઈ રહ્યા છે ? અને લેવા જોઈએ ? તે પ્રત્યે વિદ્યાર્થીઓમાં અભિગમ કેળવવો.
- સરકારના રોજગારલક્ષી કાર્યક્રમો અંગે સભાનતા જગાવવી.

### 17.1 પ્રસ્તાવના

પ્રવર્તમાન સમયે વિશ્વમાં વિજ્ઞાન અને ટેક્નોલોજીનો વિકાસ ઝડપી બન્યો છે. માનવ જરૂરિયાતો અમર્યાદિત અને જટિલ બની છે. બીજી બાજુ ગરીબી, બેરોજગારી, ફુગાવો, મંદી, પ્રદુષણ, કુદરતી અને માનવસર્જિત આપત્તિઓ જેવી અનેક સામાજિક, આર્થિક અને પર્યાવરણીય સમસ્યાઓ વધુ પડકારજનક સાબિત થઈ છે. જે પૈકી બેરોજગારીની સમસ્યા વિશ્વમાં અવનવા સ્વરૂપે કાયમી બનતી જાય છે. વીસમી સદી પહેલા બેરોજગારીની સમસ્યા અલ્પ ઉત્પાદન કે આર્થિક સંકટને કારણે સર્જાતી હતી. જ્યારે એકવીસમી સદીમાં ટેક્નોલોજી અને યાંત્રિકીકરણને કારણે જોવા મળે છે. આમ, બેરોજગારી એક વૈશ્વિક સમસ્યા છે. વિકાસમાન અર્થવ્યવસ્થા ધરાવનાર ભારત

દેશમાં પણ બેરોજગારી પરંપરાગત અને દીર્ઘકાલીન સમસ્યા બની ચૂકી છે. ભારતીય આયોજનમાં બેરોજગારી નિવારવાના ધ્યેયને અગ્રિમતા આપવામાં આવી, તેમ છતાં આયોજનના સાડા છ દાયકા પછી પણ આ સમસ્યા યથાવત્ છે. આયોજનકાળ દરમિયાન આર્થિક વિકાસના દરમાં ઝડપી વધારો થયો, પરંતુ માંગ મુજબ રોજગારીની તકોમાં વધારો થયો નથી. એકબાજુ વસ્તીવૃદ્ધિનો ઉંચો દર અને બીજી બાજુ રોજગારી સર્જનના નીચા દરને કારણે બેરોજગારીની સમસ્યા વધુ ચિંતાજનક બની છે.

## 17.2 બેરોજગારીનો અર્થ

સામાન્ય રીતે બેરોજગારી એ પ્રવર્તમાન વળતરે કામ કરી શકે તેવા ઉત્પાદનના સાધનની કામ વગરની સ્થિતિનો નિર્દેશ કરે છે. પરંતુ સમજણની સરળતા ખાતર બેરોજગારીનો ખ્યાલ શ્રમના સંદર્ભમાં જ વિચારવામાં આવે છે. તેથી અહીં શ્રમિકને લક્ષમાં રાખીને જ બેરોજગારીનો ખ્યાલ સ્પષ્ટ કર્યો છે.

અર્થશાસ્ત્રની પરિભાષામાં બેરોજગારી એટલે પ્રવર્તમાન વેતન દરે વ્યક્તિની કામ કરવાની ઈચ્છા, શક્તિ અને તૈયારી હોવા છતાં તેને કામ ન મળે ત્યારે તે વ્યક્તિની કામ વગર રહેવાની સ્થિતિને બેરોજગારી કહેવાય. આવી બેરોજગારીને 'અનૈચ્છિક' કે 'ફરજિયાત' બેરોજગારી પણ કહેવાય. જ્યારે પ્રવર્તમાન વેતન દરે કામ મળવા છતાં વ્યકિતની કામ કરવાની ઈચ્છા અને શક્તિ ન હોવાથી કામ વગર બેસી રહેવાની સ્થિતિને 'સ્વૈચ્છિક બેરોજગારી' કહી શકાય. પરંતુ તે સાચા અર્થમાં બેરોજગારી નથી. જેમ કે બાળકો, વૃદ્ધો, અશક્તો અને પોતાની ઈચ્છાથી કામ વગર બેસી રહેનાર સક્રિય શ્રમ-પુરવઠાનો હિસ્સો ના હોવાથી તે બેરોજગાર નથી. આમ તો બેરોજગારીના ખ્યાલ અંગે વિવિધ મંતવ્યો પ્રવર્તે છે.

શ્રીમતી ઉર્સુલા હિક્સના મતે "સમાજમાં માન સાથે જીવવાની તકનાં અભાવને બેરોજગારી કહેવામાં આવે છે."

પિગુના મતે ×કોઈ વ્યક્તિ માત્ર ત્યારે જ બેરોજગાર કહેવાય છે કે જ્યારે તેની કામ કરવાની ઈચ્છા હોવા છતા કામ મળતું નથી.×

કેઈન્સના મતે "કામની શોધ કરતો વ્યક્તિ પોતાની ક્ષમતા અને યોગ્યતાનુસાર કામ મેળવી ના શકે તો તે બેરોજગાર કહેવાય."

ટૂંકમાં પ્રવર્તમાન વેતન દરે કામ કરવાની ઈચ્છા, શક્તિ અને તૈયારી હોવા છતાં કામ મળતું ના હોય તેવી સ્થિતિને બેરોજગારી કહેવાય.

## 17.3 બેરોજગારીનું માપન

બેરોજગારીનું ચોક્કસ પ્રમાણ જાણવું મુશ્કેલ છે. કારણ કે વસ્તી ગણતરીની જેમ બેરોજગારીની આકારણી માટે સમષ્ટિલક્ષી (ભારતના તમામ કુટુંબોનું સર્વે) અભ્યાસો થતા નથી. તેમ છતાં કેટલીક સંસ્થાઓ દ્વારા ભારતમાં અમુક કુટુંબોનું નિદર્શ તરીકે પસંદ કરી તેમના સર્વે આધારિત અંદાજો મેળવાય છે. ભારતમાં મુખ્યત્વે શ્રમ અને રોજગાર મંત્રાલય - લેબર બ્યુરો, NSSO (રાષ્ટ્રીય નમૂના સર્વેક્ષણ સંસ્થા) તથા CMIE જેવી સંસ્થાઓ બેરોજગારીનું માપન કરે છે. આ દરેક સંસ્થાઓની અભ્યાસ પદ્ધતિ ભિન્ન ભિન્ન હોય છે. તેથી કઈ સંસ્થાના આંકડા વિશ્વાસપૂર્ણ રીતે સ્વીકારવું તે મુંઝવણ ભર્યો પ્રશ્ન છે. જો કે ભારતના આયોજન પંચ દ્વારા NSSO ના અંદાજો વધુ સ્વીકાર્ય ગણાય છે.

બેરોજગારીના આંકલન માટે ભારતના આયોજન પંચ (હાલનું NITI આયોગ) દ્વારા ઈ.સ.1969માં દાંતવાલા સમિતિની નિમણૂંક કરવામાં આવી. આ સમિતિની ભલામણ અનુસાર NSSO દ્વારા બેરોજગારીના માપન માટે ચોક્કસ માપદંડો તૈયાર કર્યો છે. જેનો સૌપ્રથમ ઉપયોગ ઈ.સ.1942માં NSSO ના 27માં રાઉન્ડ વખતે કરવામાં આવ્યો. આ માપદંડોના મુખ્ય ત્રણ ખ્યાલો છે.

### 1) સામાન્ય દરજ્જાનો ખ્યાલ (Usual Status Concept)

આ ખ્યાલ અનુસાર જો વ્યકિત સમગ્ર વર્ષ (365 દિવસ) દરમિયાન કોઈ પણ આર્થિક

પ્રવૃત્તિમાં જોડાયેલ ન હોય તો તેને સામાન્ય બેરોજગારી અથવા લાંબાગાળાની બેરોજગારી કહેવાય. આ પ્રકારની બેકારીને 'કાયમી બેકારી' તથા 'ખુલ્લી બેકારી' પણ કહી શકાય.

**2) સાપ્તાહિક દરજ્જાનો ખ્યાલ (Weekly status concept)**

આ ખ્યાલ મુજબ મોજણીનાં દિવસ પહેલાના એક અઠવાડિયા દરમિયાન જો વ્યકિતને કામની શોધ કરવા છતાં સાત માંથી એક પણ દિવસે એક કલાક માટે પણ કામ મળ્યું ના હોય તો તેવી સ્થિતિને સાપ્તાહિક બેકારી કહેવાય. આ ખ્યાલ અઠવાડિયે સરેરાશ કેટલી વ્યક્તિઓને રોજગારી મળે છે. અને કેટલી વ્યક્તિઓ બેરોજગાર રહે છે તેનો નિર્દેશ કરે છે.

**3) દૈનિક દરજ્જાનો ખ્યાલ (Daily status concept)**

આ ખ્યાલ અનુસાર જે દિવસે સર્વે થાય તે દિવસ પહેલાના પ્રત્યેક સાત દિવસ દરમિયાન જો વ્યક્તિને એક કલાકથી વધુ અને ચાર કલાકથી ઓછું કામ મળ્યું હોય તો તે વ્યક્તિને અર્ધા દિવસની રોજગારી મળી અને અડધો દિવસ તે બેરોજગાર છે તેમ કહેવાય. આવી બેકારીને દૈનિક બેકારી તથા અર્ધબેકારી પણ કહી શકાય. જો અઠવાડિયાના દરેક દિવસે ચાર કલાકથી વધુ કામ મેળવી શકે તો તે વ્યક્તિ આખા દિવસની રોજગારી મેળવે છે તેમ કહેવાય. આવી સ્થિતિ દૈનિક બેકારી કહેવાશે નહિ.

આમ, ઉપરોક્ત ખ્યાલોના આધારે નિર્ધારિભ બેકારીને ત્રણ સ્વરૂપે વર્ગીકૃત કરી શકાય (1) લાંબાગાળાની બેકારી (2) સાપ્તાહિક બેકારી અને (3) દૈનિક બેકારી.

## 17.4 ભારતમાં બેરોજગારીનું પ્રમાણ

**1. ભારતમાં વિવિધ સ્વરૂપે બેરોજગારીનું પ્રમાણ**

કોઈ પણ અર્થતંત્રમાં બેરોજગારીનું પ્રમાણ કેટલું છે. તે બેરોજગારીના દરને આધારે વધુ સરળતાથી સમજી શકાય. સામાન્ય રીતે બેરોજગારીનો દર એ પ્રવર્તમાન વેતન દરે કામ કરતા, કામ કરવાની તૈયારી અને ઈચ્છા ધરાવતા કે કામની શોધમાં હોય એવા તમામ 15 થી 64 વર્ષની વયજુથમાં સમાવિષ્ટ કુલ શ્રમદળ પૈકી કામે જોડાયેલા ન હોય તેવા વ્યક્તિઓનું ટકાવારી પ્રમાણ દર્શાવે છે. ટૂંકમાં કુલ શ્રમદળ પૈકી બેરોજગાર વસ્તીનું ટકાવારી પ્રમાણને બેરોજગારીનો દર કહેવાય.

નેશનલ સેમ્પલ સર્વે ઓર્ગેનાઈઝેશન (NSSO) ના બેરોજગારીની સ્થિતિ અંગેના 68માં રાઉન્ડ (2011-12)ના અહેવાલ મુજબ ભારતમાં સામાન્ય બેરોજગારી સાપ્તાહિક બેરોજગારી અને દૈનિક બેરોજગારી એમ ત્રણે સ્તરની બેરોજગારીની સ્થિતિમાં વિવિધતા જોવા મળે છે. જેમ કે...

(અ) લાંબાગાળાની બેરોજગારીનું ટકાવારી પ્રમાણ જોતા ભારતમાં ગ્રામીણક્ષેત્રે કુલ શ્રમશક્તિ પૈકી 2 ટકા પુરૂષો અને 2 ટકા મહિલાઓ બેરોજગાર છે. જ્યારે શહેરી વિસ્તારમાં 3 ટકા પુરૂષો અને 5 ટકા મહિલાઓ બેરોજગાર છે. એનો અર્થ ગ્રામીણ કરતા શહેરી વિસ્તારમાં બેરોજગારીનું પ્રમાણ ઊંચું છે.

(બ) સાપ્તાહિક બેરોજગારીની દૃષ્ટિએ ગ્રામીણ ક્ષેત્રે 3 ટકા પુરૂષો અને 4 ટકા મહિલાઓ સાપ્તાહિક બેરોજગાર છે. જ્યારે શહેરી વિસ્તારમાં આ પ્રમાણ અનુક્રમે 4 ટકા અને 7 ટકા જોવા મળે છે. આમ. સાપ્તાહિક બેરોજગારી પણ ગ્રામીણ વિસ્તાર કરતાં શહેરી વિસ્તારમાં વધુ જોવા મળે છે. એ જ રીતે પુરૂષો કરતા સ્ત્રીઓમાં બેકારીનો દર ઊંચો છે.

(ક) દૈનિક બેકારી અનુસાર ગ્રામીણ વિસ્તારમાં પુરૂષો અને મહિલાઓમાં સમાન રીતે છ ટકા દૈનિક બેકારી છે. જ્યારે શહેરી વિસ્તારમાં 5 ટકા પુરૂષો અને 8 ટકા સ્ત્રીઓમાં દૈનિક બેકારી છે. દૈનિક બેકારીની દૃષ્ટિએ શહેરી મહિલાઓમાં બેરોજગારીનો દર સૌથી ઊંચો જોવા મળે છે. જે ચિંતાજનક સ્થિતિ કહી શકાય.

આમ, ટકાવારી પ્રમાણની રીતે જોતા ભારતમાં બેરોજગારીની સ્થિતિ વધુ સ્પષ્ટ કરી શકાય છે. એ જ રીતે કુલ શ્રમદળ પૈકી પ્રતિ એક હજારે કામ ન કરનાર વસ્તીના પ્રમાણના આધારે પણ બેરોજગારીની સ્થિતિ જાણી શકાય. જે નીચેના કોષ્ટકમાં દર્શાવ્યું છે.

**કોષ્ટક : 17.1 બેરોજગારીનો દર (પ્રતિ 1000)**

| વર્ષ | ગ્રામીણ | | | શહેરી | | | કુલ (ગ્રામીણ + શહેરી) | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | પુરૂષ | સ્ત્રી | કુલ | પુરૂષ | સ્ત્રી | કુલ | પુરૂષ | સ્ત્રી | કુલ |
| સામાન્ય સ્તર | 17 | 17 | 17 | 30 | 52 | 34 | 21 | 24 | 22 |
| સાપ્તાહિક | 33 | 35 | 34 | 38 | 67 | 44 | 35 | 42 | 37 |
| દૈનિક | 55 | 62 | 57 | 49 | 80 | 55 | 53 | 66 | 56 |

સ્ત્રોત - NSSO, 68th Round (2011-12)

આ ઉપરાંત ભારતના શ્રમ અને રોજગાર મંત્રાલય તથા CMIE ના અહેવાલોના આંકડા જોતા તાજેતરમાં ભારતમાં બેરોજગારીનો દર વધુ ચિંતાજનક સાબિત થયો છે. સામાન્ય સ્તરના ખ્યાલ અનુસાર આ બેરોજગારીનો દર કુલ શ્રમદળ પૈકી બેરોજગાર વસ્તીનું ટકાવારી પ્રમાણ દર્શાવે છે. જે કોષ્ટક 17.2 પરથી જાણી શકાય.

**કોષ્ટક : 17.2 બેરોજગારી દર (Unemployment Rate)**

| વર્ષ | ગ્રામીણ | | | શહેરી | | | કુલ (ગ્રામીણ + શહેરી) | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | પુરૂષ | સ્ત્રી | કુલ | પુરૂષ | સ્ત્રી | કુલ | પુરૂષ | સ્ત્રી | કુલ |
| 2015* | 4.2 | 7.8 | 5.1 | 3.3 | 12.1 | 4.9 | 4.0 | 8.7 | 5.0 |
| 2016 | 5.42 | 20.38 | 7.72 | 6.35 | 31.65 | 10.59 | 5.72 | 24.33 | 8.67 |
| 2017 | 3.18 | 11.15 | 4.26 | 4.02 | 15.63 | 5.59 | 3.47 | 12.65 | 4.71 |
| 2018 | 4.35 | 11.60 | 5.25 | 4.63 | 17.03 | 6.18 | 4.44 | 13.42 | 5.56 |
| Dec 2018 | 5.38 | 14.06 | 6.46 | 5.47 | 19.40 | 7.16 | 5.41 | 15.71 | 6.68 |

સ્ત્રોત - *Fifth Annual Report on Employment-Unemployment Survey (2015-16), Ministry of Labour & Employment, Labour Bureau, Chandigarh.

Unemployment in India. A Statistical Profile, January-April, 2016, 2017, 2018 & Dec 2018, Centre for Monitoring Indian Economy Pvt. Ltd.

ઉપરોક્ત કોષ્ટક જોતા ભારતમાં મોટા ભાગે સરેરાશ 5 થી 6 ટકાએ રહેતો બેરોજગારી દર તાજેતરમાં પોણા સાત ટકાએ પહોંચી ગયો છે. જો કે વર્ષ 2015 માં સૌથી વધુ 8.67 ટકા બેરોજગારી હતી તે ઘટીને ડિસેમ્બર 2018 માં 6.68 ટકા છે. તાજેતરમાં પણ ગ્રામ વિસ્તાર કરતા શહેરી વિસ્તારમાં સરેરાશ રીતે બેકારીનો દર ઊંચો છે, એ જ રીતે પુરૂષો કરતા સ્ત્રીઓમાં બેરોજગારીનો દર સરેરાશ રીતે ત્રણ ગણો ઊંચો જોવા મળે છે.

**(2) શિક્ષણ સ્તર મુજબ બેરોજગારીનું પ્રમાણ**

શૈક્ષણિક દરજ્જાના આધારે શૈક્ષણિક બેરોજગારીની સ્થિતિ વધુ ઊંડાણપૂર્વક જાણી શકાય. NSSOના 68માં રાઉન્ડના અહેવાલ અનુસાર ભારતમાં 15 થી 29 વર્ષની વયજુથ ધરાવતા શિક્ષિત યુવાનોમાં બેરોજગારીનો દર સૌથી ઊંચો છે. જેમ કે ગ્રામીણક્ષેત્રે 8.1 ટકા યુવાનો અને 15.5 ટકા યુવતિઓ બેરોજગાર છે. જ્યારે શહેરી વિસ્તારમાં 17 ટકા યુવાનો અને 19.8 ટકા યુવતીઓ બેરોજગાર છે. આમ, ગ્રામીણ કરતા શહેરી વિસ્તારમાં શૈક્ષણિક બેકારી વધુ જોવા મળે છે. આ ઉપરાંત CMIE ના અહેવાલના તાજેતરના આંકડાઓને આધારે ભારતમાં શૈક્ષણિક બેકારીની પ્રવર્તમાન સ્થિતિ કોષ્ટક ૧૭.૩ મુજબ જાણી શકાશે.

**કોષ્ટક 17.3 શિક્ષણ સ્તર મુજબ બેરોજગારી દર**

| વર્ષ | નિરક્ષર | ધો-5 સુધી | ધો 6 થી 9 | ધો 10 થી 12 | સ્નાતક કે તેથી વધુ |
|---|---|---|---|---|---|
| 2016 | 4.86 | 2.65 | 8.57 | 12.29 | 17.24 |
| 2017 | 2.33 | 1.59 | 3.03 | 6.56 | 11.21 |
| 2018 | 2.81 | 1.18 | 2.86 | 8.50 | 12.60 |
| Dec.2018 | 0.79 | 1.31 | 4.55 | 10.63 | 13.17 |

સ્રોત - Unemployment in India, A Statistical Profile, January-April, 2016, 2017, 2018 & Dec.2018 Centre For Monitoring Indian Economy Pvt. Ltd.

વર્તમાન સમયે શિક્ષણનો ઉદ્દેશ માનવમૂલ્યોના ઘડતરને બદલે કારકીર્દી ઘડતરનો થતો જાય છે. ત્યારે ઉપરોક્ત કોષ્ટક અને આલેખ દ્વારા અભિવ્યક્ત થતી હકીકત ચોકાવનારી છે. આલેખ અનુસાર નિરક્ષર વ્યક્તિઓમાં બેરોજગારીનું પ્રમાણ સૌથી ઓછુ છે, અને તે ઘટ્યુ છે. જ્યારે જેમ જેમ શિક્ષણની કક્ષા વધે છે તેમ તેમ બેરોજગારીનું પ્રમાણ પણ વધુ જોવા મળે છે. કોષ્ટક 17.3 અને આલેખમાં દર્શાવ્યા મુજબ છેલ્લા ત્રણે વર્ષ દરમિયાન સ્નાતક કે તેથી વધુ અભ્યાસ ધરાવતા શિક્ષિત યુવાનોમાં બેરોજગારીનું પ્રમાણ સૌથી વધુ છે. કારણ કે શિક્ષિત યુવાનોને તેમની લાયકાત અનુસાર કામ ન મળવાને કારણે તેઓ કામની શોધમાં બેકાર રહે છે. જ્યારે નિરક્ષર કે ઓછું ભણેલા યુવાનો કોઈ પણ કામ સ્વીકારી લે છે. તેથી નિરક્ષર કે પ્રાથમિક શિક્ષણ ધરાવનારાઓમાં બેરોજગારીનો દર નીચો જોવા મળે છે.

### (3) વયજુથ મુજબ બેરોજગારીનું પ્રમાણ

વયજુથ મુજબ બેરોજગારીનો દર એ કઈ ઉંમરના વ્યક્તિઓમાં બેકારીનું પ્રમાણ કેટલું છે તેનો નિર્દેશ કરે છે. ભારતમાં કયા ઉંમરના લોકોમાં બેરોજગારી વધુ છે કે ઓછી તે કોષ્ટક 17.4 અને આલેખ દ્વારા સમજી શકાય.

**કોષ્ટક 17.4 વયજુથ મુજબ બેરોજગારી**

| ક્રમ | વયજુથ | 2016 | 2017 | 2018 | Dec.2018 |
|---|---|---|---|---|---|
| 1 | 15-19 | 44.37 | 24.36 | 32.38 | 47.18 |
| 2 | 20-24 | 26.53 | 19.04 | 25.89 | 32.28 |
| 3 | 25-29 | 9.82 | 8.04 | 9.05 | 9.85 |
| 4 | 30-34 | 4.64 | 2.29 | 2.18 | 2.22 |
| 5 | 35-39 | 2.70 | 1.42 | 1.33 | 1.24 |
| 6 | 40-44 | 2.00 | 1.07 | 0.86 | 0.61 |
| 7 | 45-49 | 1.82 | 0.93 | 0.58 | 0.45 |
| 8 | 50-54 | 1.27 | 0.75 | 0.36 | 0.42 |
| 9 | 55-59 | 1.38 | 0.86 | 0.57 | 0.45 |
| 10 | 60-64 | 1.69 | 1.13 | 0.53 | 0.92 |
| 11 | >=65 | 2.21 | 1.84 | 0.71 | 0.87 |
| 12 | >=15 | 8.67 | 4.71 | 5.56 | 6.68 |

સ્રોત - Unemployment in India, A Statistical Profile, January-April, 2016, 2017, 2018 & Dec.2018 Centre For Monitoring Indian Economy Pvt. Ltd.


આલેખમાં દર્શાવેલ સૌથી ઉપરની રેખાઓ સૌથી ઊંચો બેકારી દર દર્શાવે છે. જ્યારે x-ધરીને સ્પર્શતી રેખાઓ નીચી બેરોજગારી દર્શાવે છે. સમગ્ર આલેખ જોતા સરળતાથી સમજી શકાય કે x-ધરીથી સૌથી ઉપરની રેખાઓ 15 થી 24 વર્ષના યુવાઓમાં બેરોજગારી દર્શાવે છે. એટલે કે 15 થી 24 વર્ષના યુવાનોમાં બેરોજગારીનું પ્રમાણ સૌથી વધુ છે. આ વર્ગના યુવાનો અભ્યાસ અથવા કામની શોધમાં હોવાથી આ સ્થિતિ સ્વાભાવિક છે. પરંતુ 25 થી 39 વર્ષના પુરૂષ વયજુથમાં બેરોજગારીનો ઊંચો દર ચિંતાજનક છે.

**(4) ભારતમાં બેરોજગારીની પ્રાદેશિક તુલના**

બેરોજગારીની દૃષ્ટિએ જુદા-જુદા રાજ્યો વચ્ચેની તુલનાથી બેરોજગારીની સમસ્યા કયા રાજ્યોમા વધુ ગંભીર છે તેનો ખ્યાલ મેળવી શકાય. ભારતના શ્રમ અને રોજગાર મંત્રાલયના રોજગાર-બેરોજગાર અંગેના પાંચમાં સર્વે અહેવાલ-2015-16 મુજબ હિમાચય પ્રદેશ, કેરળ, સિક્કિમ, ત્રિપુરા, આંદામાન-નિકોબાર તથા લક્ષદ્વિપ વગેરે રાજ્યોમાં 10 ટકાથી વધુ બેરોજગારી છે. જે પૈકી ત્રિપુરામાં સૌથી વધુ 19.7 ટકા બેરોજગારી છે. જ્યારે છત્તિસગઢ, ગુજરાત, કર્ણાટક અને દીવ-દમણમાં 2 ટકાથી ઓછી બેરોજગારી છે. જે પૈકી બેકારીનો સૌથી નીચો દર દિવ-દમણ (0.3 ટકા) અને ગુજરાત (0.9 ટકા)મા છે. આ ઉપરાંત તાજેતરમાં CMIEના જાન્યુઆરી 2019ના અહેવાલ મુજબ વિવિધ રાજ્યોમાં બેરોજગારીની સ્થિતિ નીચેના આલેખ પરથી સમજી શકાશે.

**આલેખ નં. - ૩**

**ભારતના વિવિધ રાજ્યોમાં બેરોજગારીનો દર**




તાજેતરની માહિતી દર્શાવતા ઉપરોક્ત આલેખ મુજબ ચંદીગઢ, હરિયાણા, જમ્મુ કશ્મીર અને ત્રિપુરામાં બેરોજગારીનો દર 15 ટકાથી પણ ઊંચો છે. જે પૈકી ત્રિપુરામાં સૌથી વધુ 30.9 ટકા છે. જ્યારે ગુજરાત, મેઘાલય, પોંડૂચેરી, તમીલનાંડુ, તેલંગાણા જેવા રાજ્યોમાં 3 ટકાથી પણ ઓછી બેરોજગારી છે. આમ, ભારતના મોટાભાગના રાજ્યોમાં 5 ટકાની આસપાસ બેરોજગારીનો દર જોવા મળે છે.

**(ક) તમારી પ્રગતિ ચકાસો :**

(1) બેરોજગારીનો દર એટલે...

(a) દેશની કુલ વસ્તી પૈકી બેરોજગારોનું ટકાવારી પ્રમાણ

(b) કુલ શ્રમદળ પૈકી બેરોજગાર વસ્તીનું ટકાવારી પ્રમાણ

(c) કુલ શ્રમદળ પૈકી કામ કરતી વસ્તીનું ટકાવારી પ્રમાણ

(d) કુલ વસ્તી પૈકી રોજગાર મેળવનાર વસ્તીનું ટકાવારી પ્રમાણ

(2) NSSOના 68માં રાઉન્ડ મુજબ ભારતમાં સામાન્ય બેરોજગારીનો દર ગ્રામીણ વિસ્તાર કરતા શહેરી વિસ્તારમાં ............ જોવા મળે છે.

| | |
|---|---|
| (a) વધુ | (c) સરખો |
| (b) ઓછો | (d) એક પણ નહિ. |

(3) કોષ્ટક 17.1 મુજબ ભારતમાં કયા સ્વરૂપની બેરોજગારી પુરુષો કરતા સ્ત્રીઓમાં વધુ જોવા મળે છે.

| | |
|---|---|
| (a) સામાન્ય | (c) દૈનિક |
| (b) સાપ્તાહિક | (d) ત્રણેય સ્વરૂપની |

(4) ભારતમાં શિક્ષણ સ્તર મુજબ તાજેતરમાં બેરોજગારીનો દર કઈ કક્ષાએ સૌથી ઊંચો છે.

| | |
|---|---|
| (a) ધોરણ - 5 સુધી | (c) ધો-10 થી 12 |
| (b) ધો-6 થી 9 | (d) સ્નાતક કે તેથી વધુ |

(5) નીચેના પૈકી કયા રાજ્યમાં બેરોજગારીનો દર સૌથી નીચો છે.

| | |
|---|---|
| (a) ત્રિપુરા | (c) ગુજરાત |
| (b) જમ્મુ કશ્મીર | (d) હરીયાણા |

## 17.5 ભારતમાં બેરોજગારીનાં કારણો

ભારતની વર્તમાન સામાજિક-આર્થિક સ્થિતિને અનુલક્ષીને ભારતની બેરોજગારી માટે નીચે મુજબના કારણો દર્શાવી શકાય

### (1) વસ્તી વધારાનો ઊંચો દર :

ભારત વસ્તીની દૃષ્ટિએ વિશ્વમાં ચીન પછી બીજું સ્થાન ધરાવે છે. ઈ.સ. 1911માં ભારતની કુલ વસ્તી 25 કરોડ હતી જે 2011માં વધીને 121 કરોડ થઈ. ઈ.સ.1931 પછી વાર્ષિક સરેરાશ 1 ટકાથી ઊંચા દરે વસ્તી વધારો થયો. ઈ.સ.1971 થી 1991 દરમિયાન 2 થી 2.25 ટકાના દરે વસ્તીમાં વધારો થયો હતો. જે 2011 ની વસ્તી ગણતરી મુજબ 1.64 ટકા છે. એટલે કે ભારતમાં હજુ પણ વસ્તી વધારાનો દર ખૂબ ઊંચો છે. વસ્તી વધારાની સાથે શ્રમદળ (15 થી 64 વર્ષની વસ્તી) માં પણ સતત વધારો થાય છે. એની સામે રોજગારીની તકોમાં અપૂરતા વધારાને કારણે બેરોજગારી સર્જાય છે. વધતી વસ્તીના ભરણપોષણ પાછળ રાષ્ટ્રીય આવકનો મોટો હિસ્સો ખર્ચાઈ જાય છે. જેને કારણે બચત અને મૂડીરોકાણ પૂરતા પ્રમાણમાં થઈ શકતું નથી. મૂડીરોકાણના નીચા દરને કારણે પર્યાપ્ત માત્રામાં રોજગારીનું સર્જન થતું નથી. પરિણામે વસ્તીમાં થતો સતત વધારો બેરોજગારી સર્જે છે.

### (2) બચત અને મૂડીરોકાણનો નીચો દર :

ભારતના આર્થિક - સામાજિક સમીક્ષા અહેવાલ 2017-18 અનુસાર ભારતનો બચતદર વર્ષ 2011માં કુલ ઘરેલું પેદાશ (GDP) ના 34.6 ટકા હતો. તે ઘટીને વર્ષ 2017-18માં 32.5 ટકા થઈ ગયો છે. એ જ રીતે મૂડીસર્જન દર આ ગાળા દરમિયાન 39.0 ટકાથી ઘટીને 33.3 થયો છે. આમ. એક બાજુ વસ્તીમાં ઝડપી વધારો થાય છે અને બીજી બાજું બચત અને મૂડીસર્જનનાં દરમાં ઘટાડો થાય છે. પરિણામે વધતી વસ્તીને પહોંચી વળવા પૂરતા પ્રમાણમાં રોજગારીનું સર્જન થતું નથી. રાષ્ટ્રીય આવકનો મોટો હિસ્સો મૂડીરોકાણ દ્વારા રોજગારી સર્જનને બદલે વધતી વસ્તીના ભરણપોષણ પાછળ ખર્ચાય છે. જેને કારણે બેરોજગારીમાં સતત વધારો થાય છે.

## (3) મૂડીપ્રધાન ઉત્પાદન પદ્ધતિ :

ઉત્પાદન પ્રક્રિયામાં જ્યારે શ્રમની તુલનાએ મૂડીનો ઉપયોગ વધુ થાય તો તે મૂડીપ્રધાન ઉત્પાદન પદ્ધતિ અને મૂડીની તુલનામાં શ્રમશક્તિનો ઉપયોગ વધુ થાય તો તે શ્રમપ્રધાન ઉત્પાદન પદ્ધતિ કહેવાય. ભારતમાં શ્રમશક્તિની વિપુલતા હોવા છતાં મૂડીપ્રધાન પદ્ધતિનું વલણ વધતું જાય છે. ભારતમાં બીજી પંચવર્ષીય યોજનાથી જ મોટા અને પાયાના ઉદ્યોગોના વિકાસની રણનીતિ અપનાવી હતી. મોટાભાગની યોજનાઓમાં આધુનિકીકરણના હેતુથી યાંત્રિકીકરણ અપનાવ્યું. વિકાસલક્ષી અને કલ્યાણકારી યોજનાઓ પણ મૂડીના વધુ ઉપયોગ દ્વારા અમલી બની હતી. જેના કારણે રોજગારીની તકોનું ધાર્યા પ્રમાણમાં સર્જન થઈ શક્યું નથી. ઔદ્યોગિક ક્ષેત્રે મજુર સંગઠનોથી રક્ષણ મેળવવા, ઉત્પાદકતા વધારવા અને વૈશ્વિક સ્પર્ધામાં ટકી રહેવા ટેક્નોલોજીનો ઉપયોગ વધતો જાય છે. આમ, મૂડીનું પ્રાધાન્ય સર્વવ્યાપી બનવાથી ભારતમાં બેરોજગારીની સમસ્યા તીવ્ર બની છે.

## (4) ખામીયુક્ત શિક્ષણ પદ્ધતિ :

ભારતમાં શિક્ષિત બેરોજગારીનું મુખ્ય કારણ ખામીયુક્ત શિક્ષણ પ્રણાલી છે. વિજ્ઞાન અને ટેક્નોલોજીના બદલાયેલ સ્વરૂપની સાથે રોજગારીના ક્ષેત્રો પણ બદલાય છે. ઝડપી આર્થિક વૃદ્ધિના હેતુથી કૃષિ, ઉદ્યોગ અને સેવાક્ષેત્રે અદ્યતન ટેક્નોલોજી અને યાંત્રિકીકરણ વધી રહ્યું છે. તેથી તેને અનુરૂપે ટેક્નોલોજીનું જ્ઞાન ધરાવતા, કુશળ અને વ્યાવસાયિક તાલીમ પામેલ શ્રમિકોની જરૂરિયાત ઊભી થઈ છે. પરંતુ આવા શ્રમિકો તૈયાર કરવા વર્તમાન શિક્ષણ પદ્ધતિ નિષ્ફળ ગઈ છે. વર્તમાન શિક્ષણ પ્રણાલી માનવીની માનસિક અને શારીરિક કેળવણીમાં સફળ થઈ નથી. સર્જનાત્મક, રચનાત્મક કાર્ય કરી શકે તથા સ્વરોજગારી મેળવી શકે એવી કેળવણીના બદલે ડિગ્રીધારી બેરોજગારોનું સર્જન કરે છે. આવા ડિગ્રીધારી શિક્ષિતો પોતાની ડિગ્રી મુજબ કામ ન મળતા બેરોજગાર રહેવાનું પસંદ કરે છે.

## (5) શ્રમની મર્યાદિત ગતિશીલતા :

શ્રમની ભૌગોલિક કે વ્યાવસાયિક ગતિશીલતા મર્યાદિત હોવાને કારણે પણ બેરોજગારી સર્જાય છે. સામાજિક પરંપરા, રીતરિવાજો, કૌટુંબિક સંબંધો, સંસ્કૃતિ, ધર્મ, ભાષા રહેઠાણની સમસ્યા, વાહનવ્યવહારની અપૂરતી સવલતો વગેરે કારણોસર વ્યક્તિ રોજગારી માટે સ્થળાંતર કરવાને બદલે બેરોજગાર રહેવાનું પસંદ કરે છે. ઘણી વખત ગ્રામીણ વિસ્તારોમાં અપૂરતી માળખાકીય સવલતોને કારણે આ વિસ્તારમાં રોજગારી મળતી હોવા છતાં વ્યક્તિ સ્થળાંતર કરવાને બદલે બેરોજગાર રહે છે. આ ઉપરાંત કોઈ એક વ્યવસાયમાંથી બીજા વ્યવસાયમાં સ્થળાંતર કરવું પડતુ હોવાથી બેરોજગાર રહેવાનું પસંદ કરે છે. આમ શ્રમિકની ભૌગોલિક કે વ્યવસાયિક ગતિશીલતાના અભાવે પણ બેરોજગારી સર્જાય છે.

## (6) માનવ સંસાધનનું અયોગ્ય આયોજન :

ભારત દેશ યુવાનોનો દેશ ગણાય છે. આ યુવા શ્રમદળનો કાર્યક્ષમ ઉપયોગ એ ભાવિ વિકાસની પૂર્વ શરત છે. પરંતુ ભારતમાં જે પ્રકારનું માનવ મૂડીરોકાણ થકી માનવશ્રમ આકાર પામી રહ્યું છે, તે જોતાં તેને અનુરૂપ આર્થિક પ્રક્રિયા અપનાવી તેને રોજગારી આપવી મુશ્કેલ છે. કારણ કે વૈશ્વિક સ્પર્ધા સામે ટકી રહેવા આર્થિક પદ્ધતિ વૈશ્વિક પ્રવાહોને આધીન રાખવી પડે છે, શ્રમદળને આધીન નહિ. તેથી ભારતમાં માનવ સંસાધનનું આયોજન વૈશ્વિક અને રાષ્ટ્રીય આર્થિક પ્રવૃત્તિઓને અનુરૂપ થવું જોઈએ. વાસ્તવમાં વર્તમાન સમયે જે પ્રકારના ટેકનિકલ અને આધુનિક શ્રમશક્તિની જરૂર છે તે પ્રકારનું શ્રમદળ કેળવવાનું આયોજન થતું નથી. મોટા પ્રમાણમાં થતાં મૂડીરોકાણથી ડિગ્રી ધારી શ્રમદળ ઊભુ થાય છે. જેનાથી શિક્ષિત બેરોજગારી સર્જાય છે.

## (7) શારીરિક શ્રમ પ્રત્યે ઉદાસીનતા :

મહાત્મા ગાંધીજીએ માનવ જીવનમાં શરીર શ્રમને અનિવાર્ય ગણાવ્યું છે. કોઈ પણ પ્રકારના શારીરિક શ્રમને નાનું કામ સમજી નાનમ અનુભવવાને બદલે શ્રમનું ગૌરવ લેવું જોઈએ, એમ તેઓ

દઢતાપૂર્વક માનતા હતા. પરંતુ પ્રવર્તમાન સમયે ટેક્નોલોજીનો વિકાસ થતાં આર્થિક પ્રવૃત્તિઓ અને જીવનશૈલી પણ બદલાઈ રહી છે. તેની સાથે સાથે શરીરશ્રમની અવગણના કે ઉદાસીનતા વધતી જાય છે. લોકમાનસમાં શરીરશ્રમ પ્રતિષ્ઠા ઘટાડનાર પરિબળ બની ગયું છે. શરીરશ્રમ કરવાથી વ્યક્તિ નાનમ અને શરમ અનુભવે છે. આવી મનોવૃત્તિને કારણે શરીરશ્રમલક્ષી કામ મળવા છતાં વ્યક્તિ જ્યાં સુધી વ્હાઈટ કોલર જોબ અથવા ઓફિસ વર્ક ન મળે ત્યાં સુધી બેરોજગાર રહેવાનું પસંદ કરે છે. દા.ત., ખેતી, પશુપાલન, કડિયાકામ, સુથારીકામ વગેરે પ્રવૃત્તિમાંથી વધુ વળતર મળવા છતાં વ્યક્તિ આ વ્યવસાયમાં કામ કરવાને બદલે બેરોજગાર રહે છે. આમ, શરીરશ્રમ પ્રત્યેની ઉદાસીનતા બેરોજગારીને પોષે છે.

**(8) સ્વરોજગારલક્ષી સવલતોનો અભાવ :**

વધતા શ્રમદળને સંગઠિક્ષેત્ર સંપૂર્ણપણે રોજગારી પૂરી પાડી શકે તે અશક્ય છે. ભારતમાં મોટા પ્રમાણમાં યુવાનો આ ક્ષેત્રે રોજગારીની શોધમાં બેરોજગાર રહે છે. વાસ્તવમાં આ સિવાય સ્વરોજગારીનું વિશાળ ક્ષેત્ર ખુલ્લું છે. ભારતમાં બેરોજગાર રહેલો શ્રમ જો સ્વરોજગારીના ક્ષેત્રે જોડાય તો બેકારીનો પ્રશ્ન આપો આપ દૂર થઈ જાય. પરંતુ ભારતમાં સ્વરોજગારલક્ષી સુવિધાઓ અપૂરતી છે. ખાસ કરીને ગ્રામીણક્ષેત્રે વિજળી, પાણી, વાહન તથા સંદેશ વ્યવહાર, વ્યાપાર, બેંકિંગ, શિક્ષણ, આરોગ્ય વગેરે જેવી પાયાની સવલતો પર્યાપ્ત નથી. સ્વરોજગારલક્ષી તાલિમની વ્યવસ્થા અને જાગૃતિનો પણ અભાવ હોવાથી સ્વરોજગારીનાં ક્ષેત્રો વિકસ્યા નથી. પરિણામે બેરોજગારી વધે છે.

**(9) રોજગારલક્ષી કાર્યક્રમોનો બિનકાર્યક્ષમ અમલ અને માહિતીનો અભાવ :**

ભારતમાં બેરોજગારી દૂર કરવા સરકાર દ્વારા વિવિધ રોજગારલક્ષી યોજનાઓ અમલી બનાવાય છે. જેમ કે 'મનરેગા' પ્રધાનમંત્રી રોજગાર યોજના, સ્વર્ણજયંતી ગ્રામ સ્વરોજગાર યોજના વગેરે જેવી યોજનાઓ સમયાંતરે પ્રવર્તમાન સરકાર દ્વારા અમલ થાય છે. પરંતુ તેનું કાર્યક્રમ અમલીકરણ થયું નથી. યોજના અંગે લોકોને માહિતી પહોંચતી નથી, લાગવગ, લાંચ, ભ્રષ્ટાચાર વગેરે પરિબળોને કારણે બેરોજગારો સુધી યોજનાઓના લાભ પહોંચતા નથી. તેથી બેરોજગારી યથાવત્ રહે છે.

આમ, ઉપરોક્ત વિવિધ કારણોસર બેરોજગારી ઉદ્ભવે છે, ટકી રહે છે, અને વધે છે. આ ઉપરાંત અજ્ઞાનતા, ઓછું શિક્ષણ, રોજગારીની દૃષ્ટિએ કૃષિક્ષેત્રની અવગણના, ગ્રામીણ ક્ષેત્રે રોજગારીની તકોનો અભાવ, રોજગાર વિહિન વિકાસનું આયોજન, ગરીબી, કુદરતી સંશોધનોનો બિનકાર્યક્ષમ ઉપયોગ વગેરે કારણે પણ બેરોજગારી સર્જાય છે.

**(ખ) તમારી પ્રગતિ ચકાસો :**

(1) વસ્તી ગણતરી અહેવાલ-2011 મુજબ ભારતમાં વસ્તી વૃદ્ધિ દર ....... છે.

(a) 0.64 (c) 2.64

(b) 1.64 (d) 1 ટકા

(2) શ્રમદળમા .......... વયજૂથનો સમાવેશ થાય છે.

(a) 0 થી 60 (c) 15 થી 64

(b) 15 થી 35 (d) 15 થી વધુ

(3) નીચેનાં ખરા-ખોટા વિધાનો ચકાસો

(a) રોજગારલક્ષી મૂડીરોકાણ વધવાથી બેરોજગારી વધે છે.

(b) વસ્તીવધારો અને બેરોજગારી વચ્ચે સિધો સંબંધ છે.

(c) રોજગારલક્ષી શિક્ષણ વ્યવસ્થાને કારણે શિક્ષિત બેકારી સર્જાય છે.

(d) શ્રમિકની ભૌગોલિક અને વ્યાવસાયિક ગતિશીલતા વધવાથી બેરોજગારી સર્જાય છે.

(4) નીચેના પૈકી કયુ વિધાન બેરોજગારી સર્જનનું કારણ નથી.

(a) સ્વરોજગારલક્ષી સવલતોનો અભાવ.

(b) મૂડીપ્રધાન ઉત્પાદન પદ્ધતિનો અભાવ.

(c) શારીરિક શ્રમ પ્રત્યેની ઉદાસીનતા.

(d) ખામીયુક્ત શિક્ષણ પદ્ધતિ.

## 17.6 બેરોજગારી દૂર કરવાના ઉપાયો

ભારતમાં બેરોજગારીની સમસ્યા પરંપરાગત બની ચૂકી છે. બેરોજગારી એ માત્ર આર્થિક પ્રશ્ન જ નથી. સામાજિક, રાજકીય, નૈતિક, માનસશાસ્ત્રીય જેવી અનેક સમસ્યાઓની જનની પણ છે. ભારતમાં આયોજનકાળ દરમિયાન બેરોજગારી દૂર કરવાના અનેક પ્રયાસો થયા. ખાસ કરીને પાંચમી અને છઠ્ઠી પંચવર્ષીય યોજનામાં બેરોજગારી નાબૂદી માટે સરકારે વધુ ભાર આપ્યો. આ પ્રયાસોથી રોજગારીમાં વધારો થયો પરંતુ વધતી માંગને પહોંચી વળવા અપર્યાપ્ત હતી. તેથી બેરોજગારી યથાવત્ રહી છે. જેનાં વિવિધ કારણોની ચર્ચા કર્યા બાદ બેરોજગારી દૂર કરવાના નીચે મૂજબના કેટલાક ઉપાયો સૂચવી શકાય.

**(1) વસ્તી - નિયંત્રણ :**

ભારતમાં વધતા શ્રમદળને પહોંચી વળવા પૂરતા પ્રમાણમાં રોજગારીનું સર્જન થતું નથી. તેથી વસ્તીવધારો બેરોજગારીનું કારણ બન્યું છે. પ્રવર્તમાન વસ્તી વૃદ્ધીનો દર 1.6 ટકા, જો યથાવત્ રહેશે તો બેરોજગારીની સમસ્યા હલ કરવું મુશ્કેલ બનશે. વર્તમાન સમયે જે પ્રકારની ટેક્નોલોજી આધારિત ઉત્પાદન પ્રક્રિયાનું વલણ વેગવંત છે, તે જોતા વિકસિત દેશોની જેમ ભારતમાં પણ રોજગારી સર્જન દર ઘટશે. આવી સ્થિતિમાં વસ્તી વૃદ્ધિનાં દરને નિયંત્રિત કર્યા વગર બેરોજગારી નાબૂદ કરવું મુશ્કેલ છે. વસ્તી વધારાથી વસ્તી વિષયક મૂડીરોકાણ વધે છે. જેને કારણે બચત અને મૂડીરોકાણમાં ઘટાડો થાય છે. જે રોજગારી સર્જનમાં અવરોધક બને છે. તેથી બેરોજગારી દૂર કરવા વસ્તીવૃદ્ધિ પર નિયંત્રણ અનિવાર્ય છે.

**(2) રોજગારલક્ષી આયોજન :**

ભારતનાં આયોજિત વિકાસમાં આયોજનપંચની મહત્વની ભૂમિકા રહેલી છે. આયોજનકાળ દરમિયાન ઝડપી આર્થિક વૃદ્ધિ પ્રાપ્ત થઈ છે તેમાં બેમત નથી. બીજી પંચવર્ષીય યોજનાઓમાં ભારે, પાયાના અને મૂડી મુલક ઉદ્યોગોને મહત્વ આપ્યું. જેનાથી ભારતનો ઔદ્યોગિક પાયો મજબૂત થયો. ઔદ્યોગિક વિકાસ વેગવંત બન્યો. પરંતુ ધાર્યા પ્રમાણમાં રોજગારીનું સર્જન થયું નથી. પાંચમી અને છઠ્ઠી પંચવર્ષીય યોજના દરમિયાન ગરીબી બેરોજગારી નિવારણને મહત્વ આપ્યું. પરંતુ પર્યાપ્ત માત્રામાં રોજગારલક્ષી મૂડીરોકાણ ન થવાથી બેરોજગારી યથાવત્ રહી. ટૂંકમાં અત્યાર સુધીની યોજનાઓ અસરકારક રોજગાર સર્જક રહી નથી. તેથી હવે પછીના આયોજનમાં જાહેર અને ખાનગી ક્ષેત્રે પણ રોજગારલક્ષી મૂડીરોકાણ થાય તે અંગે અગ્રિમતા આપવાની આવશ્યકતા છે. રોજગારી સર્જક ક્ષેત્રોમાં મૂડીરોકાણ વધારવાની સાથે સાથે આર્થિક અને નીતિ નિષયક પ્રોત્સાહન આપવું જરૂરી છે. ભારત માટે પરંપરાગત રીતે રોજગારીનું પ્રાધાન્ય ધરાવતાં કૃષિક્ષેત્રનાં વિકાસને વધુ મહત્વ આપવાની જરૂરિયાત છે. એ જ રીતે ગ્રામોદ્યોગો, વ્યકિતગત અને સામૂહિક સેવાઓ તથા મનરેગા જેવી છેવાડાના માનવીને રોજગારી આપી શકે તેવી રોજગારલક્ષી યોજનાઓ પાછળ વધુ મૂડીરોકાણ કરવુ જોઈએ.

**3 રોજગારલક્ષી શિક્ષણ અને શ્રમશક્તિનું યોગ્ય આયોજન :**

બદલાતા વૈશ્વિક આર્થિક પ્રવાહોની સાથે સાથે વસ્તુ કે સેવાની માંગ અને ઉત્પાદન પ્રક્રિયામાં પણ ઝડપી ફેરફારો થઈ રહ્યા છે. તેની અસરથી શ્રમશક્તિની માંગનું સ્વરૂપ પણ બદલાય છે. જેમ કે પ્રવર્તમાન સમયે ઉત્પાદન અને સેવાના દરેક ક્ષેત્રે ટેકનિકલ જ્ઞાન, કૌશલ્ય, પ્રોફેશનલ, વિશિષ્ટિકરણ, સંચાલન અને સંશોધન વગેરે સ્વરૂપની હુનેહ ધરાવતી શ્રમશક્તિની આવશ્યકતા છે. ટૂંકમાં ટેક્નોલોજી આધારિત ઉત્પાદક શ્રમની માંગ વધી રહી છે. તેથી માંગ મુજબ શ્રમશક્તિના પુરવઠાનું સર્જન થાય

તે પ્રકારનું આયોજન કરવું જરૂરી બન્યુ છે. આ માટે પરંપરાગત શિક્ષણ માળખામાં પરિવર્તન કરવાની આવશ્યકતા છે. ચીલાચાલુ અભ્યાસક્રમોને બદલે માંગ આધારિત શ્રમશક્તિનું ઘડતર થાય તે મુજબના અભ્યાસક્રમો કે શિક્ષણ પ્રણાલી અપનાવવું જોઈએ. અને તે માટે યોગ્ય આર્થિક આયોજન તથા નીતિવિષયક પગલાં લેવા જોઈએ, તો જ બેરોજગારી દૂર કરી શકાશે.

**(4) નાના અને ગૃહઉદ્યોગોનો વિકાસ :**

રોબૉ ટેક્નોલોજીના સમયકાળમાં બેરોજગારીનું મોટું કારણ મૂડીપ્રધાન ઉત્પાદન પદ્ધતિ છે. તેથી આવા રોબૉટીક યંત્રોના કારણે સર્જાતી બેરોજગારી દૂર કરવાનો સૌથી અસરકારક ઉપાય 'નાના અને ગૃહઉદ્યોગોનો વિકાસ' કરવામાં રહેલો છે. દા.ત; ખાદી ગ્રામોદ્યોગો, ભરતકામ, સુથારીકામ, દરજીકામ વગેરે. નાના ઉદ્યોગો ઓછા મૂડીરોકાણે વધુ રોજગારી આપવાની ક્ષમતા ધરાવે છે. કારણ કે આ ઉદ્યોગો શ્રમપ્રધાન ઉત્પાદન પદ્ધતિથી ચાલે છે. આવા ઉદ્યોગોના વિકાસ થકી યંત્રોના બદલે વધુને વધુ શ્રમિકોને રોજગારી આપી શકાય. તેથી આવા રોજગારી સર્જક ઉદ્યોગોના વિકાસ માટે સરકારે પ્રોત્સાહક પગલા લેવાની જરૂર છે. ગૃહ અને નાના ઉદ્યોગોની સ્થાપના માટે સબસીડી, કરવેરામાંથી મુક્તિ, ઓછા વ્યાજે લોન, બજાર વ્યવસ્થા, કાચામાલની વ્યવસ્થા, માંગલક્ષી પ્રોત્સાહનો, ઉત્પાદનનાં અનામત ક્ષેત્રો વગેરે વિવિધ નીતિ વિષયક પગલા લઈને આ ઉદ્યોગોનો વિકાસ કરવો જોઈએ. સ્થાનિક જરૂરિયાત મુજબ સ્થાનિક સાધનો અને સ્થાનિક કાચામાલના ઉપયોગ પર આધારિત ગૃહ અને નાના ઉદ્યોગોને કોઈ પણ પ્રદેશમાં વિકસાવી શકાય છે. દેશનાં વિવિધ પ્રદેશોમાં વિવિધ પ્રકારનાં આવા નાના અને ગૃહઉદ્યોગો વિકસાવીને નોંધપાત્ર રીતે બેરોજગારી ઘટાડી શકાય છે.

**(5) સામાજિક - આર્થિક સેવાઓનું વિસ્તરણ :**

સામાજિક - આર્થિક સેવાઓ કે જેને પાયાની અથવા આંતર માળખાકીય સેવાઓ પણ કહી શકાય દા.ત. વાહન વ્યવહાર, સંદેશ વ્યવહાર, શિક્ષણ, આરોગ્ય, વિજળી, સિંચાઈ - બેંકિંગ વગેરે. આવી સેવાઓના વિસ્તરણથી પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે રોજગારીનું સર્જન થાય છે. જેમ કે, આંતર માળખાકીય સેવાઓના વિસ્તરણથી કૃષિ, ઉદ્યોગ અને સેવાક્ષેત્રે મૂડી રોકાણકારોને પ્રોત્સાહન મળે છે. વેપાર, ઉદ્યોગ, ધંધા, ખેતી, પશુપાલન જેવી અનેક આર્થિક પ્રવૃત્તિ કરવાની સગવડ ઉભી થતા આવી રોજગારલક્ષી પ્રવૃત્તિઓનું વિસ્તરણ થાય છે. જેનાથી જે રોજગારી સર્જાય તે પાયાની સેવાઓના વિકાસ દ્વારા સર્જાયેલી પરોક્ષ રોજગારી છે. એ જ રીતે આવી પાયાની સેવાઓના વિસ્તરણને કારણે સેવાક્ષેત્રે વધુ લોકોને કામ કે રોજગારી મળે છે. જે સેવાક્ષેત્રની પ્રત્યક્ષ રોજગારી છે. આમ, સામાજિક-આર્થિક સેવાઓના વિસ્તરણ થકી પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે સર્જાતી રોજગારીથી બેરોજગારી દૂર થાય છે.

આ ઉપરાંત આંતર માળખાકીય સેવાઓનાં અભાવવાળા ગ્રામીણ વિસ્તારમાં કામ મળવા છતા લોકો જવા તૈયાર ન હતા, તેવા બેરોજગાર લોકો સેવાઓના વિસ્તરણથી રોજગારી મેળવશે. તેથી સરકારે બેરોજગારી દૂર કરવા સામાજિક આર્થિક સેવાઓનાં વિસ્તરણ પર વધુ ભાર આપવું જોઈએ.

**(6) સ્વરોજગારલક્ષી તાલીમની વ્યવસ્થા :**

સતત વધતી જતી વસ્તીની સ્થિતિમાં માત્ર વેતનયુક્ત રોજગારીની તકોના વધારાથી ભારતની બેકારી દૂર થશે નહિ. તેથી વેતનયુક્ત રોજગારીની સાથે સાથે સ્વરોજગારીની વધુને વધુ તકોને પ્રોત્સાહન આપાવાની જરૂર છે. આ માટે વસ્તુ કે સેવાની વર્તમાન માંગ અનુરૂપ ટૂંકાગાળાનાં તાલીમ કાર્યક્રમો અપનાવવા જોઈએ. દા.ત., સુથારીકામ, દરજીકામ, પ્લમ્બરિંગ, હાઉસ વાયરિંગ, ઓટોમોબાઈલ રિપેરીંગ, ટી.વી., ફ્રિજ, મોબાઈલ રીપેરીંગ, કમ્પ્યુટર નેટવર્કિંગ અને સોફ્ટવેર, કડીયાકામ, બ્યુટીપાર્લર વગેરે અનેક ક્ષેત્રોમાં સ્વરોજગારીની તકો રહેલી છે. આવા સ્વરોજગારીનાં ક્ષેત્રોમાં વધુને વધુ યુવાનો જોડાય તે માટે સરકારી, બિનસરકારી અને સહકારી સંસ્થાઓ દ્વારા દરેક તાલુકાઓમાં તાલીમ કેન્દ્રો ચલાવવા જોઈએ. ત્યારબાદ તાલીમ પામેલ ટેક્નિશિયનો અને કુશળ કારીગરોને વ્યક્તિગત કે સામૂહિક સેવાક્ષેત્રે, નાના ઔદ્યોગિક એકમો તથા વેપારી એકમો શરૂ કરવા

આર્થિક પ્રોત્સાહન આપવું જોઈએ. 'સ્ટાર્ટ અપ ઈન્ડિયા' કે 'સ્ટેન્ડ અપ ઈન્ડિયા' જેવી યોજનાઓ થકી કુશળ કારીગરોને સરકાર દ્વારા સ્ટાર્ટ અપ ફંડ, ઓછા વ્યાજે લોન, સબસીડી, કરમુક્તિ, ઉત્પાદનના અનામતક્ષેત્રો જેવાં આર્થિક અને નીતિવિષયક પ્રોત્સાહનો વધારવા જોઈએ. વિજ્ઞાન અને ટેક્નોલોજીના વિકાસની સ્વરોજગારીના અનેક અવનવા ક્ષેત્રો ઊભા થઈ રહ્યા છે. આ ક્ષેત્રોમાં તાલીમ કાર્યક્રમો દ્વારા વધુ પ્રોત્સાહન આપવામાં આવે તો જ ભારતમાં બેરોજગારીની સમસ્યાનો હલ થઈ શકશે.

**7 રોજગાર વિનિમય કેન્દ્રોની ભૂમિકાનો વિસ્તાર :**

દરેક જિલ્લા કક્ષાએ સરકાર દ્વારા 'રોજગાર વિનિમય કેન્દ્રો' ચલાવવામાં આવે છે. જે રોજગારી શોધતા બેરોજગારો અને રોજગારી આપતા માલિકો વચ્ચે સંપર્ક માધ્યમ બને છે. રોજગાર વિનિમય કેન્દ્રો દ્વારા બેરોજગારોને માહિતી અને માર્ગદર્શન મળે છે. જેથી તેઓ રોજગારી મેળવી શકે છે. પરંતુ તાજેતરમાં આ રોજગાર વિનિમય કેન્દ્રોની કામગીરીને વધુ અસરકારક બનાવવાની અને વિસ્તારવાની જરૂર છે. સરકારી, ખાનગી, સહકારી અને સ્વૈચ્છિક સંસ્થાઓમાંથી રોજગારીની તકોની માહિતી અંતરીયાળ ગ્રામીણ વિસ્તારોમાં બેરોજગારો સુધી પહોંચે તે માટે આવા કેન્દ્રોને વધુ સક્રિય બનાવવાની જરૂર છે. રોજગાર વિનિમય કેન્દ્રોએ દરેક જિલ્લા/તાલુકા કક્ષાએ દર વર્ષે નિયમિત રીતે ટૂંકાગાળાના સ્વરોજગારલક્ષી તાલીમ કાર્યક્રમો, ભરતી મેળાઓ, રોજગાર માર્ગદર્શન શિબિર અને રોજગાર જાગૃતિ કાર્યક્રમો ચલાવવાની આવશ્યકતા છે.

તાજેતરમાં કેન્દ્ર સરકાર દ્વારા રાષ્ટ્રીય કારકીર્દી સેવા (National carear servies-NCS) ની શરૂઆત થઈ છે. જેના વેબ પાર્ટલ દ્વારા બેરોજગારોને ઓનલાઈન નોંધણી અને રોજગારલક્ષી માહિતીની સુવિધા છે. આ અન્વયે દેશભરંમાં 100 મોડેલ કેન્દ્રો શરૂ થયા છે. આવા કેન્દ્રોને જિલ્લા / તાલુકા કક્ષા સુધી વિસ્તારી અથવા રોજગાર વિનિમય કેન્દ્રો સાથે જોડાણ કરી બેરોજગાર નાબૂદી અભ્યાનની આવશ્યકતા છે.

**(8) રોજગારલક્ષી યોજનાઓનું પારદર્શી અને કાર્યક્ષમ અમલ :**

બેરોજગારી દૂર કરવા સરકાર દ્વારા વિવિધ પંચવર્ષીય યોજનાઓ દરમિયાન અનેક રોજગારલક્ષી કાર્યકમોનું અમલીકરણ થયું છે. જેમ કે, જવાહર રોજગાર યોજના, સંકલિત ગ્રામ વિકાસ કાર્યક્રમ, સુવર્ણ જયંતિ ગ્રામ રોજગાર યોજના, સંપૂર્ણ ગ્રામીણ રોજગાર યોજના, મનરેગા, શ્રમેવ જયતે, સ્કિલ ઈન્ડિયા, સ્ટાર્ટઅપ ઈન્ડિયા; વગેરે યોજનાઓનું અમલીકરણ થવા છતા ભારતમાં બેરોજગારી યથાવત છે. તેનું સૌથી મોટું કારણ યોજનાઓનું પારદર્શી અને કાર્યક્ષમ અમલનો અભાવ છે. મોટા ભાગની યોજનાઓ ભ્રષ્ટાચાર, લાંચરુસ્વત, રાજકીય દબાણ, લાગવગ, નિષ્ક્રિયતા જેવા અનેક દુષણોનું શિકાર બને છે. આવી સ્થિતિમાં બેકારી દૂર કરવી હોય તો રોજગારલક્ષી યોજનાઓને આવા દુષણોથી મુક્ત કરવું પડશે. એટલે કે રોજગારલક્ષી યોજનાઓનું પારદર્શી અને કાર્યક્રમ અમલ કરાવવાની જરૂર છે. આ માટે વહીવટીતંત્ર નિષ્ઠાવાન, પ્રમાણિક અને કાર્યક્ષમ હોવુ જરૂરી છે. આમ, સરકારની રોજગારદાયિ યોજનાઓનું પારદર્શી અને કાર્યક્ષમ અમલ થશે તો જ સરકારનાં બેરોજગારી દૂર કરવાના પ્રયાસો સફળ થશે.

આ ઉપરાંત રોજગાર વિહિન વિકાસને બદલે રોજગાર સર્જક વિકાસની વ્યુહરચના અપનાવવુ જોઈએ. એ જ રીતે કૃષિ અને ગ્રામોદ્યોગોને મહત્વ, શ્રમ પ્રધાન ઉત્પાદન પદ્ધતિની હિમાયત, રોજગારીના નવા ક્ષેત્રોને વિકસાવવા વગેરે અનેકવિધ પગલાઓ બેરોજગારી દૂર કરવાનાં અભિયાનરૂપે હાથ ધરવાની આવશ્યકતા છે.

**(ગ) તમારી પ્રગતી ચકાસો :**

(1) કાર્ય-કારણનાં સંબંધ આધારિત જોડકા જોડો.

| | |
|---|---|
| (1) નાના અને ગૃહઉદ્યોગો | (a) રોજગારી સર્જન માટે વધુ મૂડીરોકાણ |
| (2) વસ્તી નિયંત્રણ | (b) શ્રમ પ્રધાન ઉત્પાદન પદ્ધતિ |
| (3) રોજગારલક્ષી આયોજન | (c) સ્વરોજગારીને પ્રોત્સાહન |
| (4) આંતર માળખાકીય સવલતોનું વિસ્તરણ | (d) શ્રમદળનું નિયમન |

(2) ખરા-ખોટા વિધાન ચકાસો

(અ) વસ્તી વિષયક મૂડીરોકાણમાં થતો વધારો રોજગારી સર્જન માટે અવરોધક છે.

(બ) રોજગારીમાં વધારો કરવા મોટાપાયાના ઉદ્યોગોમાં વધુ મૂડી રોકાણ કરવુ જોઈએ.

(ક) રોજગાર વિનિમય કેન્દ્રો બેકારોને રોજગારી આપે છે.

(ડ) રોજગારલક્ષી શિક્ષણથી શિક્ષિત બેરોજગારી સર્જાય છે.

## 17.7 બેરોજગારી અને સરકારની નીતિ :

ભારતનાં આયોજનકાળની પ્રથમ ચાર પંચવર્ષીય યોજના દરમિયાન આર્થિક વિકાસનો દર નોંધનીય રહ્યો. પરંતુ બેરોજગારીની સમસ્યા વધુ ચિંતાજનક બનતા પાંચમી પંચવર્ષીય યોજનાથી સરકારે રોજગારલક્ષી કાર્યક્રમો પર વધુ ભાર આયો. ઈ.સ.1974થી શરૂ થયેલી પાંચમી પંચવર્ષીય યોજનાથી લઈને બારમી પંચવર્ષીય યોજના સુધીના આયોજનકાળ દરમિયાન સરકાર દ્વારા રોજગારલક્ષી વિવિધ કાર્યક્રમો અમલી બનાવ્યા અને બેકારી દૂર કરવાનાં પ્રયાસો કર્યા. જે પૈકીનાં મુખ્ય કાર્યક્રમોનો સંક્ષિપ્ત પરિચય મેળવીએ.

**કોષ્ટક 17.5 : સરકારના રોજગારલક્ષી મુખ્ય કાર્યક્રમો**

| ક્રમ | પંચવર્ષીય યોજના | રોજગારલક્ષી કાર્યક્રમો | કાર્યક્રમોનો ઉદ્દેશ |
|---|---|---|---|
| 1 | પાંચમી યોજના | અનાજના બદલામાં કામ (Food For Work-FWO) | અનાજના બદલામાં કામ આપી ગ્રામીણક્ષેત્રે પૂરક રોજગારીનું સર્જન કરવું |
| 2 | પાંચમી યોજના | ગ્રામીણ યુવકોને સ્વરોજગારીની તાલીમ આપતો કાર્યક્રમ (Training Rural Youth for Self Employment TRYSEM) | ગ્રામીણ યુવકોને સ્વરોજગારીની તાલીમ આપી આર્થિક રીતે સ્વાવલંબી બનાવવું |
| 3 | છઠ્ઠી યોજના | રાષ્ટ્રીય ગ્રામીણ રોજગારી કાર્યક્રમ (National Rural Employment Programme-NREP | ગ્રામીણ ગરીબ બેરાજગારોને રોજગારી પુરી પાડવી. |
| 4 | છઠ્ઠી યોજના | સંકલિત ગ્રામવિકાસ કાર્યક્રમ (Integrated Rural Development Progamme - IRDP) | ગરીબી રેખા હેઠળના ગ્રામીણ કુટુંબો માટે સ્વરોજગારી અને સંપત્તિનું સર્જન કરવું. આ માટે સ્વરોજગારલક્ષી વ્યવસાયો ઊભા કરવા તેમને સબસીડી અને ધિરાણની જોગવાઈ કરવી |
| 5 | છઠ્ઠી યોજના | ગ્રામીણ જમીન વિહોણા માટે રોજગારી બાંહેધરી કાર્યક્રમ (Rural Landless Employment Guarantee Programme-LREGP) | ગ્રામીણ ગરીબ જમીન વિહોણા દરેક કુટુંબમાંથી એક સભ્યને વર્ષમાં 100 દિવસની રોજગારીની ખાતરી આપવી. |
| 6 | સાતમી યોજના | જવાહર રોજગાર યોજના (Jawahar Rozgar Yojana-JRY) | ગ્રામીણ ગરીબ કુટુંબોના ઓછામાં ઓછા એક સભ્યને વર્ષમાં 50 થી 100 દિવસની રોજગારી આપવું. |
| 7 | સાતમી યોજના | નેહરુ રોજગાર યોજના (Nehru Rozgar Yojana-NRY) | શહેરીક્ષેત્રે ગરીબ બેરોજગાર કુટુંબોને રોજગારી આપવી. |

| | | | |
|---|---|---|---|
| 8 | આઠમી યોજના | પ્રધાનમંત્રી રોજગાર યોજના (Prime Minister Rozgar Yojana-PMRY) | શિક્ષિત બેરોજગાર યુવાનોને સ્વ-રોજગારી માટે મદદરૂપ થવું. |
| 9 | આઠમી યોજના | રોજગાર બાંહેધરી યોજના (Employment Assurance Scheme-EAS) આપવી. | ખેતીની મંદ મોસમ દરમિયાન ગ્રામીણ વિસ્તારના નિરક્ષર અને બિનકુશળ કુટુંબોને વર્ષમાં 100 દિવસની રોજગારીની ખાતરી |
| 10 | આઠમી યોજના | ગ્રામીણ રોજગારી સર્જન કાર્યક્રમ (Rural Employment Generation Programme -REGP) | ખાદી અને ગ્રામોદ્યોગપંચ મારફત વિસ્તારમાં નાના ઉદ્યોગોની સ્થાપના માટે ધિરાણ અને નાણાકીય સહાય દ્વારા સ્વરોજગારીની તકોનું સર્જન કરવું. |
| 11 | નવમી યોજના | સ્વર્ણ જયંતી શહેરી રોજગાર યોજના (SSRY) માટે આર્થિક સહાય પુરી પાડવી. | બેરોજગાર અને અર્ધ બેરોજગાર શહેરી લોકોને સ્વરોજગારલક્ષી સાહસો સ્થાપવા |
| 12 | નવમી યોજના | સ્વર્ણ જયંતી ગ્રામ્ય સ્વરોજગાર યોજના (SGSY) | - એકમલક્ષી સાહસોને પ્રોત્સાહન આપવુ.<br>- ગ્રામીણ બેરોજગારોને સ્વાશ્રયી જુથોમાં સંગઠિત કરી, તેમને સ્વરોજગારલક્ષી તાલીમ આપવું તથા સ્વરોજગારી ઊભી કરવા નાણાકીય સહાય, બેંક ધિરાણ, બજારવ્યવસ્થા અને અન્ય સહાયક સેવા પુરી પાડવી. |
| 13 | દસમી યોજના | સંપૂર્ણ ગ્રામીણ રોજગાર યોજના (SGRY) કરવું. | ગ્રામીણ ગરીબોને વેતનયુક્ત રોજગારી તથા અન્નસુરક્ષા પુરી પાડવી અને સામાજિક -આર્થિક રીતે ટકાઉ અસ્કામતોનું સર્જન |
| 14 | દસમી યોજના | જયપ્રકાશ રોજગાર ગેરંટી યોજના (JRGY) | દેશના સૌથી પિડિત જિલ્લાઓમાં બેરોજગારોને રોજગારીની ખાતરી આપવી. |
| 15 | 11 મી યોજના | મનરેગા (MNREGA) રોજગારીની ખાતરી આપવી અને ગ્રામીણ | ગ્રામીણ બિનકુશળ શ્રમિક કુટુંબોને વર્ષમાં ઓછામાં ઓછા 100 દિવસની પાયાની સવલતોનું નિર્માણ કરવું. |
| 16 | 11 મી યોજના | રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન National Rural Livelihoods Mission NRLM કૌટુંબિક આવકમાં વધારો કરવો. | ગ્રામીણ ગરીબ કુટુંબોને સક્ષમ અને કાર્યક્ષમ સંસ્થાકીય મંચ પુરુ પાડી તેમની આજીવિકા વધારવી. નાણાકીય સંસ્થાઓ સુધી તેમની પહોંચ વધુ સરળ બનાવવી અને તેમની |
| 17 | બારમી યોજના | પ્રધાનમંત્રી રોજગાર સર્જન કાર્યક્રમ (Prime Minister Employment Generation Programme-PMEGP | નાના અને મધ્યમ ઉદ્યોગોના વિકાસ દ્વારા સ્વરોજગારીની તકોનું સર્જન અને પ્રોત્સાહન આપવુ. |

ભારતમાં બેરોજગારીની સમસ્યાનાં ઉકેલ માટે સમયાંતરે સરકાર દ્વારા વિવિધ રોજગારલક્ષી કાર્યક્રમોનો અમલ થયો છે. આ કાર્યક્રમોની ઉપરોક્ત સૂચિ જોતા જણાશે કે, પાંચમી પંચવર્ષીય યોજના બાદ દરેક યોજનાકાળમાં એક થી વધુ કાર્યક્રમોનો અમલ થયો છે. સરકાર બદલાતા, યોજના બદલાતા સમયાંતરે રોજગારલક્ષી કાર્યક્રમોનાં સ્વરૂપ અને જોગવાઈઓમાં પણ બદલાવ જોવા મળે છે. એક કાર્યક્રમને બીજા કાર્યક્રમમાં રૂપાંતર કરીને, નામ બદલીને કે જોગવાઈઓમાં સુધારો વધારો કરીને આજ સુધી વિવિધ કાર્યક્રમોનું એક યા બીજા સ્વરૂપે અમલ થતો આવ્યો છે. જેમ કે FWP ને NREP માં સામેલ કરી. NREP અને RLEP ને જવાહર રોજગાર યોજના (JRY) માં ભેળવી દીધી. એ જ રીતે JRY અને રોજગાર બાંહેધરી યોજનાને સંપૂર્ણ ગ્રામીણ રોજગાર યોજના (SGRY)માં રૂપાંતર કર્યુ. SGRY ને 2006 થી 'મનરેગા' માં સમાવી લેવામાં આવ્યુ જે હાલમાં ચાલુ છે. ઉપરાંત IRDP અને TRYSEM ને સ્વર્ણ જયંતી ગ્રામ સ્વરોજગાર યોજના (SGSY)માં સામેલ કરવામાં આવ્યુ અને SGSY ને 2010 બાદ 'રાષ્ટ્રીય આજિવિકા મિશન' (NRLM) માં આવરી લેવામાં આવ્યું. જે હાલમાં 'અંત્યોદય યોજના' અને DDU-GKY ના રૂપે અમલમાં છે. વિવિધ નામકરણથી અમલમાં આવેલ આ યોજનાઓમાં સ્વરોજગારલક્ષી તાલીમ, સ્વરોજગાર માટે ધિરાણ, સબસીડી તથા અન્ય સહાયક સેવાઓની મદદરૂપે સ્વરોજગારી તથા વેતનયુક્ત રોજગારીમાં વધારો કરવાના પ્રયાસો સામેલ છે. મોટાભાગનાં કાર્યક્રમોમાં વ્યક્તિગત રોજગારીને મહત્વ આપ્યું છે. પરંતુ NRLM સંબંધિત કાર્યક્રમોમાં બેરોજગારોને સંસ્થાકીય મંચ દ્વારા સ્વરોજગારી માટે તૈયાર કરવામાં આવે છે જે સરકારની આગવી પહેલ છે. આ તમામ રોજગારલક્ષી કાર્યક્રમો કે યોજનાઓ પૈકી તાજેતરમાં અમલી કેટલાંક કાર્યક્રમોનો વિગતે પરિચય મેળવીએ.

(1) મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાહેધરી અધિનિયમ-2005 (Mahatma Gandhi National Rural Emplpoyment Guarantee Act-MNREGA)

'મનરેગા' કેન્દ્ર સરકારની ગ્રામીણ બેરોજગાર કુટુંબોને રોજગારીની ખાતરી આપતો અધિનિયમ છે. 7 સપ્ટેમ્બર 2005ના રોજ તેને કાયદાકીય દરજ્જો મળ્યા બાદ 2 ફેબ્રુઆરી 2006 થી પ્રથમ તબક્કામાં દેશના 200 જિલ્લાઓમા તે લાગુ પાડ્યો. 1 એપ્રિલ 2008થી આ અધિનિયમ દેશના તમામ જિલ્લાઓમાં લાગુ થયો. આ અધિનિયમમાં અગાઉની 'સંપૂર્ણ ગ્રામીણ રોજગાર યોજનાર' અને 'કામના બદલામાં અનાજ' ની યોજનાઓને સમાવી લીધી છે. ગાંધીજીની 140મી જન્મ જયંતી ઓક્ટોબર 2006થી આ અધિનિયમ 'મહાત્માં ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંહેધરી અધિનિયમ' (મનરેગા) તરીકે ઓળખાય છે.

**'મનરેગા'નો મુખ્ય ઉદ્દેશ :**

દેશના ગ્રામીણ વિસ્તારમાં રહેતા ગરીબ કુટુંબના સભ્યો કે જે બિનકુશળ મજૂર વર્ગના છે અને કામ કરવાની ઈચ્છા ધરાવે છે. આવા કુટુંબો જીવનનિર્વાહ કરી શકે તે માટે તેમને કુટુંબદીઠ પ્રવર્તમાન નાણાકીય વર્ષમાં ઓછામાં ઓછા 100 દિવસની રોજગારીની ખાતરી આપવાનો ઉદ્દેશ છે. ઉપરાંત જે સમયે રોજગારી ઉપલબ્ધ ન હોય તે સમયે ગ્રામીણ વિસ્તારના બિનકુશળ શ્રમિકોને રોજગારી આપીને મજબૂત સામાજિક સુરક્ષા આપવી. વારંવારના દુષ્કાળ, જમીન ધોવાણ, જંગલોના નાશ વગેરેના ઉપાય માટે રોજગારી આપતા કામો હાથ ધરી ખેત ઉત્પાદન દ્વારા શક્તિશાળી આર્થિક સધ્ધરતા પ્રાપ્ત કરવી તથા ગ્રામીણ વિસ્તારમાં ટકાઉ અસ્કામતોનું નિર્માણ કરવું.

**રોજગારી સર્જનની સ્થિતિ :**

'મનરેગા' બિનકુશળ મોસમી અને પ્રચ્છન્ન બેરોજગારો માટે ખૂબ જ ઉપયોગી પુરવાર થઈ છે. ખાસ કરીને મહિલાઓ, અનુસૂચિ જાતિ અને અનુસૂચિત જન જાતિઓના લોકો માટે સૌથી વધુ રોજગારી સર્જક બની છે. આ યોજના મહિલાઓને ઘરકામની સાથે સાથે તથા ખેડૂતોને ખેતીની સાથે પૂરક આવકનું સાધન બની છે. ઉપરાંત ગ્રામીણ સંપત્તિ અને સવલતોનાં નિર્માણમાં પણ તેની ભૂમિકા મહત્વની રહી છે. છેલ્લા પાંચ વર્ષમાં મનરેગા હેઠળ થયેલ રોજગારી સર્જનની સ્થિતિ કોષ્ટક ૧૭.૬ મુજબ જાણી શકાય.

**કોષ્ટક 17.6 : 'મનરેગા' અંતર્ગત રોજગારી સર્જનની પ્રવર્તમાન સ્થિતિ**

| વિગત | 2014-15 | 2015-16 | 2016-17 | 2017-18 | 2018-19 |
|---|---|---|---|---|---|
| માનવ દિવસ (કરોડમાં) | 166.21 | 235.15 | 23.64 | 233.75 | 235.54 |
| SC (માનવ દિવસ %) | 22.4 | 22.29 | 21.35 | 21.54 | 21.11 |
| ST (માનવ દિવસ %) | 16.4 | 17.8 | 17.62 | 17.49 | 17.25 |
| મહિલા (માનવ દિવસ %) | 54.88 | 55.26 | 56.16 | 53.53 | 54.8 |
| કુટુંબદીઠ સરેરાશ માનવ દિવસ | 40.17 | 48.85 | 46.0 | 45.69 | 47.24 |
| વ્યક્તિદીઠ સરેરાશ દૈનિક વેતન | 143 | 154 | 162 | 169 | 179 |
| 100 દિવસની રોજગારી મેળવતા કુટુંબો (લાખમાં) | 24.92 | 48.47 | 39.91 | 29.55 | 35.31 |
| રોજગારી મેળવનાર કુલ કુટુંબો (કરોડ) | 4.14 | 4.81 | 5.12 | 5.12 | 4.99 |
| રોજગારી મેળવનાર વ્યક્તિઓ (કરોડ) | 6.22 | 7.22 | 7.67 | 7.59 | 7.3 |

***સ્રોત :*** વાર્ષિક અહેવાલ - 2018-19, ગ્રામીણ વિકાસ મંત્રાલય, ભારત સરકાર

કોષ્ટક 17.6 માં દર્શાવ્યા મુજબ 'મનરેગા' હેઠળ છેલ્લા પાંચ વર્ષમાં રોજગારી સર્જનમાં વધારો જણાયો છે. વર્ષ 2014-15 માં કુલ 166 કરોડ માનવ દિવસની રોજગારીનું સર્જન થયું હતુ. તે વધીને વર્ષ 2018-19માં 235 કરોડ માનવ દિવસ થયું છે. કુલ માનવ દિવસમાં મહિલાઓનો હિસ્સો સૌથી વધુ (54.8 ટકા) છે. કુલ રોજગારી પૈકી અડધાભાગની રોજગારી મહિલાઓના ફાળે જાય છે. જ્યારે કુલ રોજગારીમાં અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જન જાતિનાં લોકોનો હિસ્સો અનુક્રમે 21 ટકા અને 17 ટકા છે. આમ, 'મનરેગા' SC, ST અને મહિલાઓ માટે પૂરક રોજગારી સર્જનની દૃષ્ટિએ ખૂબ જ મહત્વની સાબિત થઈ છે. 'મનરેગા' અન્વયે વ્યક્તિદીઠ સરેરાશ દૈનિક વેતનદર છેલ્લા ચાર વર્ષથી રૂ.150થી રૂ.180 સુધીનું રહ્યું છે. વર્ષ 2018-19માં 100 દિવસની રોજગારી મેળવનાર કુટુંબોની સંખ્યા વધીને 35.31 લાખ થઈ છે. 'મનરેગા' હેઠળ સરેરાશ 5 કરોડ કુટુંબોને રોજગારી મળી છે. જ્યારે 7 કરોડ વ્યક્તિઓને રોજગારીનો લાભ પ્રાપ્ત થયો છે. આમ, બિનકુશળ શ્રમિકો માટે 'મનરેગા' આશિર્વાદરૂપ સાબિત થઈ રહી છે.

**(2) રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન (National Rural Livelihoods Mission - NRLM) અથવા (દીનદયાલ અંત્યોદય યોજના-NALM)**

ભારત સરકારના ગ્રામીણ વિકાસ મંત્રાલયનો મુખ્ય ઉદ્દેશ ગ્રામીણ ગરીબ કુંટુંબોને દેશની મુખ્ય ધારા સાથે જોડવું અને વિવિધ કાર્યક્રમો દ્વારા તેમની ગરીબી દૂર કરવાનો છે. આ હેતુને ધ્યાનમાં રાખી જૂન 2011માં સરકારે 'રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન' ની શરૂઆત કરી. આ મિશનમાં વર્ષ 1999થી અમલમાં રહેલ 'સ્વર્ણ જયંતી ગ્રામ સ્વ-રોજગાર યોજના (SGSY) ને સમાવી લેવામાં આવી છે.

**મુખ્ય ઉદ્દેશ :**

ગ્રામીણ ગરીબ કુટુંબોને સક્ષમ અને કાર્યક્ષમ સંસ્થાકીય મંચ પુરુ પાડી તેમની આજીવિકા વધારવી, નાણાકીય સેવાઓ સુધી તેમની પહોંત વધુ સરળ બનાવવી અને તેમની કૌટુંબિક આવકમાં વધારો કરવો.

**મિશન :**

ગ્રામીણ ગરીબ કુટુંબોની સ્થિતિને ધ્યાનમાં રાખી તેમની સશક્ત અને સ્થિર સંસ્થાઓ બનાવી લાભકારક સ્વરોજગાર અને કૌશલ્યયુક્ત વેતનલક્ષી રોજગારીની તકો પ્રાપ્ત કરવા તેમને સક્ષમ બનાવવું જેથી તેમની ગરીબી દૂર કરી શકાય અને તેમના જીવન ધોરણમાં સતત અને નોંધપાત્ર સુધારો કરી શકાય'

**સંકલ્પ :**

આજીવિકા મિશન અંતર્ગત દેશના 600 જિલ્લાના 6,000 તાલુકાઓના 2.5 લાખ ગ્રામ પંચાયતો અને 6 લાખ ગામોના 7 કરોડ ગ્રામીણ ગરીબ કુટુંબોના સ્વસહાયવ જૂથો અને સંસ્થાકીય માળખાનું નિર્માણ કરવું. તથા મંડળ / સંસ્થાના માધ્યમથી 8 થી 10 વર્ષમાં તેમની આજીવિકા માટેનું સાધન અને રોજગારી માટે મદદરૂપ થવાનો સંકલ્પ છે.

આમ આજીવિકા મિશન અન્વયે ગ્રામીણ ગરીબોને સ્સ્વસહાય જૂથ સ્વરૂપે કે સંસ્થારૂપે સંગઠિત બનાવી તેમને સ્વરોજગારી માટે સક્ષમ બનાવવુ. તેમનામાં રહેલી કળા, કારીગરી વિકસાવી તથા તાલીમ આપી કુશળ રોજગારી માટે લાયક બનાવવુ. ઉપરાંત તેમનાં સંગઠનને બજાર તથા બાહ્ય નાણાકીય સંસ્થાઓ સાથે જોડાણ કરી તેમની કાયમી સ્વ-રોજગારી નિશ્ચિત કરવામાં આવે છે. નવેમ્બર 2015માં મિશનનું નામ બદલીએ 'દીન દયાલ અંત્યોદય યોજના' (DAY-NRLM) રાખવામાં આવ્યું છે. આ યોજના વર્ષ 2017-18 સુધીમાં દેશભરમાં કુલ 4.8 કરોડ મહિલાઓને 41.2 લાખથી વધુ સ્વસહાય જૂથોમાં સંગઠિત કરવામાં આવ્યું છે. તથા આ જૂથોના માધ્યમથી પોતાનો વ્યવસાય શરૂ કરવા માટે તાલીમ તથા ધિરાણલક્ષી સહાય પ્રાપ્ત થાય છે. કૃષિ તથા તેને સંલગ્નક્ષેત્રોમાં તેમજ ગૃહઉદ્યોગમાં આ યોજનાથી મહિલાઓને સ્વરોજગારીની તકો પ્રાપ્ત થાય છે.

**3 દીન ધ્યાલ ઉપાધ્યાય ગ્રામીણ કૌશલ્ય યોજના (DDU-GKY) :**

ભારત સરકારનાં ગ્રામીણ વિકાસ મંત્રાલય દ્વારા 25 સપ્ટેમ્બર 2014ના રોજ DDU-GKY ની જાહેરાત કરવામાં આવી. આ યોજના NRLM નો જ એક ભાગ છે. જે બેવડા ઉદ્દેશ સાથે કાર્ય કરે છે. (1) ગ્રામીણ ગરીબ કુટુંબોની આવકમાં વિવિધતા લાવવું અને (2) ગ્રામીણ યુવાનોની કારકીર્દીની મહત્વકાંક્ષાને પૂર્ણ કરવુ. આ યોજના 'સ્કિલ ઈન્ડિયા' ઝૂંબેસના ભાગરૂપે 'મેકઈન ઈન્ડિયા', ડિઝિટલ ઈન્ડિયા, સ્ટાર્ટ અપ ઈન્ડિયા, સ્ટેન્ડ અપ ઈન્ડિયા જેવા સરકારનાં કાર્યક્રમોને ટેકો આપવા મહત્વપૂર્ણ સાહિત થઈ છે.

આ યોજના અન્વયે ગ્રામીણ ગરીબ યુવાનોને કાયમી વેતન આધારિત રોજગારી માટે કુશળ બનાવવામાં આવે છે. બેરોજગાર યુવાનો કે જે રોજગારીની શોધમાં છે. તેમને મૂડીરોકાણ, કૌશલ્ય નિર્માણ, આંતર રાષ્ટ્રીય કેન્દ્રનિવાસનાં જોડાણો, કૌશલ્ય વર્ધક તાલીમ, ટેક્નિકલ સહાય, નાણાકીય ધિરાણ વગેરેની સુવિધા પૂરી પાડી તેમને વેતનયુક્ત રોજગારી અને સ્વ-રોજગારી માટે સક્ષમ બનાવવામાં આવે છે. પ્રસ્તુત યોજના અંતર્ગત વર્ષ 2014-15 થી વર્ષ 2017-18 સુધીમાં કુલ 5.74 લાખ લાભાર્થીઓને તાલીમ આપી, 3.55 લાખને રોજગારી આપવામાં આવી છે. યોજનામાં લાભાર્થીઓ તરીકે SC, ST, મહિલાઓ તથા વિકલાંગ ઉમેદવારોને પ્રાધાન્ય આપવામાં આવે છે.

**4 ગ્રામીણ સ્વરોજગાર તાલીમ સંસ્થા (RSETI)**

**(Rural Self Employment Training Institutes) :**

RSETI એ DDU-GKYનો એક ભાગ છે. આ સંસ્થા અંતર્ગત બેરોજગાર યુવાનોને સ્વરોજગાર અને વેતનયુક્ત રોજગારી માટે કુશળ બનાવવામાં આવે છે. ભારતની 31, બેંકો અને રાજ્ય સરકારોના સહયોગથી આ સંસ્થાને સહાય મળે છે. ગ્રામીણ યુવાનોમાં સ્વ રોજગારલક્ષી કૌશલ્ય વિકસાવવા RSETI સંસ્થા તાલીમ કેન્દ્રોની ભૂમિકા અદા કરે છે. દેશભરમાં 566 જિલ્લાઓમાં 586 સંસ્થાઓ દ્વારા ગ્રામીણ યુવાનોને તાલીમ આપવામાં આવે છે. વર્ષ 2014-15થી 2017-18 સુધીમાં કુલ 16.67 લાખ યુવાનોને તાલીમ આપી, 12.65 લાખ તાલીમાર્થીઓને રોજગારી પૂરી

પાડવામાં આવી છે. એ જ રીતે વર્ષ 2017-18 સુધીમાં કુલ 5.19 લાખ ઉમેદવારોને બેંકો દ્વારા સ્વરોજગાર વ્યવસાય માટે RSETI ના માધ્યમથી ધિરાણ પ્રાપ્ત થયું છે. સંસ્થા દ્વારા મહિલાઓ, વિકલાંગો, SC, ST વર્ગનાં તાલીમાર્થીઓને અગ્રિમતા આપવામાં આવે છે. RSETI દ્વારા વર્ષમાં 30 થી 40 કૌશલ્ય વિકાસ કાર્યક્રમો ચલાવવાનો સંકલ્પ છે. જેમાં ખેતી અને તેને આનુષગિક ક્ષેત્રો, ઉત્પાદન પ્રક્રિયાના ક્ષેત્રો, સમારકામ તથા સામાન્ય કાર્યક્રમોનો સમાવેશ થાય છે. આ ઉપરાંત સ્થાનિક માંગ અને પરિસ્થિતિ મુજબ તાલીમ કાર્યક્રમો દ્વારા સ્વરોજગાર અને વેતનયુક્ત રોજગારી માટે ગ્રામીણ યુવાનોને સક્ષમ બનાવવાનું છે.

**(5) પ્રધાનમંત્રી રોજગાર સર્જન કાર્યક્રમ (PMEGP)**

**(Prime Minister Employment Geneation Programe PMEGP)**

આ કાર્યક્રમ રોજગાર સર્જનના હેતુથી નાના અને મધ્યમ ઉદ્યોગોના વિકાસ માટેનો કાર્યક્રમ છે. જેને 11 માર્ચ 2016થી લાગુ પાડવામાં આવ્યું. આ કાર્યક્રમનો અમલ રાષ્ટ્રીય કક્ષાએ 'ખાદી અને ગ્રામોદ્યોગ આયોગ' (KVIC) દ્વારા થાય છે. તથા રાજ્ય કક્ષાએ 'ખાદી અને ગ્રામોદ્યોગ બોર્ડ' (KVIB) અને જિલ્લા કક્ષાએ 'જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર' (DIC) દ્વારા અમલીકરણ થાય છે. PMEGP એ અગાઉની 'પ્રધાનમંત્રી રોજગાર યોજના' અને 'ગ્રામીણ રોજગારી સર્જન કાર્યક્રમ'નો સહયુક્ત કાર્યક્રમ છે. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ સ્વરોજગારીની તકોના સર્જન દ્વારા બેરોજગારી ઘટાડવાનો છે. સ્વ-રોજગારીને પ્રોત્સાહિક કરવા આ કાર્યક્રમ અન્વયે લાભાર્થીને 10 થી 35 લાખ સુધીની લોન મળવાપાત્ર છે. તથા કુલ ખર્ચના 15 થી 25 ટકા સબસીડીની જોગવાઈ છે. આ કાર્યક્રમ મારફત જાન્યુ 2018 સુધીમાં 37.98 લાખ લાભાર્થીઓને રોજગારી મળી છે. આમ, સ્વરોજગારીના સર્જન દ્વારા બેરોજગારીને ઘટાડવા આ કાર્યક્રમની ભૂમિકા મહત્વપૂર્ણ છે.

**(6) રાષ્ટ્રીય કારકીર્દી સેવા (NCS) :**

ભારત સરકારના રોજગાર અને શ્રમ મંત્રાલય તથા રોજગાર અને તાલીમ નિર્દેશકના સહયુક્ત ઉપક્રમે NCS (National Career Service) કેન્દ્રો ચલાવવામાં આવે છે. જેનો ઉદ્દેશ વિવિધ રોજગારલક્ષી સેવાઓ પૂરી પાડી બેરોજગારીનું નિયમન કરવાનું છે. માર્ચ-2015થી નવા સુધારા સાથે વિવિધ રોજગાર કેન્દ્રો અને વેબ પોર્ટલ ના માધ્યમથી રોજગારલક્ષી સેવાઓ બેરોજગારો સુધી પહોંચાડે છે. રોજગારદાતા અને રોજગારી શોધનારા વચ્ચે NCS સેતુરૂપ કાર્ય કરે છે. NCS ના માધ્યમથી બેરોજગારોને માર્ગદર્શન, સલાહ સૂચનો અને નોકરી દાતાઓ સાથેના સંપર્ક વધતા રોજગારી સર્જનને વેગ મળ્યો છે.

**7 Start Up India અને Stand Up India**

ભારત સરકારના ઔદ્યોગિક નીતિ અને સવર્ધન વિભાગ દ્વારા 16 જાન્યુ 2016 ના રોજ 'Start Up India' ની શરૂઆત થઈ. જેનો પ્રમુખ ઉદ્દેશ નાના ઉદ્યોગ સાહસિકોને સરળ ધિરાણની સુવિધા દ્વારા પ્રોત્સાહિત કરવાનોં છે, જેથી સ્વરોજગારી અને વેતનયુક્ત રોજગારીની તકોમાં વધારો કરી શકાય. સાથે સાથે ઔદ્યોગિક વિકાસને વેગવંત બનાવી શકાય.

એ જ રીતે 'Stand Up India' યોજના સરકારે એપ્રિલ 2016થી લાગું કરી છે. જેનો ઉદ્દેશ અનુસૂચિત જાતિ, અનુસૂચિત જન જાતિ અને મહિલાઓમાં ઉદ્યોગ સાહસિકતા વિકસાવી તેમને પ્રોત્સાહન આપવાનું છે. કે જેથી આ વર્ગના બેરોજગારો સ્વરોજગારી મેળવીને આર્થિક રીતે સદ્ધર બની શકે. આ યોજના અન્વયે લાભાર્થીઓને નવા વેપાર, ધંધા અને ઉદ્યોગો માટે રૂ. 10 લાખથી 1 કરોડ સુધીની ધિરાણની સુવિધા પૂરી પાડીને તેમને આર્થિક રીતે પગભર કરવા માટે સહાયરૂપ થવાનું છે.

આમ, તાજેતરમાં સરકાર દ્વારા વિવિધ સ્વરોજગારલક્ષી અને વેતનલક્ષી રોજગારીનાં કાર્યક્રમોનું અમલીકરણ થઈ રહ્યું છે. જેમાં ખાસ કરીને બેરોજગારોમાં કૌશલ્ય નિર્માણ દ્વારા સ્વરોજગારીને પ્રોત્સાહન આપવા તરફ સરકારનો વધુ ઝોક જોવા મળે છે.

**ઘ તમારી પ્રગતિ ચકાસો :**

(1) TRYSEM નું પુરુ નામ જણાવો.

(2) નેહરુ રોજગાર યોજના કયા વિસ્તારના ગરીબ કુટુંબોને રોજગારી આપનાર યોજના છે.

(a) ગ્રામીણ (b) શહેરી

(c) બંન્ને (d) એક પણ નહિ.

(3) સ્વર્ણ જયંતી ગ્રામ સ્વરોજગાર યોજના (SGSY) નો પ્રારંભ કઈ પંચવર્ષીય યોજના દરમિયાન થયો.

(a) સાતમી (b) આઠમી

(c) નવમી (d) દસમી

(4) મનરેગા યોજના અન્વયે સૌથી વધુ ક્યા વર્ગને રોજગારી મળે છે.

(a) SC (b) ST

(c) મહિલાઓ (d) OBC

(5) DDU-GKY કયા કાર્યક્રમનો એક ભાગ છે.

(a) મનરેગા (b) NRLM

(c) RSETI (d) PMEGP

(6) રાષ્ટ્રીય કારકીર્દી સેવા (NCS) નો હેતુ .......... છે.

(a) સ્વરોજગારલક્ષી તાલીમ આપવાનો.

(b) 100 દિવસની રોજગારીની ખાતરી આપવાનો

(c) રોજગારલક્ષી સેવાઓ પૂરી પાડવાનો.

(d) બેરોજગારોને ધિરાણ આપવાનો.

## 17.8 સારાંશ :

ભારતમાં આયોજનકાળ દરમિયાન આર્થિક વૃદ્ધિ ઝડપી બની. પરંતુ માંગ મુજબ રોજગારીની તકોમાં વધારો થયો નથી. તેથી બેરોજગારીની સમસ્યા યથાવત છે. ગ્રામીણ વિસ્તાર કરતા શહેરી વિસ્તારમાં બેરોજગારીનો દર વધુ ઉંચો જણાયો છે. ખાસ કરીને પુરુષોની સરખામણીમાં મહિલાઓમાં બેરોજગારીનું પ્રમાણ વધુ જોવા મળે છે. ભારતમાં વધુ એક ચિંતાજનક સ્થિતિ શિક્ષિત બેરોજગારોની છે. યુવાનોની વધુ વસ્તી ધરાવતા ભારત દેશમાં યુવાનો જ વધુ બેરોજગાર છે. એક બાજુ રોજગારી સર્જનનો નીચો દર અને બીજી બાજુ વસ્તી વૃદ્ધીનો ઊંચો દર બેરોજગારીને વધુ પ્રોત્સાહિત કરે છે. આ ઉપરાંત ટેક્નોલોજી અને યાંત્રિકીકરણના વિકાસને કારણે મૂડીપ્રધાન ઉત્પાદન પદ્ધતિ તરફનું વલણ બેરોજગારીને વેગ આપે છે. તેથી રોજગારીની તકો વધે અને બેરોજગારી દૂર થાય તે માટે સામાજિક આર્થિક અને શૈક્ષણિક માળખામાં મૂળભૂત પરિવર્તનની આવશ્યકતા છે. બેરોજગારી દૂર કરવા સરકાર દ્વારા આયોજનકાળ દરમિયાન વિવિધ રોજગારલક્ષી કાર્યક્રમો અપનાવ્યા. જેમાં વેતનયુક્ત રોજગારીની સાથે સાથે સ્વરોજગારીની તકોને પ્રોત્સાહક પ્રયાસોનો સમાવેશ થાય છે. ખાસ કરીને છેલ્લી પંચવર્ષીય યોજનાઓ દરમિયાન બેરોજગારીમાં કૌશલ્ય નિર્માણ દ્વારા સ્વરોજગારીને પ્રોત્સાહન આપવા તરક વધુ ભાર અપાયો છે.

## 17.9 શબ્દાવલી :

**શ્રમદળ / શ્રમશક્તિ** : શ્રમદળમાં બે પ્રકારની વ્યક્તિઓનો સમાવેશ થાય છે. (1) રોજગારી મેળવનારા અને (2) રોજગારીની નોંધમાં હોય, તેવા બેરોજગાર વ્યક્તિઓના કુલ પુરવઠાને શ્રમદળ કહેવાય.

**સક્રિય શ્રમનો પુરવઠો** : પ્રવર્તમાન વેતન દરે કામ કરવાની ઈચ્છા, શક્તિ અને તૈયારી ધરાવતા શ્રમનો પુરવઠો.

**મૂડી પ્રધાન ઉત્પાદન પદ્ધતિ** : ચીજવસ્તુના ઉત્પાદનકાર્યની પદ્ધતિમાં શ્રમના એકમો કરતા મૂડીના એકમો વધારે હોય તેવી ઉત્પાદન પદ્ધતિ.

**શ્રમ પ્રધાન ઉત્પાદન પદ્ધતિ** : ચીજવસ્તુના ઉત્પાદન કાર્યની પદ્ધતિમાં મૂડીના એકમો કરતા શ્રમના એકમો વધારે હોય તેવી ઉત્પાદન પદ્ધતિ.

**શ્રમની ગતિશીલતા** : એક સ્થળેથી બીજા સ્થળે કે એક વ્યવસાયમાંથી બીજા વ્યવસાયમાં શ્રમિકનું રોજગારીના હેતુ માટે થતુ સ્થળાંતર એટલે શ્રમની ગતિશીલતા.

**શિક્ષિત બેરોજગારી** : વ્યવસાયિક શિક્ષણનો અભાવ ધરાવતા અને સામાન્ય પ્રવાહમાં ઉચ્ચ શિક્ષણ ધરાવતા શ્રમિકો કે જેઓ પોતાની લાયકાત અનુસાર કામ અને વેતન ન મળવાને કારણે બેરોજગાર કહે છે. તેવા શ્રમિકોને શિક્ષિત બેરોજગાર કહેવાય.

**માનવ મૂડીરોકાણ** : માનવીની શારીરિક અને માનસિક શક્તિઓના વિકાસ માટે શિક્ષણ, સ્વાસ્થ્ય અને તાલીમ પાછળ કરવામાં આવતું રોકાણ (ખર્ચ) ને માનવમુડી રોકાણ કહેવાય.

**વસ્તી વિષયક મૂડીરોકાણ** : પ્રવર્તમાન માથાદિઠ આવક અને જીવન ધોરણને ટકાવી રાખવા માટે વધતી વસ્તીના ભરણ-પોષણ પાછળ આવશ્યક મૂડીરોકાણને વસ્તી વિષયક મૂડીરોકાણ કહેવાય.

**માનવ દિવસો** : વેતનયુક્ત રોજગારીમાં જોડાયેલ બધા જ શ્રમિકોના કુલ કામના દિવસોને માનવ દિવસો કહેવાય. દા.ત. મનરેગા યોજના હેઠળ બે શ્રમિકો પાંચ દિવસ કામ કરે તો 5 + 5 = 10 કુલ માનવ દિવસોની રોજગારી મળી કહેવાય.

**સ્વરોજગારી** : પોતાની માલિકીના વ્યવસાયમાંથી મળતી રોજગારી. દા.ત. પોતાની દુકાન, સ્વતંત્ર પ્રેક્ટિસ કરતા ડોક્ટર્સ અને વકીલો, પોતાની માલિકીનો ઉદ્યોગ, પોતાની ખેતી વગેરે સ્વરોજગારીના ઉદાહરણો છે.

**બિન કુશળ શ્રમિક / અકુશળ શ્રમિક :** કામ કરવાની ઈચ્છા અને તૈયારી ધરાવતા એવા શ્રમિકો કે જેમની પાસે વ્યવસાયિક તાલીમ, કે શિક્ષણનો અભાવ હોય. તથા ટેકનિકલ કામની આવડત કે કુનેહ ન હોય તેવો શ્રમ આ કુશળ શ્રમ કહેવાય. દા.ત. ધોબી, નોકર, વોચમેન વગેરે.

**પ્રચ્છન્ન બેકારી** : કોઈ કાર્યમાં જરૂર કરતા વધારે શ્રમિકો રોકાયેલા હોય તો તે વધારાનાં શ્રમિકો દેખિતી રીતે કામ કરતા જણાય પરંતુ વાસ્તવમાં તેમની તે કાર્ય માટે આવશ્યકતા નથી. આવા શ્રમિકોને ઉત્પાદન કાર્યમાંથી ખસેડી લેવામાં આવે તો પણ ઉત્પાદનમાં ઘટાડો થતો નથી. તેમની સીમાન્ત ઉત્પાદકતા શૂન્ય હોય છે, તેવા વધારાના શ્રમિકો વાસ્તવમાં બેરોજગાર જ કહેવાય. બેરોજગારીની આ સ્થિતિને પ્રચ્છન્ન બેકારી, છુપી બેકારી કે ગુપ્ત બેકારી પણ કહેવાય છે.

## 17.10 તમારી પ્રગતિ ચકાસોના જવાબો

**(17.4) તમારી પ્રગતિ ચકાસો**

(1) (b) કુલ શ્રમદળ પૈકી બેરોજગાર વસ્તીનુ ટકાવારી પ્રમાણ

(2) (a) વધુ

(3) (d) ત્રણેય સ્વરૂપની

(4) (d) સ્નાતક કે તેથી વધુ

(5) (d) ગુજરાત

**(17.5) તમારી પ્રગતિ ચકાસો**

(1) (b) 1.64

(2) (c) 15 થી 64

(3) ખરા ખોટા વિધાનો

(a) ખોટું (b) સાચુ (c) ખોટું (d) ખોટું

(4) (b) મૂડીપ્રધાન ઉત્પાદન પદ્ધતિનો અભાવ.

**(17.6) તમારી પ્રગતિ ચકાસો**

(1) જોડકા જોડો

(1) <–> (b)  (3) <–> (a)

(2) <–> (d)  (4) <–> (c)

**(2) ખરા-ખોટા વિધાનો**

(a) સાચું (b) ખોટું (c) ખોટું (d) ખોટું

**(17.7) તમારી પ્રગતિ ચકાસો**

(1) Training Rural Youth For Self Employment

(2) (b) શહેરી  (3) (c) નવમી

(4) (c) મહિલા  (5) (b) NRLM

(6) (c) રોજગારલક્ષી સેવા પૂરી પાડવાનો

## (17.11) સંદર્ભ પુસ્તકો

- दत्त, गौरव एवं महाजन, अश्विनी. (२०१६). भारतीय अर्थव्यवस्था, एस. चन्द एण्ड कम्पनी लिमिटेड, नई दिल्ली.
- Kapila, Uma (2016-17). Indian Economy : Performance and Policies, Academic Foundation, New Delhi.
- Puri, V.K. and Mishra, S.k.(2016), Indian Economy, Himalaya Publishing House, New Delhi.
- Agarwal, A.N. (2004). Indian Economy, Wishwa Prakashan, New Delhi.

BAOU
Education for All

## યુનિવર્સિટી ગીત

સ્વાધ્યાયઃ પરમં તપઃ
સ્વાધ્યાયઃ પરમં તપઃ
સ્વાધ્યાયઃ પરમં તપઃ

શિક્ષણ, સંસ્કૃતિ, સદ્‌ભાવ, દિવ્યબોધનું ધામ
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી નામ;
સૌને સૌની પાંખ મળે, ને સૌને સૌનું આભ,
દશે દિશામાં સ્મિત વહે હો દશે દિશે શુભ-લાભ.

અભણ રહી અજ્ઞાનના શાને, અંધકારને પીવો ?
કહે બુદ્ધ આંબેડકર કહે, તું થા તારો દીવો;
શારદીય અજવાળા પહોંચ્યાં ગુર્જર ગામે ગામ
ધ્રુવ તારકની જેમ ઝળહળે એકલવ્યની શાન.

સરસ્વતીના મયૂર તમારે ફળિયે આવી ગહેકે
અંધકારને હડસેલીને ઉજાસના ફૂલ મહેંકે;
બંધન નહીં કો સ્થાન સમયના જવું ન ઘરથી દૂર
ઘર આવી મા હરે શારદા દૈન્ય તિમિરના પૂર.

સંસ્કારોની સુગંધ મહેંકે, મન મંદિરને ધામે
સુખની ટપાલ પહોંચે સૌને પોતાને સરનામે;
સમાજ કેરે દરિયે હાંકી શિક્ષણ કેરું વહાણ,
આવો કરીયે આપણ સૌ
ભવ્ય રાષ્ટ્ર નિર્માણ...
દિવ્ય રાષ્ટ્ર નિર્માણ...
ભવ્ય રાષ્ટ્ર નિર્માણ

9 789389 456080

**Dr. Babasaheb Ambedkar Open University**
(Established by Government of Gujarat)
'Jyotirmay' Parisar,
Sarkhej-Gandhinagar Highway, Chharodi, Ahmedabad-382 481
**Website : www.baou.edu.in**